**આજનો સુવિચાર**

કિસ્મતથી મળેલી સફળતા માત્ર ચાર દિવસની હોય છે, સાચી સફળતા જીવનમાં સંઘર્ષ માંગે છે !!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૧૪૨ જૂનાગઢ તા.૨-૬-૨૦૨૩ શુક્રવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 142, Junagadh : Date : 2 Jun, 2023, Friday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay


# દેશનાં અર્થતંત્રની ગાડી સડસડાટ દોડી : અપેક્ષા કરતા પણ વધુ સાનુકુળ આંકડાઓ

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૨ માર્ચ ત્રિમાસિક અને નાણાકીય વર્ષ ૨૦૨૩ના આર્થિક વૃધ્ધિના આંકડાઓ આશા કરતા વધુ રહેવાના એક દિવસ પછી આજે જાહેર થયેલા અન્ય આંકડાઓએ નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ પણ જોરદાર રહેવાના સંકેત આપ્યા છે. મે માં જીએસટી, મેન્યુફેકચરીંગ માટેનો પરચેસીંગ મેનેજર્સ ઈન્ડેક્ષ (પીએમઆઈ), પેસેન્જર વાહનોનું વેચાણ અને યુપીઆઈ ટ્રાન્ઝેકશનોમાં જોરદાર વધારો જોવા મળ્યો છે.

એસ એન્ડ પી ગ્લોબલે જણાવ્યુ કે, કાચા માલની ખરીદી અને સંગ્રહમાં રેકોર્ડ વધારો તથા નવા ઓર્ડરો અને ઉત્પાદનમાં તેજીના કારણે મે માસમાં પીએમઆઈ ૫૮.૭પરપહોંચી ગયો. છેલ્લા ૩૧ મહિનામાં પીએમઆઈનું આ સૌથી ઉંચુ સ્તર છે. મેમાં જીએસટીસંગ્રહ પણ મે ૨૦૨૨ની સરખામણીમાં ૧૨ ટકા વધીને ૧.૫૭ લાખ કરોડ રૂપિયા થયો છે. આનાથી ખબર પડે છે કે વૈશ્વિક સ્તરે મુશ્કેલીઓ પછી પણ ભારતીય અર્થવ્યવસ્થામજબૂત બની છે.

સ્વદેશી વાહન ઉદ્યોગ પણ રેકોર્ડ બાબતે પાછળ નથી રહ્યો, મે માં તેણે અત્યાર સુધીનું સૌથી વધારે વેચાણ નોંધાવ્યું છે. સેમીકંડક્ટરનો સપ્લાય વધવા અને સ્પોર્ટસ યુટીલીટી વાહન (એસયુવી)ની જબરી માંગ રહેવાથી મુસાફર વાહનોનીવેચાણ એક વર્ષપહેલાની સરખામણીમાં ૧૩.૫ ટકા વધીને ૩,૩૪,૮૦૨ યુનીટ થઈ ગયું હતું.

આવી જ રીતે મે મહિનામાં યુપીઆઈ લેવડદેવડે પણ રેકોર્ડ બનાવ્યો છે. એ મહિનામાં ૧૪.૩ લાખ કરોડ રૂપિયાની લેવડદેવડ થઈ, જે એક વર્ષ પહેલાની સરખામણીમાં ૨ ટકા વધારે રહ્યું હતું. મે મહિનામાં કુલ ૯૪૧ કરોડ યુપીઆઈ ટ્રાન્ઝેકશનો થયા જે મે ૨૦૨૨ કરતા ૬ ટકા વધારે હતા.

બુધવારે જાહેર થયેલ આંકડાઓ અનુસાર માર્ચ ત્રિમાસિકમાં જીડીપી ૬.૧ ટકાવધ્યો હતો. નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં તેમાં ૭.૨ ટકાનો વધારો થયો હતો. આશાથી પણ વધારે જીડીપી અને અન્ય આંકડાઓ ઉત્સાહમાં આવીને વિશ્લેષકો ચાલુ નાણાકીય વર્ષ માટે આર્થિક વૃધ્ધિના અનુમાનો વધારવા લાગ્યા છે.

## રશિયા ભારતનું સૌથી મોટું ખનીજ તેલ સપ્લાયર બન્યું

નવી દિલ્હી તા. ૨

યુક્રેન કટોકટી બાદ એક સમયે મજબૂરીથી રશિયન ક્રુડતેલ ખરીદવાનો પ્રારંભ થયા બાદ આજે ૧૫ માસ પછી રશિયાએ અરેબીયા સહિતના ઓઈલ ઉત્પાદક રાષ્ટ્રો (ઓપેક)ને પાછળ રાખીને ભારતને સૌથી વધુ ક્રુડતેલ સપ્લાયર દેશ તરીકે સ્થાન મેળવી લીધુછે. મે માસમાં ભારતેરશિયા પાસેથી રોજનું સરેરાશ ૧.૯૬ મિલિયન બેરલ ક્રુડતેલ ખરીદ્યુ હતું.

## આગામી ૩ જુલાઈએ ઈસરો ઈતિહાસ રચશે : ચંદ્રયાન-૩ લોન્ચ કરશે

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૨

ભારત આગામી તા. ૩ જુલાઈએ નવોઈતિહાસ રચવાજઈ રહ્યું છે. ભારતની મદદ માટે રશિયા પણ આગળ આવ્યું છે અને તેણે તેના મૂન લેન્ડર મિશનને સ્થગિત કરવાનો નિર્ણય લીધો છે. જેથી ભારતના ચંદ્રયાન-૩ને ચંદ્ર પર ઉતરવામાં સફળતા મળી શકે.

જો ભારત ચંદ્રયાન-૩ને લોન્ચ કરવામાં સફળ થશે તો તે ચંદ્રયાનને સફળતાપૂર્વક લોન્ચ કરનાર વિશ્વનો ચોથો દેશ બની જશે. આ અગાઉ અમેરિકા, રશિયા અને ચીન તેમના ચંદ્રયાનને સફળતાપૂર્વક લોન્ચ કરી ચૂક્યા છે. ચંદ્રયાન મિશન ૨૨ જુલાઈ ૨૦૧૯ના રોજ લોન્ચ કરવામાં આવ્યું હતું. જો કે તે સમયે ચંદ્રયાન લોન્ચ કરનાર લેન્ડર વિક્રમ ક્રેશ થઈ ગયું હતું. આ સમયથી જ ભારત ચંદ્રયાન-૩ની તૈયારી કરી રહ્યું છે. ચંદ્રયાનના લોન્ચીંગ અંગે ઈસરોના ચીફ સોમનાથે કહ્યું કે અમે મિશન ચંદ્રયાન-૨માં ભલે નિષ્ફળ ગયા હોય પરંતુ ચંદ્રયાન-૩ની સફળતાથી ઈતિહાસ રચીશું. અમે ભૂતકાળની નિષ્ફળતામાંથી શીખીને આગળ વધ્યા છીએ. સોમનાથે કહ્યું કે નિષ્ફળતાનો અર્થ એ નથી કે આપણે આગળ વધવાનું બંધ કરી દઈએ. આ વખતે અમે ચોક્કસપણે ઈતિહાસ રચવાના છીએ. આ ભારતના લોકોને ગૌરવ અપાવવાનું એક મિશન છે. ચંદ્રયાન-૩ને શ્રી હરિકોટાના સતીશ ધવન સ્પેસ સેન્ટરથી લોન્ચ કરવામાં આવશે.

## રાહુલ ગાંધીએ મુસ્લીમ લીગને સેકયુલર પાર્ટી ગણાવી : ભાજપનો વળતો પ્રહાર

ન્યૂયોર્ક તા. ૨

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી હાલમાં અમેરિકાના પ્રવાસે છે. તેઓ મંગળવારે વોશીંગ્ટન પહોંચ્યા હતા. આ ક્રમમાં વોશિંગ્ટનમાં રાહુલ ગાંધીએ મુસ્લિમ લીગને સેક્યુલર ગણાવી હતી. આ અંગે ભાજપે તેમની આકરી ટીકા કરી છે.

વાસ્તવમાં, જયારે પ્રેસ કલબ ઓફ અમેરિકામાં રાહુલ ગાંધીને પૂછવામાં આવ્યું કે કેરળમાં તમારૂ ઈન્ડીયન યુનિયન મુસ્લીમ લીગ સાથે ગઠબંધન છે તો આના જવાબમાં ગાંધીજીએ કહ્યું કે મુસ્લીમ લીગ સંપૂર્ણપણે સેક્યુલર પાર્ટી છે. મુસલિમ લીગમાં બિનસાંપ્રદાયિક કંઈ નથી. ઈન્ડીયન યુનિયન મુસ્લીમ લીગ કેરળની પાર્ટી છે. તે કોંગ્રેસની આગેવાની હેઠળની યુડીએફની પરંપરાગત સાથી છે.

અમેરિકામાં આપેલા નિવેદનને લઈને ભારતમાં રાજકીય ખળભળાટ મચી ગયો છે. ભાજપ અને કોંગ્રેસ એકબીજા ઉપર પ્રહારો કરીરહ્યા છે. ભાજપે મુસ્લીમ લીગને સેક્યુલર પાર્ટી ગણાવતા રાહુલની ટીકા કરી છે. સાથે જ કોંગ્રેસે પણ ભાજપના નેતાને સલાહ આપી હતી. ભાજપના અમિત માલવિયાએ કહ્યું કે, જિન્નાહની મુસ્લીમ લીગ, ધાર્મિક આધાર પર ભારતના ભાગલા માટે જવાબદાર પાર્ટી, રાહુલ ગાંધી તેને 'સેક્યુલર' પાર્ટી કહે છે. માલવિયાએ વધુમાં કહ્યું કે રાહુલ ભલે ઓછું ભણેલો હોય, પરંતુ અહીં તે ઢોંગી અને ઢોંગી છે. વાયનાડમાં સ્વીકાર્યતા જાળવવા માટે, રાહુલ ગાંધીએ મુસ્લીમ લીગને બિનસાંપ્રદાયિક પક્ષ કહેવાની ફરજ પડી છે.

## આતંરીક સુરક્ષા માટે રાજદ્રોહનો કાયદો જરૂરી રદ નહી કરવા કાયદાપંચની ભલામણ

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૨

રાજદ્રોહના કાયદાને રદ કરવાની જરૂર નથી. આ ભલામણ ભારતના કાયદા પંચ દ્વારા રાજદ્રોહ કાયદાને લઈને કરવામાં આવી છે. કાયદા પંચે કેટલાક ફેરફારો સાથે રાજદ્રોહના કાયદાને જાળવી રાખવાની ભલામણ કરી છે. આ અંગેનો રિપોર્ટ કાયદા મંત્રાલયને મોકલવામાં આવ્યો છે.

ભારતના કાયદા પંચનું કહેવું છે કે ભારતીય દંડ સંહિતામાં રાજદ્રોહનો ગુનો (કલમ ૧૨૪A) કેટલાક ફેરફારો સાથે જાળવી રાખવો જોઈએ. પંચે વધુ સ્પષ્ટતા માટે કાયદામાં સુધારાની ભલામણ કરી છે.

કાયદા પંચે જણાવ્યું છે કે ભારતીય દંડ સંહિતા **(IPC)**માં કલમ ૧૨૪**A**ને જાળવી રાખવાની જરૂર છે. જોકે, કેદારનાથ સિંહ કેસમાં સુપ્રીમ કોર્ટના ચુકાદાના તથ્યોને સામેલ કરીને કેટલાક સુધારા કરી શકાય છે, જેથી જોગવાઈના ઉપયોગ અંગે વધુ સ્પષ્ટતા લાવી શકાય.

રિપોર્ટમાં વધુમાં કહેવામાં આવ્યું છે કે, **IPC** કલમ ૧૨૪**A**ને અમુક દેશોએ રદ કરી છે તેના આધારે રદ કરવું યોગ્ય નથી, કારણ કે આવું કરવું એ ભારતમાં જમીની વાસ્તવિકતા સામે આંખ આડા કાન કરવા જેવું હશે.

રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે તેને રદ કરવાથી દેશની અખંડિતતા અને સુરક્ષા પર અસર પડી શકે છે. રાજદ્રોહનો ગુનો એ યુગ (બ્રિટિશ યુગ) પર આધારિત વસાહતી વારસો છે જેમાં તે ઘડવામાં આવ્યો હતો. ભારતના સ્વાતંત્ર્ય સેનાનીઓ સામે તેના ઉપયોગના ઈતિહાસને જોતાં આ ખાસ કરીને સાચું છે.

## રેતીની બેગમાં પગ આવી જતાં અમેરીકાનાં રાષ્ટ્રપતિ જો બાઈડન પડી ગયા

વોશીંગ્ટન,તા. ૨

અમેરીકાનાં પ્રમુખ જો બાઈડન કોલોરાડોમાં યુએસ એર ફોર્સ એકેડમીમાં ગ્રેજયુએશન સમારોહમાં પ્રમાણપત્ર રજૂ કર્યા પછી રેતીની થેલી પર પડી ગયા હતા. તે પછી તે ઝડપથી ઉભા થયા અને પોતાની સીટ પર પાછા ગયા. જોકે તે સ્વસ્થ દેખાતા હતા. પડ્યા બાદનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. સીએનએન અનુસાર, વ્હાઈટ હાઉસે કહ્યું કે રાષ્ટ્રપતિ જો બાઈડેન પડી ગયા પછી ઠીક છે. પોડિયમ પરથી પાછા ફરી રહ્યા હતા ત્યારે તે ઠોકર ખાઈ ગયા હતા જયાં તેમણે એકેડેમીના સ્નાતકોને સંબોધિત કર્યા હતા. તેમણે સેંકડો કેડેટ્સને અભિનંદન પાઠવ્યા હતા અને પ્રમાણપત્રોનું વિતરણ કર્યું હતું.

## એરલાઈન્સ કંપનીઓ દ્વારા ઉઘાડી લુંટ દિલ્હી-મુંબઈનું ભાડુ દુબઈ કરતા પણ વધારે

નવી દિલ્હી,તા. ૨ :

તાજેતરમાં ગો ફર્સ્ટ એરલાઈનની સર્વિસ બંધ થવાના કારણે કેટલાક રૂટ પર એરફેરમાં જોરદાર ઉછાળો આવ્યો છે. એક હરીફ નીકળી જવાના કારણે બાકીની કંપનીઓ મોનોપોલીનો કેવો ગેરફાયદો ઉઠાવે છે તેનું આ ઉદાહરણ છે. હાલમાં દિલ્હીથી મુંબઈનું વિમાનનું ભાડું દિલ્હીથી દુબઈના એરફેર કરતા પણ વધી ગયું છે. ગો ફર્સ્ટ એરલાઈન બંધ થઈ ત્યારથી કેટલાક રૂટ પર પ્રવાસીઓ રીતસરના ચીરાઈ રહ્યા છે. કેટલાક રૂટ પર ૨૪ કલાક એડવાન્સમાં ટિકિટ બૂક કરવી અત્યંત મોંઘી પડે છે. ૩૧ મે, બુધવારના રોજ જે પ્રવાસીઓ દિલ્હીથી મુંબઈની ગુરુવારની ફલાઈટ બૂક કરવા માંગતા હતા તેમને વન-વે, નોટ-સ્ટોપ ફલાઈટ માટે ૧૯,૦૦૦ રૂપિયા ભાડાનો ઓપ્શન મળતો હતો. તેનાથી સસ્તામાં કોઈ ફલાઈટ ઉપલબ્ધ ન હતી. બીજી તરફ તે જ સમયે દિલ્હીથી દુબઈની ૧ જૂનની ફલાઈટનો દર ૧૪,૦૦૦ રૂપિયા ચાલતો હતો.

## આપણે સરદહ પરનાં દુશ્મનોને બદલે એકબીજા સાથે આંતરીક લડાઈ લડી રહયા છીએ : મોહન ભાગવત

### ભારતમાં ઈસ્લામ - મુસ્લીમો સુરક્ષીત છે પરંતુ તેમણે તેમના વિદેશી પ્રભાવને ભુલવો પડશે

નાગપુર તા. ૨

રાષ્ટ્રીય સ્વયંમ સેવક સંઘના સરસંઘ ચાલક (વડા) મોહન ભાગવતે દેશમાં ચાલી રહેલા આંતરિક વિખવાદ તથા મતભેદ સહિતના મુદાઓ પર નારાજગી વ્યક્ત કરતા કહ્યું કે, સરહદ પરના દુશ્મનોના બદલે આપણે આંતરિક રીતે એકબીજા સાથે લડી રહ્યા છીએ. આપણે દુશ્મનને આપણી તાકાત દેખાડવાની છે તેના બદલે એક બીજાને તાકાત દેખાડી રહ્યા છીએ.

નાગપુરમાં વાર્ષિક સંઘ શિક્ષા વર્ગની પુર્ણાહુતી સમયે દેશભરમાંથી આવેલા સ્વયંમસેવકોને સંબોધન કરતા મોહન ભાગવતે ઈસ્લામનો મુદો પણ ઉઠાવ્યો હતો અને વિપક્ષી નેતા રાહુલ ગાંધી દ્વારા વિદેશ જઈને જે રીતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને આરએસએસ- ભાજપની ટીકા કરે છે. તેનો પણ જવાબ આપ્યો હતો.

મોહન ભાગવતે ઈસ્લામનો ઉલ્લેખ કરતા કહ્યું કે, વિદેશી આક્રમણકારીઓની સાથે ઈસ્લામ ભારતમાં આવ્યો. પુરી દુનિયામાં ઈસ્લામનું આક્રમણ થયું. સ્પેનથી મોંગોલીયા સુધી તે છવાઈ ગયો પણ ધીમે ધીમે સ્થાનિક લોકોએ આ આક્રમણકારીઓને હરાવ્યા અને તેથી ઈસ્લામ તેના કાર્યક્ષેત્રમાં સિમીત થઈ ગયો હતો.

ભાગવતે કહ્યું કે, વિદેશીઓ તો ચાલ્યા ગયા પણ ઈસ્લામની પૂજા અહી સુરક્ષિત કરતા ગયા કેટલી સદીથી તે ચાલતી રહી છે. મોહન ભાગવતે કહ્યું કે, ઈસ્લામ ભારતમાં સુરક્ષિત તેની પૂજા પણ સુરક્ષિત પણ તમોએ વિદેશી મૂળ ભુલવું પડશે. આજે પણ ભારતમાં એ લોકો છે (ઈસ્લામ) જેઓ વિદેશી પ્રભાવ હેઠળ છે. તેઓ ભારતના છે તે સમજવું પડશે. જો તેમના વિચારોમાં કોઈ ક્ષતિ હોય તો તે સુધારાની જવાબદારી આપણી હશે.

## એરલાઈન્સ / નોઈડાની ઠગ ગેંગનો પર્દાફાશ : ૨૬૦૦ બોગસ કંપનીઓ દ્વારા રૂા. ૧૫ હજાર કરોડનું કૌભાંડ આચર્યુ

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી,તા. ૨

ભારતના ભાગેડુ ઉદ્યોગપતિ વિજય માલ્યા અને નીરવ મોદીને પાછળ છોડીને હવે દિલ્હીથી નોઈડામાં લગભગ ૧૫ હજાર કરોડનું કૌભાંડ સામે આવ્યું છે. નોઈડા પોલીસે એક ગેંગનો પર્દાફાશ કર્યો છે જેણે પાન કાર્ડ ડેટા અને ૧૫,૦૦૦ કરોડના બનાવટી દસ્તાવેજોના આધારે હજારો લોકો સાથે છેતરપિંડી કરી હતી. આ ટોળકીએ શેલ કંપનીઓ બનાવીને દેશભરમાં સરકારી તિજોરીને નુકસાન પહોંચાડ્યું હતું. નોઈડા પોલીસે આ કેસના માસ્ટર માઈન્ડ સહિત ૮ વ્યક્તિની ધરપકડ કરી છે. વિજય માલ્યા પર ૯ હજાર કરોડનો આરોપ છે, જયારે નીરવ મોદી પર રૂા.૧૪ હજાર કરોડનાં બેંક ફ્રોડનો આરોપ છે.

નોઈડાના પોલીસ કમિશનર લક્ષ્મી સિંહે ગુરુવારે જણાવ્યું કે આરોપીઓ દિલ્હી-ગાઝિયાબાદમાં ત્રણ જગ્યાએ ઓફિસ ખોલીને છેતરપિંડી કરી રહ્યા હતા. આરોપીઓને સેફગાર્ડ દસ્તાવેજોમાંથી તૈયાર કરાયેલી ૨૬૦૦થી વધુ કંપનીઓની યાદી પણ મળી છે. પોલીસે દીપક મુરજાની, વિનીતા, અશ્વની, યાસીન, આકાશ સૈની, રાજીવ, અતુલ અને વિશાલની દિલ્હીથી ધરપકડ કરી છે.

તપાસમાં આઠ હજાર લોકોના પાન ડિટેલની સાથે અન્ય મહત્વપૂર્ણ દસ્તાવેજો પણ મળી આવ્યા છે. આ ટોળકીએ પાંચ વર્ષમાં સરકારને લગભગ ૧૫ હજાર કરોડનું રેવન્યુ નુકસાન પહોંચાડ્યું છે. આ ટોળકી નકલી કંપની અને નકલી **GST** નંબરના આધારે **GST** રિફંડ વસૂલ કરતી હતી. માર્ચમાં મળેલી ફરિયાદ બાદ પોલીસની ત્રણ ટીમોએ તપાસ કરીને ગેંગનો પર્દાફાશ કર્યો હતો.

## કોસ્ટ ગાર્ડ - ડીઆરઆઈએ સંયુકત ઓપરેશન હાથ ધરી દાણચોરોએ સમુદ્રમાં ફેકેલું ૧૧ કિલો સોનુ શોધી કાઢયું

ચેન્નાઈ,તા. ૨ : ઈન્ડીયન કોસ્ટ ગાર્ડ અને ડિપાર્ટમેન્ટ ઓફ રેવન્યૂ ઈન્ટેલિજન્સ દ્વારા પાક સ્ટ્રેટ (ભારત અને શ્રીલંકા વચ્ચે આવેલી સમુદ્રી સીમા)માં ફેંકી દેવામાં આવેલા ગેરકાયદે સોનાને શોધવા માટે સંયુક્ત ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. શ્રીલંકાથી ગેરકાયદેસર રીતે ભારતમાં સોનું ઘૂસાડવામાં આવી રહ્યું હતું. ત્યારે દાણચોરોએ પેટ્રોલિંગ બોટને જોતાં જ સોનું દરિયામાં ફેંકી દીધું હતું. બે દિવસ સુધી સમુદ્રમાં શોધખોળ કર્યા પછી કોસ્ટગાર્ડના ડાઈવર્સે ૧૧.૬ કિલો સોનું ગુરુવારે મંડળ પાસેના સમુદ્રના તળિયેથી શોધી કાઢ્યું છે. મંગળવારે ડિપાર્ટમેન્ટ ઓફ રેવન્યૂ ઈન્ટેલિજન્સને બાતમી મળી હતી કે તામિલનાડુના મન્નારના અખાતથી સોનાની દાણચોરી કરવામાં આવી રહી છે. જે બાદ ડીઆરઆઈ અને કોસ્ટગાર્ડે સંયુક્ત ઓપરેશન હાથ ધર્યું હતું. ઈન્ટરનેશનલ મેરિટાઈમ બાઉન્ડ્રી લાઈન પાસે તેમણે માછીમારી કરી રહેલી બોટ પર નજર રાખવાનું શરૂ કર્યું હતું. એ વખતે તેમને રજિસ્ટ્રેશન વિનાની એક બોટ પર શંકા ગઈ હતી.

પેટ્રોલિંગ ટીમે જોયું કે, ભાગવાનો પ્રયાસ કરતાં પહેલા આ બોટમાંથી ત્રણ શખ્સોએ કેટલાક બંડલ દરિયામાં ફેંકી દીધા હતા. જોકે, પેટ્રોલિંગ ટીમે આ શખ્સોને ઝડપી દીધા અને તેમણે ફેંકેલા બંડલ શોધવા માટે ડાઈવર્સને સમુદ્રમાં ઉતાર્યા હતા. પકડાયેલા ત્રણ શખ્સોએ આપેલી માહિતીને આધારે ડીઆરઆઈએ દક્ષિણ મંડપમના વેથાલઈ ગામ નજીક અન્ય એક બોટમાંથી બે શખ્સોની ધરપકડ કરી હતી. આ બોટમાંથી ૨૧.૩ કિલો સોનું મળી આવ્યું હતું.

## પાકિસ્તાની જેલમાં કેદ ૨૦૦ ભારતીય માછીમારોને મુકત કરાયા

નવી દિલ્હી તા. ૨

પાકિસ્તાન જેલમાં બંધક ૨૦૦થી વધુ ભારતીય માછીમારોને મુક્ત કરાયા છે. બીજા તબક્કામાં ૨૦૦ માછીમારો આજે જેલમુક્ત થયા છે. તમામ ભારતીય માછીમારો આવતીકાલ શુક્રવારે વાઘા બોર્ડર પહોંચશે. ગુજરાતના ફિશરીઝ વિભાગ અને સુરક્ષા એજન્સીઓ પાકિસ્તાથી ભારત આવનારા માછીમારોનો કબજો મેળવશે. વાઘા બોર્ડર પર જરૂરી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ માછીમારો, તેમના માદરે વતન પહોંચશે.

## પતિનાં ત્રાસથી રાજકોટની મહિલાએ બે માસુમ સંતાનોને મોતને ઘાટ ઉતારી પોતે પણ આત્મહત્યા કરી લેતા ખળભળાટ

રાજકોટ તા. ૨

રાજકોટ શહેરમાં આજે એક એવી ચકચારી ઘટના સામે આવી છે, જેને સાંભળતાની સાથે સૌ કોઈ લોકો થોડી ક્ષણ માટે સ્તબ્ધ થઈ જાય... રાજકોટના ગોંડલ રોડ પર આવેલ આંબેડકરનગરમાં રહેતી એક મહિલાએ પ્રથમ તેમના બે માસુમ બાળકોની હત્યા કરી અને બાદમાં પોતે વીડિયો બનાવી ફેસબુક સ્ટેટ્સ પર અપલોડ કરી આત્મહત્યા કરી છે. જેમાં મહિલાએ પતિ સાગરના ત્રાસથી પગલું ભર્યું હોવાનો ઉલ્લેખ કરતા હાલ સમગ્ર મામલે માલવીયાનગર પોલીસે પતિ સાગરની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે. પ્રાપ્ત વિગત મુજબ રાજકોટ શહેરના આંબેડકરનગર વિસ્તારમાં રહેતી મહિલા મનીષા પરમારે ગતારાત્રિના પોતાના બે માસુમ બાળકો ભાર્ગવ (ઉં.વ.૩) અને ઈશિતા (ઉં.વ.૬ માસ)ની હત્યા નીપજાવ્યા બાદ પોતે પણ ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા ચકચાર મચી જવા પામી છે. મનીષાબેન સાગરભાઈ પરમાર (ઉં.વ.૨૭) પતિ સાગરના ત્રાસથી કંટાળી આ પગલું ભર્યું હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. જેમાં બાળકોની હત્યા નીપજાવ્યા બાદ પોતે એક વીડિયો બનાવી પતિ સામે આક્ષેપ કરી પોતે પણ આત્મહત્યા કરતા હોવાનો વીડિયો ફેસબુક સ્ટેટ્સ પર મુક્યો હતો. જો કે, આ સ્ટેટ્સ પાડોશીએ જોતા તેઓ, તુરંત ઘર પર દોડી ગયા હતા. જ્યાં દરવાજો તોડી જોતા મનીષાબેન લટકતી હાલતમાં જોવા મળ્યા હતા.

બનાવ અંગે માલવીયાનગર પોલીસને જાણ થતા માલવિયાનગર પોલીસ સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો. બન્ને બાળકો તેમજ મનીષાબેનના મૃતદેહને પોસમોર્ટમ અર્થે ખસેડી આગળની કાર્યવાહી હાથ ધરી છે. મનીષાબેને આત્મહત્યા કરતા પહેલા બનાવેલ વીડિયોમાં પતિ સાગરનો ત્રાસ હોવાનું કહેતા પોલીસે સાગરની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે.


**ફ્લેટ વેચવાનો છે**

જૂનાગઢમાં ઝાંઝરડા રોડ વિસ્તારમાં ગાયત્રી સ્કુલની બાજુમાં બીજા માળે, 2BHK ફ્લેટ કસમાં વ્યાજબી ભાવમાં ફ્લેટ વેચવાનો છે

:: સંપર્ક :: ૯૯૨૫૭ ૫૫૦૦૮

**મકાન વેચવાનું છે**

જૂનાગઢના ભરચક વિસ્તાર દાણાપીઠમાં વાદી ખડકીમાં ૧૧૦ વારનું, ત્રણ માળનું, ૯ રૂમ વાળુ, તમામ ફેસેલીટી વાળુ, તદ્દન વ્યાજબી ભાવમાં વેચવાનું છે.

મો. ૯૩૭૬૬ ૦૫૫૯૨, ૭૯૮૪૮ ૦૫૭૯૧

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત (કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**

બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર

એપોઈન્ટમેન્ટ : જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવારકરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : પ્લોટ નં. ૪૧૭, જી.આઈ.ડી.સી.-૨, જૂનાગઢ.
સમય : સવારે ૧૦થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
● પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ

**હરિ-કલા + યુરોસર્જીકલ હોસ્પિટલ**

**ડો. જયંત એચ. પંડયા**

જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન



ઉપલબ્ધ સેવાઓ :

- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪, મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ

મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

# કેએસપીસી દ્વારા નિર્ણય શકિત ઉપર યાદગાર સેમિનાર યોજાયો



## અપૂર્વ મુનિ સ્વામી, હસુભાઈ દવે અને પ્રવીણદાન ગઢવીની પ્રેરક ઉપસ્થિતિ

રાજકોટ તા. ૨

કચ્છ સૌરાષ્ટ્ર એચ.આર.ફોરમ રાજકોટ, યુ.પી.એલ. યુનીવર્સીટી, અંકલેશ્વર, કચ્છ સૌરાષ્ટ્ર પ્રોડ્કટીવીટી કાઉન્સિલ રાજકોટ **(KSPC)**, ભારતીય મઝદૂર સંઘના સંયુકત ઉપક્રમે ગત તા. ૨૧.૦૫.૨૦૨૩ને રવિવારના રોજ પ્રમુખ સ્વામી ઓડીટોરીયમ, રાજકોટ ખાતે એક ભવ્ય સેમિનાર ''નિર્ણય શક્તિ દ્વારા સફળ જીવન અને સુખની ચાવી'' વિષય પર યોજાયો હતો. જેમાં મુખ્યત્વે સમગ્ર સૌરાષ્ટ્ર સહિત ગુજરાતભરની પ્રખ્યાત કંપનીઓના એચ.આર. પ્રોફેશનલ્સ, સર્વિસ પ્રોવાઈડરો તેમજ વિદ્યાર્થીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં આશીર્વચન અને આધ્યાત્મિકવિચારોના આદાન-પ્રદાન માટે **BAPS**ના શ્રી પ્રખર અભ્યાસુ સંતશ્રી અપૂર્વમુની સ્વામીશ્રી, સ્વામી નારાયણ મંદિર, કાલાવડ રોડ, રાજકોટ ઉપરાંત મુખ્ય વક્તા તરીકે પ્રવિણદાન ગઢવી, યુનિટ હેડ,યુપીએલ લીમીટેડ, વિષય અનુરૂપ ટીપ્પણીઓ માટે શ્રી હસુભાઈ દવે, પ્રમુખશ્રી કચ્છ સૌરાષ્ટ્રપ્રોડ્કટીવીટી કાઉન્સિલ રાજકોટ **(KSPC)**, ડો. સ્નેહલ લોખંડવાલા, ડીનશ્રી, યુપીએલ યુનિવર્સીટી,અંકલેશ્વર દ્વારા ખાસ ઉપસ્થિત રહી સર્વેને માર્ગદર્શનઆપવામાં આવ્યુંહતું. મુખ્ય આયોજકો સર્વ શ્રીદિલીપભાઈ પંચમીયા, સેક્રેટરીશ્રી,કચ્છ સૌરાષ્ટ્ર પ્રોડ્કટીવીટી કાઉન્સિલ રાજકોટ **(KSPC)**, ડૉ.રાજુભાઈ દવે વિભાગીયવડા સમાજકાર્ય ભવન, રાજેન્દ્રભાઈ ગઢવી, ડીપાર્ટમેન્ટ હેડ-રાજકોટ નાગરિક બેંક, સહદેવસિંહ જાડેજા, પ્રમુખશ્રી,ભારતીય મઝદૂર સંઘ, ગુજરાત પ્રદેશ તથા ધર્મેશભાઈ પટેલ, રજીસ્ટ્રારશ્રી, યુપીએલ યુનિવર્સીટી,અંકલેશ્વર વગેરે તરફથી સર્વે ઉપસ્થિત લોકોનું ઉષ્મા ભર્યું સ્વાગત કરવામાં આવ્યુંહતું. કાર્યક્રમમાં નરેન્દ્રભાઈ દવે, વિજયભાઈ રાબડિયા, **RNSB**ના અગ્રણીઓ સર્વે કિશોરભાઈ મુંગલપરા, ધોળકિયા, ગીતાંજલી કોલેજના શૈલેષભાઈ જાની, ભારતીય મજદૂર સંઘના સહ પ્રભારીશ્રી, વાલજીભાઈ ચાવડા સહિત અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમમાં પ.પૂ.શ્રી અપૂર્વ મુનિ સ્વામીશ્રી દ્વારા વિધાર્થીઓ,વાલીઓ ઉપરાંત એચ.આર.પ્રોફેશનલ્સ સહિત તમામને વ્યકિતતવ વિકાસ ઘડતર, શૈક્ષણિક ક્ષેત્રે તેમજ સામાજિકપાસાઓને ધ્યાને લઈ યોગ્ય નિર્ણય શક્તિના પાવરથી સરળતાથી આગળ વધી શકાય તેમજ **HR**નું મહત્વ દરેક જગ્યાએઘરપરિવાર હોય કેમોટી કમ્પની કે કોઈ મોટા સામાજિક મેળાવડા હોય બધે જ મહ્ત્વનું છે.સાથે સાથે વિધાર્થીઓને શૈક્ષણિક ક્ષેત્રે કોર્સ નક્કી કરતી વખતે પોતાની રૂચિ અનુરૂપ પસંદગી કરવી જોઈએ, તેમજ વાલીઓમાટે પણ કોર્સપસંદગી કરવી એક વિકરાળ પ્રશ્ન હોય તેઓને પણ વિવિધ દાખલાઓ આપી કઈ રીતે બાળકને તેના વિકાસમાં મદદરૂપ થઈ શકાય ઉપરાંત જીંદગીની નિષ્ફળતાઓ દરમ્યાન નાસીપાસ થયા વગર સત્તત હકારાત્મકતાથી આગળ વધવું જોઈએ તે માટે ખાસ વિસ્તૃત છણાવટ કરવામાંઆવી હતી.

કાર્યક્રમમાં મુખ્ય વકતા તરીકે પ્રવિણદાન ગઢવી, યુનિટ હેડ, યુપીએલ લીમીટેડ તથા ડો. સ્નેહલ લોખંડવાલા, ડીનશ્રી, યુપીએલ યુનિવર્સીટી,અંકલેશ્વર દ્વારાવિધાર્થીઓનેયુનિવર્સિટીમાં ચાલતા વિવિધ કોર્સ વિષે માહિતગાર કરવા ઉપરાંત શ્રી પ્રવીણદાન ગઢવી દ્વારા સમાજમાં વિવિધ પાસાઓ પર યોગ્ય નિર્ણાયશક્તિ દ્વારા કેવી રીતે હેતુઓ પાર પાડીશકાય તેના વિષે વિસ્તૃત છણાવટ કરવામાં આવી હતી. તેઓ દ્વારા સમગ્ર સૌરાષ્ટ્રની જનતાને યુ.પી.એલ. યુનિવર્સિટીમાં ચાલતા વિવિધ અભ્યાસક્ર્મોમાં જોડાવવા અપીલ કરવામાં આવી હતી તથા જરૂરિયાતમંદ વિધ્યાર્થીઓને સ્કોલરશીપ આપવામાં આવે છે તે અંગે વિગતો આપવામાંઆવી હતી.

કાર્યક્રમમાં અગ્રણી હસુભાઈ દવે, પ્રમુખશ્રી કચ્છ સૌરાષ્ટ્ર પ્રોડ્કટીવીટી કાઉન્સિલ રાજકોટ **(KSPC)**, દ્વારા જી-૨૦ એ આંતરરાષ્ટ્રીય ઈકોનોમિક કો-ઓપરેશનનું અત્યંત મહત્વનુ ફોરમ છે. વર્ષ ૨૦૦૭ તથા ૨૦૦૯ની આર્થિક મંદીમાંથી સમગ્ર વિશ્વને બહાર લાવવાની કામ **G-20** સંગઠને કરેલ હતું. ત્યાર બાદ વસુદેવ કુટુંબકમનો દાખલો આપી ભારત જન,જલ, જમીન, જાનવર અને જંગલનો સામૂહિક વિકાસ થાય તે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા વિશેષ કામગીરી થઈ રહ્યાનો ઉલ્લેખ કર્યો હતો.તેમજ **G-20** અને **L-20** વિષે સૌને માહિતગાર કરવામાં આવ્યા હતા.

દિલીપભાઈ પંચમીયા, સેક્રેટરીશ્રી,કચ્છ સૌરાષ્ટ્ર પ્રોડ્કટીવીટી કાઉન્સિલ દ્વારા સૌનેઆવકારવામાં આવેલ હતા. ડૉ.સ્નેહલ લોખંડવાલા, ડીન, યુપીએલ યુનિવર્સીટી,અંકલેશ્વર દ્વારા પ્રેસેંટેશનના માધ્યમથી યુ.પી.એલ. યુનિવર્સિટીમાં ચાલતા વિવિધ અભ્યાસક્ર્મોની માહિતી સાથે યોગ્ય નિર્ણય શક્તિનો ઉપયોગ કરી વ્યક્તિત્વ ઘડતર કરી શકાય તે માટે માર્ગદર્શન આપવામાં આવેલ હતું. આભારવિધિ સહદેવસિંહ જાડેજા,પ્રમુખ,ભારતીય મઝદૂર સંઘ, ગુજરાત પ્રદેશ,દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમનું સફળ સંચાલન રાજેન્દ્રભાઈ ગઢવી, ડીપાર્ટમેન્ટ હેડ-રાજકોટ નાગરિક બેંક,દ્વારા કરવામાં આવ્યું હતું, કાર્યક્રમને સફળ બનાવવા સંયોજકો સર્વ દિલીપભાઈ પંચમીયા, રોહિતભાઈ હિંડોચા, ધર્મેશભાઈ પટેલ, ડો. રાજુભાઈ દવે, રાજેન્દ્રભાઈ ગઢવી, સહદેવસિંહ જાડેજા ધર્મેન્દ્રભાઈ રોહડિયા. પુલ્કેશિભાઈ જાની, રૂપાલી સિંઘ વગેરેએ ખાસ જહેમત ઉઠાવી હતી. આ તકે આ સામાજિક કાર્યને વેગવંતુ બનાવવામાં સહભાગી થયેલ પ્રિન્ટ મીડિયા, ઈલેકટ્રોનીક મીડિયા, સોશિયલ મીડિયા સહીત તમામનો કમિટી દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવેલ.સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ના સમાજ કાર્ય ભવનના વડા ડો. રાજુભાઈ દવે અને તેની સમગ્ર ટીમ દ્વારા શિક્ષણ જગતના અનેક લોકોનેઆ કાર્યક્રમમાં સહભાગી બને તે હેતુથી ખૂબજ સુંદર અને સફળઆયોજન કરવામાંઆવ્યું હતું.

# ગીર સોમનાથ પંથકમાં ૩.૪ ની તીવ્રતાનો ભૂકંપઃ લોકોમાં ગભરાટ





ગીર સોમનાથ તા. ૨

ગીર સોમનાથ પંથકમાંઆજે સવારે ૮ કલાકે ૩.૪ની તીવ્રતાનો ભૂકંપનો ઝાટકો આવતા લોકોમાં ગભરાટ ફેલાયો હતો. ઉનાથી ૯૬ કિલોમીટર ભૂકંપનું કેન્દ્રબિંદુ નોંધાયુંહતું.

# ભાવનગર શહેરમાં "એન્ફોર્સમેન્ટ ડિરેકટોરેટ" વિભાગના ધામા : અનેક તર્કો




ભાવનગર તા. ૨

ભાવનગર શહેરના વાઘાવાડી રોડ પર આવેલ ખાનગી બેંકમાંથી ત્રણ જેટલા કર્મચારીને ઈડીએ તપાસ માટે ઉઠાવ્યા હોવાનુંજાણવા મળેલ છે. વધુમાં આજે વહેલી સવારથી ઈડી ડિપાર્ટમેન્ટની તપાસની કામગીરી શરૂ થઈ હતી. આ સાથે જ શહેરના કાળિયાબીડ વિસ્તારમાં પણ ઈડી વિભાગની ટીમ તપાસ માટે પહોંચી હોવાનું કહેવાય રહ્યું છે.

# માંગરોળ : ફીટનેશ ન હોવાના કારણે ચક્ષુદાન સ્વીકારવામાં ન આવ્યું



(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૨

માંગરોળના એક પરિવારમાં ચક્ષુદાન માટેનો સંકલ્પ કરવામાં આવ્યો હતો. પરંતુ મેડિકલ ફીટનેશન ન હોવાના કારણે સંસ્થા દ્વારા સ્વીકારવામાંઆવ્યું નથી. આ અંગે મળતી વિગત અનુસાર ગઈકાલ તારીખ ૧-૬-૨૩ને બુધવાર જેઠ સુદ બારસના રોજ સ્વ.લક્ષ્મીદાસ(લખાભાઈ) નારણદાસ કોટેચા કે જેઓ બટુકભાઈ કોટેચા, અરવિંદભાઈ કોટેચા અને ચંદુભાઈ કોટેચા(શ્રીરામ મશીનરી સ્ટોર-માંગરોળ)ના ભાઈ થાય છે જેમનું દુઃખદ અવસાન થયેલ છે. આ દુઃખદ સમયે તેમના પરિવાર દ્વારા સ્વ.લક્ષ્મીદાસના ચક્ષુનું દાન કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. આ માટે વહેલી સવારે અમારા ગૃપમાં સેવારત અને વરિષ્ઠ પત્રકાર વિનુબાપુ મેસવાણીયા દ્વારા શિવમ ચક્ષુદાન આરેણાના સંચાલકને ચક્ષુદાન માટે જાણ કરવામાં આવી હતી. પરંતુ ચક્ષુદાન આપણે અમુક કંડીશનમાં નિયમાનુસાર નથી સ્વિકારી શકતાં. આમાં પણ આવું જ બન્યું છે અને સ્વર્ગસ્થ લક્ષ્મીદાસનું ચક્ષુદાન નથી સ્વિકારી શકતાં એ બદલ શિવમ્ ચક્ષુદાન -આરેણા દ્વારા ખેદ સાથે દિલગીરી વ્યક્ત કરે છે અને સદગત આત્માને ઈશ્વર ચરણોમાં સ્થાન મળે એવી પ્રાર્થના કરે છે. સાથે આ દુઃખદ સમયે તેમના પરિવારને દુઃખ સહન કરવાની શક્તિ પ્રભુ પ્રદાન કરે એવી પ્રાર્થના કરીએ છીએ. વધુમાં લોકોને અપીલ કરી છે કે, કોર્નિયાથી અંધ લોકો આપના ધ્યાનમાં હોય તો એમના ઓપરેશનપહેલાની તપાસ કરીને ઓપરેશન માટે ફીટ હોવી જોઈએ. મતલબ આ આંખના કોર્નિયાનું પ્રત્યારોપણ ત્યારે જ શક્ય બને છે કે એમના સ્નાયુ બિલકુલ સ્વસ્થ હોય, પડદો આંખનો ડેમેજ ન થયો હોય, આંખનુંપ્રેશર નોર્મલ હોવું જરૂરી છે સાથે સાથે બી.પી., ડાયાબિટીસ વગેરે પણ જોવાતું હોયછે. આમ જે લોકોને કોર્નિયા થી અંધવ્યક્તિ હોય એમને ભારત કોર્નિયા અંધત્વ મુક્ત અભિયાન અંતર્ગત નેત્ર પ્રત્યારોપણ શક્ય હોય છે. આવી વ્યક્તિની જાણ કરવા વિનંતી છે જેથી એમને આપણે દ્રષ્ટી ફરીથી અપાવી શકીએ છીએ તેમ એક યાદીમાં જણાવેલ છે.

# જૂનાગઢ શહેર વિસ્તારમાં ખુનની કોશીષના ગુનામાં નાસતા-ફરતા આરોપીને ઝડપી લેતી પોલીસ



(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨

જૂનાગઢમાં ખુનની કોશીષના ગુનામાં સંડોવાયેલા અને છેલ્લા બે માસથી ફરારી આરોપીને પોલીસે ઝડપી લઈ તેના વિરૂધ્ધ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર જૂનાગઢ રેન્જના પોલીસ મહાનિરીક્ષક મયંકસિંહ ચાવડાની સુચના તેમજ જીલ્લા પોલીસ વડા રવી તેજા વાસમ શેટ્ટીના માર્ગદર્શન હેઠળ નાસતા-ફરતા આરોપીને ઝડપી લેવા કાર્યવાહી કરવામાં આવી રહી છે. આ દરમ્યાન ક્રાઈમ બ્રાન્ચનો પોલીસ સ્ટાફ પેટ્રોલીંગમાં હતો તે દરમ્યાન મળેલી ચોક્કસ બાતમીના આધારે અને પીઆઈ જે.જે. પટેલના માર્ગદર્શન હેઠળ ક્રાઈમ બ્રાન્ચના પીએસઆઈ જે.જે. ગઢવી અને સ્ટાફે વોચ ગોઠવી અને ખુનની કોશીષના ગુનામાં ફરારી આરોપી સશી કિસનાભાઈ ઉર્ફે ટકો સોંદરવા (ઉ.વ.૩૨) રહે.કડીયાવાડ વાળાને તેના રહેણાંક મકાન નજીકથી ઝડપી લઈ તેને આગળની કાર્યવાહી માટે એ ડીવીઝન પોલીસ સ્ટેશનને સોંપી આપવામાં આવેલ છે.

# લોકોની સેવા માટે ગીર સોમનાથ જીલ્લા પોલીસ કાર્યરત

(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા. ૨

ગીર સોમનાથ જીલ્લા પોલીસ લોકોની સેવા અને સુરક્ષા માટે હંમેશા તત્પર અને તૈયાર છે. અને લોકોનાં જાનમાલનું રક્ષણ થાય તે હેતુથી જૂનાગઢ રેન્જ પોલીસ મહાનિરીક્ષક મયંકસિંહ ચાવડા, ગીર સોમનાથ જીલ્લા પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજાની સુચના અને માર્ગદર્શન હેઠળ જીલ્લામાં વેરાવળ તેમજ પ્રભાસ પાટણ સંયુકત નગરપાલિકા વિસ્તારમાં વિશ્વાસ પ્રોજેકટ હેઠળ સીસીટીવી કેમેરા લગાડવામાં આવેલ હોય જે લોકોની સેવા અને સુરક્ષા માટે ૨૪ કલાક અવિરત કાર્યરત છે. આપની આસપાસનાં વિસ્તારોમાં કોઈપણ અનિચ્છનીય ઘટના અંગે ચોરી (વાહન ચોરી, મોબાઈલ ચોરી, ઢોર ચોરી વિગેરે) કોઈ વ્યકિત-ચીજવસ્તુ ગુમ થયેલ હોય કે અન્ય કોઈપણ પ્રકારનાં બનાવનાં કિસ્સામાં તાત્કાલીક સીસીટીવી કંટ્રોલ રૂમ-નેત્રમ (પોલીસ અધિક્ષકની કચેરી, વેરાવળ-તાલાળા રોડ, ઈણાજ) ખાતે નેત્રમ કંટ્રોલરૂમ-૦૨૮૭૬ - ૨૨૩૨૨૪, નેત્રમ ઈન્ચાર્જ પીએસઆઈ બી.ડી. માવદીયા (મો.૯૮૯૮૭૨૩૪૭૮), નેત્રમ કર્મચારી મો. ૯૦૧૬૮ ૦૬૩૫૬, ૮૧૪૧૯ ૫૯૨૩૬ રૂબરૂ અથવા ટેલીફોનીક સંપર્ક કરવા જણાવેલ છે.

# હિંગોળગઢ ખાતે તળાવ ઊંડા કરવાના કાર્યનો પ્રારંભ કરાવતા મંત્રી કુંવરજીભાઈ બાવળિયા







(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૨

રાજ્યના જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ રાજકોટ જિલ્લાના વિંછીયા તાલુકાના હિંગોળગઢ ખાતે ઊંડા ઉતારવાના કામનો પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે મામલતદાર અંકિત પટેલ, સરપંચ મધુબેન ભરતભાઈ હતવાણી, અગ્રણીઓ તેમજ બહોળી સંખ્યામાં ગ્રામજનો અને આજુબાજુના વિસ્તારના જમીનો ધરાવતા ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા. મંત્રીએ ખેડૂતો તેમજ કામગીરી સાથે સંકળાયેલ સિંચાઈ વિભાગના કર્મચારી, ઓપરેટર વગેરે પાસેથી માહિતી મેળવી જરૂરી સુચનો કર્યા હતા.

મંત્રીએ આ સાથે વીંછિયા નજીક આવેલા નિર્મળ તળાવની પણ મુલાકાત લઈ તળાવને ઊંડા કરવાના કામનું નિરીક્ષણ કર્યું હતું તેમજ જરૂરી સૂચનો કર્યા હતા. નોંધનીય છે કે હિંગોળગઢ તળાવની હાલની ક્ષમતા ૦.૮ એમ.સી.એફ.ટી. છે, જે ઊંડું ઉતારવાની કામગીરી પૂર્ણ થતાં આ ક્ષમતા લગભગ બમણી થશે. વિંછીયા પાસે આવેલ નિર્મળ તળાવની હાલની ક્ષમતા ૦.૯ એમ.સી.એફ.ટી. છે, જે વધીને ૧.૬ એમ.સી.એફ.ટી. થશે. આ તળાવો ઉંડા થતાં હિંગોળગઢ ગામ તેમજ વીંછિયામાં પાણીનો સંગ્રહ થશે અને પાણીના તળ ઉંચા આવતા ખેડૂતોને તેમજ નાગરિકોને ફાયદો થશે.

# રાજકોટ જિલ્લાના ૧૩૫૭ કારીગરોએ મેળવ્યો આર્ટીઝન કાર્ડનો લાભ

(પ્રતિનિધિદ્વારા)

રાજકોટ તા.૨

રાજ્ય સરકાર દ્વારા કુટીર ઉદ્યોગના કારીગરોને અપાતા આર્ટીઝન કાર્ડનો લાભ રાજકોટ જિલ્લાના ૧૩૫૭ કારીગરોએ લીધો છે. જેમાં સૌથી વધુ ૧૭૨ જેટલા એમ્બ્રોઈડરીના કારીગરોનો સમાવેશ થાય છે. રાજ્ય સરકાર દ્વારા હસ્તકલા અને હાથશાળના વિવિધ ક્રાફટ જેમ કે, હાથ રંગાટ, વણાટ, મેટલવેર, જવેલરી, લાકડા અને ટેરાકોટાની કામગીરી, સીરામિક, શણ અને તેમાંથી બનતી અન્ય વસ્તુઓ, હાથ બનાવટના પરંપરાગત સંગીત સાધનો વગેરે જેવા ૬૨ ક્રાફટમાં કામગીરી કરતા કારીગરોને આ આર્ટીઝન ઓળખ કાર્ડ આપવામાં આવે છે. જે મેળવવા માટે કારીગરની ઉંમર ૧૮ વર્ષથી વધુ હોવી જરૂરી છે.

# પોરબંદરમાં ગઢવી યુવાનની નિર્મમ હત્યાના સંદર્ભે ખંભાળિયામાં ગઢવી સમાજ દ્વારા કલેકટરને આવેદનપત્ર અપાયું

## પોલીસની કામગીરી સામે શંકા : સીબીઆઈ, એટીએસને તપાસ સોંપવાની માંગ



(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨

પોરબંદરના ખીજડી પ્લોટ વિસ્તારમાં તાજેતરમાં રાત્રિના સમયે એક ગઢવી યુવાન કાયાભાઈ રામાભાઈ ગઢવીની જાહેરમાં ધમધમતા રોડ ઉપર તીક્ષણ હથિયાર વડે હત્યા કરવામાં આવી હતી. આ પ્રકરણમાં ત્રણ મુસ્લિમ શખ્સોની પોલીસે અટકાયત કરી હતી. આ બનાવના સંદર્ભે ખંભાળિયામાં દેવભૂમિ દ્વારકા જિલ્લાના ગઢવી સમાજના યુવાનો, આગેવાનો દ્વારા ગઈકાલે ગુરૂવારે જિલ્લા કલેકટર કચેરી ખાતે એક આવેદનપત્ર પાઠવી, આ સમગ્ર બનાવને શંકાસ્પદ ગણાવી, તેમના મોબાઈલને ચેક કરવા તેમજ આ પ્રકરણમાં સંદર્ભ સંભવિત રીતે લવ જેહાદ ના ગ્રુપની સંડોવણી તેમજ દેશ વિરોધી પ્રવૃત્તિ કરતા શખ્સોની સંડોવણી હોવાની આશંકા પણ વ્યક્ત કરવામાં આવી છે. થોડા સમય પૂર્વે પણ પોરબંદરના યુવાનની હત્યાની કોશિશમાં પ્રકરણમાં આ ગઢવી યુવાન સાક્ષી તરીકે હતો. તેથી તે મુસ્લિમ શખ્સોના નિશાના ઉપર હોવાનું આ પત્રમાં જણાવ્યું છે. હત્યાના સ્થળના સીસીટીવી ફૂટેજ તપાસવા તેમજ આ પ્રકરણમાં પોલીસની ભૂમિકા સામે શંકા વ્યકત કરી, હત્યા પ્રકરણની તપાસ સી.બી.આઈ. કે એ.ટી.એસ.ને સોંપવા આ પત્રમાં માંગ કરવામાં આવી છે.

# દ્વારકામાં ગુગળી બ્રાહ્મણ જ્ઞાતિ સમસ્ત દ્વારા સમર કેમ્પ યોજાયો

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨

દ્વારકામાં શ્રી ગુગળી બ્રાહ્મણ જ્ઞાતિ ૫૦૫ દ્વારા દર વર્ષે અલગ અલગ સામાજિક, ધાર્મિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક જેવી પ્રવૃતિઓ કરવામાં આવે છે. આ વર્ષે મે માસાંતમાં તા. ૨૨ થી ૩૦ સુધી જ્ઞાતિના પાંચથી પંદર વર્ષ સુધીના બાળકો માટે સમર કેમ્પનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

આ સમર કેમ્પમાં જ્ઞાતિના ૮૯ જેટલા બાળકોએ ભાગ લીધો હતો. કેમ્પમાં વેલકમ પાર્ટી, ગેમ્સ, સિંગિંગ, ડાન્સિંગ, પેઈન્ટિંગ આર્ટ એન્ડ ક્રાફ્ટ, ટ્રેડિશનલ ડ્રેસીસ સાથે રાસ ગરબા વગેરે પ્રવૃત્તિ કરાવવામાં આવી હતી. આ ઉપરાંત સંસ્કૃતિ, બ્રાહમણ સભ્યતા, સનાતન ધર્મ, ધર્મશાસ્ત્રો તેમજ દ્વારકાધીશ જગતમંદિરના રક્ષણાર્થે ગુગળી બ્રહમસમાજના યોગદાન તથા પંચવીરના ઈતિહાસ વિગેરે ધાર્મિક માહિતી ધાર્મિક સત્રમાં આપવામાં આવી હતી. આ ઉપરાંત દેશભકિત, દેશના અમર જવાનો, સ્વાતંત્રતા સેનાની તથા રાષ્ટ્રવાદનું જ્ઞાન દેશભકિત સત્રમા આપવામાં આવી હતી. આ સમર કેમ્પ માટેની જરૂરી વ્યવસ્થા જ્ઞાતિની વ્યવસ્થાપક સમિતિના શાંતિભાઈ પુરોહિતના નેજા હેઠળ કરવામાં આવી હતી. આ સાથે જ્ઞાતિની ઉમાબેન ઠાકર, રાધિકાબેન વાયડા, માનષીબેન હેમાંગીબેન પાઢ વિગેરે બહેનોનું યોગદાન રહ્યું હતું.

# ''વિશ્વ પર્યાવરણ દિવસ'' નિમિત્તે લોધીકામાં સાયકલ રેલી યોજાઈ ચકલીના માળા તથા પાણીના કુંડાનું વિતરણ

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૨

કલાઈમેન્ટ ચેન્જની કારણે પર્યાવરણ અને જીવનચક્ર પર થતી અસરો અંગે લોકોને જાગૃત કરવા તેમજ પર્યાવરણ ઉપર થતી આડઅસરો ઓછી કરવા 'વિશ્વ પર્યાવરણ દિવસ'નિમિત્તે સામાજીક વનીકરણ વિભાગ, રાજકોટ (દક્ષિણ) દ્વારા તા.૧ જૂનના રોજ લોધીકા તાલુકા પંચાયત કચેરી ખાતે મિશન લાઈફ કાર્યક્રમ અંતર્ગત સાયકલ રેલી યોજવામાં આવી હતી. તેમજ લોકોને પર્યાવરણના જતન પ્રત્યે જાગૃત કરી પર્યાવરણ બચાવવાના શપથ લેવડાવવામાં આવ્યા હતા. આ ઉપરાંત, કાર્યક્રમ દરમ્યાન ચકલીના માળા તથા પાણીના કુંડાનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. તેમજ પર્યાવરણની આડઅસરો સામે લડવા માટે પ્લાસ્ટીકનો ઉપયોગ ઓછો કરવો, પાણીની બચત કરવી, વૃક્ષો વાવવા જેવી પર્યાવરણ જાળવણી અંગેની જાણકારી આપવામાં આવી હતી. આ તકે લોધીકા સરપંચ સુધાબેન વસોયા, ઉપસરપંચ દિલીપભાઈ ડી. મારકણા, એચ. બી. મોકરીયા, સિંધવભાઈ, મોહનભાઈ દાફડા તેમજ મુકેશભાઈ કમાણી સહિત સંબંધિત અધિકારીઓ તથા પર્યાવરણપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કલેકટર અનિલકુમાર રાણાવસિયાની અધ્યક્ષતામાં બેંકોની જીલ્લા સલાહકાર સમિતિની બેઠક યોજાઈ

## નાગરિકો માટેની બેન્કિંગ સેવાઓ વીમા યોજના સહિતની કામગીરીની સમીક્ષા કરાઈ





જૂનાગઢ, તા.૨

કલેકટર અનિલકુમાર રાણાવસિયાની અધ્યક્ષતામાં જિલ્લાની જુદી -જુદી બેંકોના પ્રતિનિધિઓથી બનેલ જિલ્લા સલાહકાર સમિતિની બેઠકમળી હતી. જેમાં લોકોને કેન્દ્ર-રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી યોજના હેઠળ મળવાપાત્ર લોન સહાય ,બેન્કીંગ સેવાઓ સહિતની કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. આ બેઠકમાં કલેકટરે જુદી -જુદી યોજનાઓ હેઠલની પેન્ડિંગ અરજીઓની વિગત મેળવીહતી. સાથે જ સંબંધીતો સાથે જરૂરી સંકલન સાધી તેનો સકારાત્મક ઉકેલ લાવવા માટે જણાવ્યું હતું.

કલેકટર કચેરી ખાતે મળેલી આ બેઠકમાં નાગરિકોને વીમા કવચ હેઠળ આવરી લેવા માટેની પ્રધાનમંત્રી જીવનજ્યોતિ વીમા યોજના અને પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજનાની કામગીરીની પ્રગતિની પણ સમીક્ષા કરી હતી. જે અન્વયે જરૂરી અહેવાલ સુપ્રત કરવા માટે પણ સંબંધિત અધિકારીઓને સૂચના આપી હતી.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી મિરાંત પરીખ, ઈન્ચાર્જ અધિક નિવાસી કલેકટર પી. જી. પટેલ, લીડ બેંકના મેનેજર પ્રશાંત ગોહિલ, નાબાર્ડના ડીડીએમ કિરણકુમાર રાઉત, એફએમસી દિલીપ છુગાણી સહિત જિલ્લાભરની રાષ્ટ્રીયકૃત સહકારી અને ખાનગી બેંકના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગટર,ખાળ, કુવાની સફાઈ દરમ્યાન સફાઈ કામદાર કે મજૂરનું મૃત્યુ થાય તો રૂપિયા દસ લાખ ચૂકવવા કોર્ટનો આદેશ

જૂનાગઢ, તા.૨

જૂનાગઢ જિલ્લામાં શહેરી તથા ગ્રામ્ય વિસ્તારમાં આવતા તમામ ખાનગી સોસાયટી, રેસ્ટોરન્ટ, હોસ્પિટલ, પેઢીઓ, કારખાનેદારો, હોટેલ, સિનેમાઘરો, લગ્નવાડી, મોલ વગેરે જેવી સંસ્થાઓ કે વ્યકિતગત દ્વારા ગટર ખાળ કુવાની સાફસફાઈ દરમિયાન ગેસ વળતર થી જો કોઈ પણ સફાઈ કામદાર મજૂરનું મૃત્યુ થાય તો રૂા.૧૦ લાખનું વળતર ચૂકવવા માટે સુપ્રીમ કોર્ટે આદેશ ફરમાવ્યો છે. ભારત સરકાર દ્વારા ધી પ્રોહીબિશન ઓફ એમ્પ્લોયમેન્ટ એઝ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એન્ડ ધેર રિહેબિલિટેશન એક્ટ ૨૦૧૩ની કલમ ૭ અને ૯ ની જોગવાઈ મુજબ કોઈપણ વ્યક્તિ કે સંસ્થા દ્વારા સીધી રીતે કોઈ પણ વ્યકિતને કે સફાઈ કામદારને ગટર કે ખાળકુવાની સફાઈ કરવા જોખમી કામે રાખવા ઉપર પ્રતિબંધ મૂકવામાં આવેલ છે. ગટરની સફાઈની કામગીરી દરમ્યાન જરૂરી સક્રિય કક્ષાના યાંત્રિક સાધનોની મદદથી ગટર સફાઈ કામગીરી કરાવવાની થાય છે. તાજેતરમાં જ ગટર અને ખાટકોની સફાઈ અર્થ હાઈકોર્ટમાં રીટ પીટીશન દાખલ કરવામાં આવી હતી. હાલમાં ગુજરાત રાજ્યમાં ગટર સફાઈની કામગીરી દરમિયાન ગેસ વળતરથી સફાઈ કામદારો/ મજૂરોના મૃત્યુના બનાવો વધુ બની રહ્યા છે. આવા અપમૃત્યુ અટકાવવા સુપ્રીમ કોર્ટ દ્વારા તમામ સરકારી તેમજ પ્રાઈવેટ સેક્ટરો દ્વારા ગટર અને ખાળ કુવાની સફાઈ દરમિયાન સફાઈ કામદારો મજૂરોને તેમાં ઉતારવા મનાઈ કરવામાં આવી છે. ઉપરાંત આ પ્રકારની કામગીરીને લઈને જો કોઈ વ્યક્તિને ગટર કે ખાળ કુવામાં ઉતારવાની ફરજ પાડવામાં આવશે તો તે ગેરકાયદેસર કૃત્ય ગણવામાં આવશે. આ કામગીરી સુરક્ષિત રીતે કરવા માટે સરકાર દ્વારા જોગવાઈ કરવામાં આવી છે તે મુજબ સલામતી અને તકેદારીના ભાગરૂપે વિવિધ પ્રકારના સાધનો વિશે જણાવવામાં આવ્યું છે. છતાં પણ આ પ્રકારની કામગીરી દરમિયાન ગેસ વળતર થી સફાઈ કામદાર મજૂરનું મોત નીપજે તો સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ રૂા.૧૦ લાખનું ચૂકવણું કરવા આદેશ કરવામાં આવ્યો છે. એમ જિલ્લા મેનેજર ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ અને નાયબ નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણ જૂનાગઢની અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

### એજ્યુકેશન વર્લ્ડ ઈન્ડીયા હાયર એજ્યુકેશન રેન્કીંગ્સ ૨૦૨૩-૨૪ અંતર્ગત

# જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીએ ભારતમાં સાતમો તેમજ ગુજરાત રાજ્યમાં બીજો ક્રમાંક મેળવ્યો



જૂનાગઢ, તા.૨

તાજેતરમાં એજ્યુકેશન વર્લ્ડ દ્વારા દિલ્હી ખાતે ઈન્ડીયા હાયર એજ્યુકેશન રેન્કીંગ્સ ૨૦૨૩-૨૪ જાહેર કરેલ છે. આ રેન્કીંગમાં રાજયની સરકારી કૃષિ યુનિવર્સિટીઓ તેમજ કેન્દ્ર સરકારની કૃષિ યુનિવર્સિટીઓને રેન્કીંગ આપવામાં આવેલ છે. જેમાં ફેકલ્ટીની ક્ષમતા, ફેકલ્ટી વેલ્ફેર એન્ડ ડેવલપમેન્ટ રીસર્ચ એન્ડ ઈનોવેશન અભ્યાસક્રમ અને તેની વિવિધતા ઔદ્યોગિક ઈન્ટરફેસ પ્લેસમેટ ઈન્ફ્રા સ્ટ્રકચર આંતરરાષ્ટ્રીયવાદ લીડરશીપ/ગવર્નન્સ ક્વોલીટી અને અન્ય પેરામીટર્સને ધ્યાને લેવામાં આવેલ અને આ તમામ પેરામીટર્સને આધારે યુનિવર્સિટીઓના રેન્કીંગની ગણતરી કરવામાં આવી હતી. જે અંતર્ગત જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીએ ૧૩૦૦માંથી ૯૧૫ ના સ્કોર સાથે સમગ્ર રાજયમાં બીજો ક્રમ તથા સમગ્ર દેશમાં આવેલ કૃષિ યુનિવર્સિટીઓમાં સાતમો ક્રમ મેળવેલ છે. જેના માટે ડો. વી.પી. ચોવટિયા કુલપતિ તથા ડો. પી.એમ. ચૌહાણ કુલસચિવે જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના તમામ આચાર્ય/ડીનો યુનિવર્સિટી, અધિકારીઓ તેમજ શિક્ષકો અને કર્મચારીઓને ઉત્તકૃષ્ટ કામગીરી કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. અને યુનિવર્સિટીની ઉત્તરોતરપ્રગતી થકી વિદ્યાર્થીઓ ખેડુતો તથા અન્ય સ્ટેક હોલ્ડર્સને ઉપયોગી કાર્યો કરવા માટે સર્વે સ્ટાફને શુભેચ્છાઓ પાઠવી હતી.

## વિસાવદરના લાલપુર ગામેથી ૨૪ વર્ષિય યુવતી ગુમ

જૂનાગઢ, તા.૨

વિસાવદર તાલુકાના લાલપુર ગામના રામજી મંદિર વાળી શેરીમાં રહેતી ૨૪ વર્ષિય યુવતી તા.૨૯/૫/૨૦૨૩ને બપોરના અગિયારક વાગ્યા આસપાસ લાલપુર ગામેથી ગુમ થઈ છે. તેમની ઉંચાઈ ૫.૬ ફુટ, બાધો ભરાવદાર અને રંગ ગોરો છે. આ યુવતીની કોઈને ભાળ મળે તો નજીકના પોલીસ સ્ટેશનમાં જાણ કરવા વિસાવદર પોલીસે જણાવ્યું છે.

# જૂનાગઢના રમેશભાઈ ચૌહાણના પ્રશ્નનું રાજય સ્વાગત કાર્યક્રમમાં નિવારણ

## મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે રૂબરૂ પ્રશ્ન સાંભળ્યો અને ગણતરીના દિવસોમાં પીએમ સ્વનિધિ યોજના હેઠળની લોન મંજૂર



જૂનાગઢ, તા.૨

સ્વાગત' જનપ્રશ્નોના ઉકેલનું સશકત માધ્યમ બની ચૂક્યો છે, લોકોના જટિલ અને વહીવટીગૂંચ ધરાવતા પ્રશ્નોનું સ્વાગત કાર્યક્રમ થકી ઝડપભેર નિરાકરણ થઈ રહ્યું છે.જૂનાગઢના એક એવા જ સ્વાગત કાર્યક્રમના લાભાર્થી છે. રમેશભાઈ વાલજીભાઈ ચૌહાણ. જેમના એક પ્રશ્નોનું તાજેતરમાં અને આ પૂર્વે તત્કાલીનમુખ્યમંત્રી અને હાલના વડાપ્રધા નરેન્દ્રભાઈ મોદીના કાર્યકાળમાં સ્વાગત કાર્યક્રમ થકી તેમના પ્રશ્નોનું નિવારણ થયું હતું. રમેશભાઈ કહે છે કે પીએમ સ્વનિધિ યોજના હેઠળ લોન મંજૂરીનો પ્રશ્ન હતો. જે કોઈ કારણસર હાલ થઈ રહ્યો નહતો. જેથી આ પ્રશ્ન રાજય સ્વાગત કાર્યક્રમમાં મૂક્યો. જેમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે મારા પ્રશ્નોને રૂબરૂ સાંભળ્યો. સાથે જ પીએમ સ્વનિધિ યોજના હેઠળની લોન મંજૂર કરવા માટે જરૂરી નિર્દેશ આપવામાં આવ્યા. જે અન્વયે મારી લોન મંજૂર થઈ ગઈ છે. કલેકટર અનિલકુમાર રાણાવાસિયાએ પણ અરજદારના પ્રશ્ન સંદર્ભે ત્વરિત નિરાકરણ લાવવા માટે સંબંધીતોને જરૂરી નિર્દેશ આપ્યા હતા. રમેશભાઈની આ યોજનાકિયા લોનનો પ્રશ્ન તો હલ થઈ ગયો. આ સાથે તેઓ તત્કાલીનમુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીના કાર્યકાળ દરમ્યાન સ્વાગત કાર્યક્રમના માધ્યમથી જમીનના બાબતના પ્રશ્નોનું સુઃખદ નિરાકરણ થયું હતું. તેને પણ તેમણે યાદ કર્યું હતું. રમેશભાઈ જણાવે છે કે જમીનના બનાવટી દસ્તાવેજનો પ્રશ્ન હતો, જે તત્કાલીન મંત્રી અશોક ભટ્ટે આ પ્રશ્નો સાંભળ્યો હતો. તેનું પણ આ પ્રશ્નની જેમ સકારાત્મક નિરાકરણ કરવામાં આવ્યું હતું. સ્વાગત કાર્યક્રમ સંદર્ભે તેમને કહ્યું કે આ કાર્યક્રમ દ્વારા લોકપ્રશ્નોનું ઝડપભેર સમાધાન મળે છે. ખરેખર સ્વાગત કાર્યક્રમ ખૂબ લોકો ઉપયોગી છે તેમ જણાવતા તેમણે ગુજરાત સરકાર અને મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલનો આભાર વ્યક્ત કર્યો હતો. ઉલ્લેખનીય છે કે તાજેતરમાં સ્વાગત કાર્યક્રમના સફળતાપૂર્વક બે દાયકા પૂર્ણ થયા છે.

### જૂનાગઢ શહેરમાં વિશ્વાસ પ્રોજેક્ટ અંતર્ગત ઈન્સ્ટોલ કરેલ સીસીટીવી કેમેરાની મદદથી

# ઓટો રીક્ષામાં ભુલી ગયેલ કિંમતી સામાનનો થેલો પોલીસે શોધી આપ્યો





જૂનાગઢ, તા.૨

રાજકોટ ખાતે રહેતા તૃષાબેન નરેન્દ્રભાઈ કપાડા મેંદરડા જવા માટે જૂનાગઢ શહેરના ગાંધીચોક ઉતર્યા હતા. ગાંધીચોકથી જૂનાગઢ બસસ્ટેન્ડ ખાતે જવા માટે ઓટો રીક્ષામાં બેઠા હતા. ઓટો રીક્ષામાં તેમની સાથેનો એક થેલો કે, જેમાં નવા કપડા સહીતના સામાન તથા અન્ય વસ્તુ મળી કુલ ૫,૦૦૦ની કીંમતનો થેલો ઓટો રીક્ષામાં ભુલી ગયા હતા. જે થેલો ભવિષ્યમાં મળવો મુશ્કેલ હોય, આથી તેમનો પરીવાર વ્યથિત થઈ ગયો હતો. આ બાબતની જાણ નેત્રમ શાખા (કમાન્ડ એન્ડ કંટ્રોલસેન્ટર)ના પી.એસ.આઈ. પી.એચ.મશરૂને કરતા નેત્રમ શાખા પોલીસ સ્ટાફ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

જૂનાગઢ હેડ ક્વા. ડીવાયએસપી એ.એસ.પટણીના માર્ગદર્શન હેઠળ નેત્રમ શાખા (કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર)ના પી.એસ.આઈ પી.એચ.મશરૂ, પો.કોન્સ. હરસુખભાઈ સીસોદીયા, જીતુસીંહ જુંજીયા, જાનવીબેન પટોડીયા એન્જીનીયર મસઉદ અલીખાન પઠાણ સહીતની ટીમ દ્વારા જહેમત ઉઠાવી તૃષાબેન નરેન્દ્રભાઈ કપાડા ગાંધીચોકથી બસ સ્ટેન્ડ જે ઓટો રીક્ષામાં નીકળેલ તે સમગ્ર રૂટના વિશ્વાસ પ્રોજેક્ટ અંતર્ગત ઈન્સ્ટોલ કરવામાં આવેલ સીસી ટીવી ફૂટેજ ચેક કરતા સોલંકી ખોડાભાઈ જે ઓટો રીક્ષામાં બેઠેલ તે ઓટો રીક્ષાના નંજીજે ૧૧ યુયુ ૯૪૨૨ શોધી કાઢવામાં આવી હતી.

જૂનાગઢ નેત્રમ શાખાના પોલીસ સ્ટાફ દ્વારા રીક્ષા ચાલકને શોધી તૃષાબેન નરેન્દ્રભાઈ કપાડાને તેમના રૂા. ૫,૦૦૦ની કીંમતના સામાનનો થેલો નેત્રમ શાખાના પોલીસ સ્ટાફ દ્વારા શોધી આપ્યો. નેત્રમ શાખાના પોલીસ સ્ટાફ દ્વારા પોતાના કીંમતી સામાનનો થેલો સહી સલામત પરત અપાવવા માટે કરેલ તાત્કાલિક સવેંદનપૂર્ણ કાર્યવાહીથી પ્રભાવિત થઈને તૃષાબેન નરેન્દ્રભાઈ કપાડા દ્વારા નેત્રમ શાખાના પોલીસ સ્ટાફનો આભાર પણ વ્યક્ત કર્યો હતો.

# જૂનાગઢ જગન્નાથજી રથયાત્રા મહોત્સવ સમિતિના હોદેદારોની નિમણૂંક

જૂનાગઢ, તા.૨

આગામી અષાઢી બીજના દિવસે ભગવાન જગન્નાથજીની રથયાત્રા નીકળનાર હોય ત્યારે રથયાત્રાનું સુચારૂ આયોજન થાય તે માટે રથયાત્રા મહોત્સવ સમિતિ દ્વારા હોદ્દેદારોને નિમણૂંક કરવામાં આવી છે જેમાં પ્રમુખ તરીકે મોટા પીરબાવા મહંત તનસુખગીરીજી ગુરૂ દતગીરીજી, ઉપપ્રમુખ તરીકે જનકભાઈ પુરોહિત, નલાભાઈ કોટેચા, શૈલેષભાઈ પારેખ, વિજયભાઈ ચુડાસમા મંત્રી તરીકે, મનસુખભાઈ વાજા સહમંત્રી તરીકે, નવનીતભાઈ શાહ, વિજયભાઈ કિકાણી, બીપીનભાઈ ભટ્ટી, ખજાનચી તરીકે રાજેશભાઈ ચુડાસમા અને સહ ખજાનચી તરીકે વિરેનભાઈ શાહ અને પ્રફુલભાઈ પોપટની નિમણુંક કરવામાં આવી છે. રથયાત્રાના આયોજનને લઈ જગન્નાથજી રથયાત્રા મહોત્સવ સમિતિ દ્વારા તડામાર તૈયારીઓ હાથ ધરવામાં આવી રહી છે.

# અભિવ્યક્તિ તેની પાંચમી આવૃત્તિ માટે અસંખ્ય અકથિત વાર્તાઓનું અનાવરણ કરવા માટે તૈયાર છે

## આ વર્ષે "એવરી સ્ટોરી મેટર્સ" ની થીમ ઉપર સર્જકોને તેમની મૌલીક કલા રજૂ કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે. સંગીત અને વિઝ્યુઅલ આર્ટસની અરજીઓ ૭મી જૂન સુધી સ્વીકાર્ય છે

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૨

અભિવ્યકિત, ૫ સિટી આર્ટસ પ્રોજેકટ - અમદાવાદ, તેના પાંચમાં એડિશનની જાહેરાત કરતા ગર્વની લાગણી અનુભવે છે. પ્રોજેકટમાં આ વર્ષે ''એવરી સ્ટોરી મેટર્સ'' ની થીમ ઉપર સર્જકોને તેમની મોલીક કલાને રજૂ કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે. જો તમારો પાસે પણ કોઈ મૌલીક કલા છે અને તેને રજૂ કરવા માટે યોગ્ય પ્લેટફોર્મની તલાશમા છો. તો તમને એ પ્લેટફોર્મ અને પુરૂ પાડીશું. સંગીત અને વિઝયુઅલ આર્ટસની અરજીઓ ૭મી જૂન સુધી સ્વીકાર્ય છે, તો અમારી સાથે જોડાવા માટે ૭ જૂન પહેલા તમારી અરજી સબમિટ કરો, અમે અભિવ્યક્તિ પ્રોજેકટના માધ્યમથી વિવિધતા, સર્જનાત્મકતા અને કલાત્મક્તાને રજુ કરવા માટે એક આદર્શ પ્લેટફોર્મ પુરૂ પાડીને સમાજને એક તાંતણે બાંધવાનો ભગીરથ પ્રયત્ન કરી રહ્યા છીએ. આ પહેલાના ચાર એડિશનમાં કલાકરો અને કલા રસિકોની મોટી ભાગીદારી અને સમર્થને આ પ્લેટફોર્મની ઉપીયોગીતા સાબિત કરી દીધી છે. ૨૫૦થી વધુ કલાકારો અને અંદાજિત ૧,૦૦,૦૦૦ લોકોની સક્રિય ભાગીદારી સાથે આપણું પ્લેટફોર્મ એક વટ વૃક્ષ બની રહ્યું છે.

અભિવ્યકિત પ્રોજેકટ ઝીણવટતા પૂર્વક પસંદ કરેલ મૌલિક અને આગવા વિચારો ધરાવતી કલાને રજુ કરવા માટેની પ્રતિબદ્ધતા ધરાવે છે. જેના માટે અમે મોલિક સર્જકોને તેમની કૃતિઓ વિચારણા માટે સબમિટ કરવા સહર્ષ આમંત્રિત કરીએ છીએ. ક્યુરેટર્સની એક નિષ્ણાંત ટીમ પ્રત્યેક વર્ટિકલ ડાન્સ, સંગીત, થિયેટર અને વિઝ્યુઅલ આર્ટ્સની બારીકાઈથી નિરીક્ષણ કરીને તમારી સાથે સંવાદ કરશે દરેક ક્યુરેટર પોતાના વિશાળ કલાત્મક અનુભવ અને આવડતના આધારે વિવિધ મૌલિક કલાના આંકલન માટે ઉત્સાહિત છે. અમારી ક્યુરેટર્સની ટીમમાં નિષ્ણાંત સર્જકોનો સમાવેશ થાય છે, જેમાં ચિરાગમોદી થિયેટરના ક્યુરેટર છે. જેઓ દિગ્દર્શક, લેખક અને વોઈસઓવર આર્ટીસ તરીકે ૧૭ વર્ષનો વિશાળ અનુભવ ધરાવે છે. તેમણે અનેક પ્રતિભા સંપન્ન ઉભરતા કલાકારોને માર્ગદર્શન આપીને તેમની કલાત્મક્તાને નિખારવામાં મદદ કરી છે.

# સુત્રાપાડા તાલુકાના લોઢવા ગામે રહેણાંક વિસ્તારમાં ચાર સિંહોના ધામા



(ભોળા જાદવ દ્વારા)

લોઢવા, તા.૨

લોઢવા ગામે સિંહ પરિવાર પશુઓના મારણ કર્યા હતા. સિંહ પરિવાર જંગલ છોડી ગામડાઓના વાડી વિસ્તાર સુધી શિકારની શોધમાં ઘૂસી આવ્યા હતા અને ચાર પશુઓનું મરણ કર્યું હતું. જયારે એક પશુને ઈજા પહોંચાડી હતી. ગામડાઓના વાડી વિસ્તારમાં સિંહ પરિવાર ઘૂસી આવતા ખેડૂત પરિવારમાં ફફડાટનો માહોલ સર્જાયો હતો. એક જ રાતની અંદર ચાર પશુનું મરણ કર્યું હતું અને એકને ઈજા પહોંચાડી હતી. આ અંગેની જાણ સુત્રાપાડા રાઉન્ડ ફોરેસ્ટને કરતા તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી આગળની કાર્યવાહી હાથ ધરી હતી તો વન વિભાગ એ પણ આ ઘટનાને ગંભીરતાથી જાણી સાવધાની વધારી હતી મહત્વનું છે કે, સુત્રાપાડા તાલુકો અને તેમાં પણ મુખ્યત્વે નજીક આવેલ સાસણ જંગલ વિસ્તારના નજીકના ગામડાઓમાં શિકારની શોધમાં સિંહો અને દિપડાઓ ઘૂસી આવે છે. વન વિભાગ દ્વારા તકેદારીના પગલા લેવા સ્થાનિક લોકોની માંગ છે.

# જૂનાગઢ દલિત સમાજનું ગૌવર



જૂનાગઢ, તા.૨

જૂનાગઢ દલિત સમાજના અગ્રણી પભુદાસભાઈની પુત્રી કુ.દાફડા ભૂમિકાએ ધો-૧૦માં૯૯.૯૧ પર્સન્ટાઈલ રેન્ક મેળવી દલિત સામાજનું ગૌરવ વધારેલ છે. કુ.દાફડા ભૂમિકાએ ૬૦૦માંથી ૫૬૭ માર્ક મેળવી દલિત સમાજનું ગૌરવ વધારેલ છે.

# કોડીનાર ઘાંચી મુસ્લીમ સમાજનું ગૌરવ



(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર, તા.૨

કોડીનાર મુસ્લીમ સમાજના ગૌરવ એવા કોડીનારમાં રહેતા ઘાંચી મુસ્લીમઅગ્રણી વલીભાઈજેઠવાની દીકરી મુસ્કાનબેનએ ધો-૧૨ની બોર્ડની પરીક્ષામાં ૯૭.૦૭ પીઆર સાથે સફળતા પ્રાપ્ત કરી છે તેની આ સફળતા બદલ પરિવારજનો, શુભેચ્છકો, સ્નેહીજનો, આગેવાનો દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી છે તેની આ સિધ્ધી બદલ સમસ્ત પરિવાર મુસ્લિમ સમાજ સહિત કોડીનારનું ગૌરવ વધાર્યુ છે. અભ્યાસમાં સાપ્ન પરિશ્રમ - ખુબ જ મહેનત કરીને બોર્ડની પરીક્ષામાં જેઠવા મુસ્કાનબેન વલીભાઈએ ઝળહળતી સફળતા પ્રાપ્ત કરી છે. મુસ્કાનબેન હજુ વધુ આગળઅભ્યાસ કરીને વિદ્યાર્થીનીઓ માટે મિશાલરૂપ બની રહેશે તેવી શુભકામના વ્યકત કરવામાં આવી હતી.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# હડપ્પા સંસ્કૃતિમાં વિજ્ઞાનની પરંપરા

હરિયાણાના હિસ્સાર જિલ્લામાં આવેલ હડપ્પા કાળના પુરાતાત્વિક સ્થળ રાખીગઢીમાં ઉત્ખનનનું કાર્ય સતત ચાલુ છે. અત્યાર સુધી થયેલ ઉત્ખનનથી એ સ્પષ્ટ થઈ ગયું છે કે હડપ્પા સભ્યતા (સિંધુ ઘાટી સભ્યતા)ના વિભિન્ન પુરાતત્વસ્થળોની જેમ રાખીગઢીના લોકોએ પણ વિજ્ઞાન અને ટેક્નોલોજી મામલે કમાલની પ્રગતિ કરી હતી. અહીં મળેલા અવશેષોમાં હડપ્પા કાળની નગર નિયોજન અને નવપ્રવર્તનકારી જીવનશૈલીની સુનિયોજિત રૂપરેખા તો સામે આવી જ છે, તે ઉપરાંત એ જમાનાની વ્યાપારિક અને ઔદ્યોગિક ગતિવિધિઓનાં પણ પ્રમાણ મળ્યાં છે.

પુરાતત્ત્વવિદોના પ્રયાસોથી જ આપણે 'હડપ્પા સંસ્કૃતિ' જેવા ઈતિહાસના એ ભૂલાયેલાં પાનાંને જાણી અને સમજી શક્યા છીએ, જેનો પ્રાચીન સાહિત્યમાં કોઈપણ ઉલ્લેખ નથી મળતો. પહેલી વાર ૧૯૨૪માં તેની શોધની જાહેરાતની સાથે તેને વિશ્વની અન્ય બે પ્રાચીન સભ્યતાઓ-મિસર અને મેસોપોટેમિયા સાથે એક નવું પરંતુ વિશિષ્ટ સ્થાન મળ્યું. આ સભ્યતા એટલી વિકસિત અને સુનિયોજિત હતી કે એ સમયના લોકો પર્યાપ્ત સુખ-શાંતિ સાથે પોતાનું જીવન નિર્વાહ કરતા હશે. નગર નિયોજન સુનિયોજિત અને વાસ્તુકલાની દૃષ્ટિએ ઉત્કૃષ્ટ હતું અને ખેતી, પશુપાલન વાણિજ્ય અને વ્યવસાયના મામલે પણ ઘણી પ્રગતિ કરી હતી. નગર નિયોજન પ્રણાલી ઘણી યોજનાબદ્ધ હતી. ઈતિહાસકારોનું અનુમાન છે કે હડપ્પાના લોકોએ પોતાના ગણિતના જ્ઞાનને લીધે નિર્માણની કલામાં નિપુણતા હાંસલ કરી હશે. ભૂમિતીની ગણનાઓથી બિલકુલ યોગ્ય પ્રકારની ઈંટો બનાવવી તથા તેને વિભિન્ન આકારમાં અને જાત-જાતની બનાવટોમાં એક સાથે જોડવી, સડકો અને મકાનોમાં એક સીધ જાળવી રાખવી અને યોગ્ય જગ્યાએ યોગ્ય વળાંક આપવો તેના ગણિતીય અને ટેકનિકલ કૌશલથી જ સંભવ થયું હશે.

ઉત્ખનનમાં ત્રાજવાં માટેના બાટ, રેતી ઘડિયાળ અને ઓળંબો પણ મળ્યા છે.હડપ્પાવાસીઓ સોનું, ચાંદી, તાંબું, સીસું, રાંગ વગેરે ધાતુઓથી પરિચિત હતા અને પોતાના જીવનમાં તેનાથી બનેલી ચીજોનો ઉપયોગ કરતા હતા. તેઓ વિભિન્ન જડીબૂટીઓ અને ઔષધીઓનો પ્રયોગ કરતા હતા. અવશેષોમાં હિરણ, ચીત્તલ, સાબર, કાશ્મીરી બારશિંગું વગેરેનાં શીંગડાં મળ્યાં છે. તે લોકો સંભવતઃ આ શીંગડાંનું ચૂર્ણ બનાવીને બીમારીઓનો ઈલાજ કરતા હતા. તેઓ રાત્રે નૌકાયન કરતી વખતે માત્ર તારામંડળની ઓળખથી જ દિશા નિર્ધારિત નહોતા કરતા, પરંતુ દિશા નિર્ધારણ માટે તેઓ હોકાયંત્ર જેવા સાધનનો પણ ઉપયોગ કરતા હતા.

સ્પષ્ટ છે કે હડપ્પા સંસ્કૃતિએ પોતાની વિશિષ્ટતાનો પરિચય વિજ્ઞાન સહિત અનેક ક્ષેત્રોમાં આપ્યો હતો. વાસ્તવમાં હડપ્પા સંસ્કૃતિ વિજ્ઞાનના એ ઉત્કર્ષ પર પહોંચી ચૂકી હતી, જેની આપણે કોઈ આદમ સભ્યતા વિશે કલ્પના પણ ન કરી શકીએ.

# બેંકોનુ ખાનગીકરણ કરાશે જ : નિર્મલા સીતારમણ



(જી.એન.એસ) દિલ્હી,તા.૨

સરકારી બેંકોના ખાનગીકરણ અંગે સરકારે સ્પષ્ટતા કરી છે કે બેંકોનું ખાનગીકરણ સમય પ્રમાણે થશે. સરકાર તેના સમયપત્રકમાંથી પાછળ નહીં હટે. નાણામંત્રી નિર્મલા સીતારમણે સ્પષ્ટ કર્યું છે કે સરકાર તેની ખાનગીકરણ યોજના પર અડગ છે. તે સમયસર પૂર્ણ થશે. બેંકોના ખાનગીકરણના મુદ્દે વિપક્ષ સતત સરકાર પર પ્રહારો કરી રહ્યું છે. વિપક્ષનું કહેવું છે કે સરકાર ધીરે ધીરે દરેક વસ્તુનું ખાનગીકરણ કરવા મક્કમ છે. હકીકતમાં, સરકાર કહે છે કે બેંકોનું ખાનગીકરણ તેના પોતાના સમય અનુસાર થશે. સમયમર્યાદામાં વિલંબને કોઈ અવકાશ નથી. નાણામંત્રી નિર્મલા સીતારમણે મુંબઈમાં એક કાર્યક્રમ દરમિયાન આ વાત કહી. નાણામંત્રીએ મોદી સરકારના ૯ વર્ષ પૂર્ણ થવા પર મુંબઈમાં એક કાર્યક્રમમાં હાજરી આપી હતી. જ્યાં તેમણે બેંકના ખાનગીકરણના પ્રશ્નનો જવાબ આપ્યો હતો. મોદી સરકારની ઉપલબ્ધિઓ ગણાવતા નાણાં મંત્રીએ કહ્યુ કે અમે કોવિડ જેવી મહામારીને હરાવી છે. જોકે તેને ૩ વર્ષ લાગ્યાં. નિર્મલા સીતારમણે કહ્યું કે કોવિડ અને અન્ય સંકટને કારણે સરકારે તેની કામગીરીમાં ત્રણ વર્ષ ગુમાવ્યા. આ દૃષ્ટિકોણથી કામ કરવાની તક માત્ર ૬ વર્ષથી જ મળી રહી છે.સરકાર મોંઘવારીના મોરચે સતત નજર રાખી રહી છે. નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું કે કેન્દ્ર સરકાર મોંઘવારી ઘટાડવા પર નજર રાખી રહી છે. દેશમાં છૂટક ફુગાવો હવે ઘટીને ૪.૮ ટકા પર આવી ગયો છે. સરકાર પણ ટેક્સ લગાવીને સ્થાનિક બજારો પર નજર રાખી રહી છે. આ સાથે સંગ્રહખોરી રોકવાના પણ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. જેથી મોંઘવારી નિયંત્રણમાં રાખી શકાય. સરકાર મોંઘવારી રોકવા માટે તમામ પ્રયાસો કરી રહી છે, જે સમયસર થવી જોઈએ.૨૦૦૦ની નોટ પર નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું છે કે આ કામ રિઝર્વ બેંકનું છે સરકારનું નથી. નિર્મલા સીતારમણે પૂર્વ નાણામંત્રી પી ચિદમ્બરમના ૨૦૦૦ રૂપિયાની નોટ અંગેના નિવેદનની ટીકા કરી હતી. તેમણે કહ્યું કે પૂર્વ નાણામંત્રી સારી રીતે જાણે છે કે આવા નિર્ણયો આરબીઆઈ દ્વારા લેવામાં આવે છે અને તેમાં સરકારનો કોઈ હાથ નથી. પરંતુ વિપક્ષ તેનો ગેરલાભ ઉઠાવીને લોકોમાં ભ્રમણા ફેલાવવાનું કામ કરી રહ્યો છે.

# પક્ષીઓના ટોળા 'V' આકારમાં જ કેમ ઉડે છે? ખૂબ જ રસપ્રદ છે તેની પાછળનું કારણ



તમે પક્ષીઓને આકાશમાં ઉડતા જોયા જ હશે. તમે એ પણ નોંધ્યું હશે કે જ્યારે પણ ઘણા પક્ષીઓ ટોળામાં ઉડે છે, ત્યારે તેઓ 'ફ' આકાર બનાવે છે. એકબીજાની પાછળ પક્ષીઓ એવી કતાર બનાવે છે કે તે બધા 'ફ' આકારમાં એકસાથે દેખાવા લાગે છે. તે પણ રસપ્રદ છે કે તેઓ લાંબા અંતર સુધી ફ આકારમાં આ રીતે ઉડતા રહે છે, તેઓ એકબીજાથી આગળ નીકળી જવા માટે સ્પર્ધા કરતા નથી. પરંતુ શું તમે જાણો છો કે પક્ષીઓ આવું શા માટે કરે છે. તમને જાણીને આશ્ચર્ય થશે કે વૈજ્ઞાનિકો પણ આ વિષય પર લાંબા સમયથી ચર્ચા કરી રહ્યા છે. જો કે, પછી સંશોધનમાં કેટલીક મહત્વપૂર્ણ બાબતો બહાર આવી, જે દર્શાવે છે કે પક્ષીઓ ટોળામાં 'ફ' આકારના આકારમાં કેમ ઉડે છે?

પક્ષીઓ 'ફ' ના આકારમાં કેમ ઉડે છે?

આપણે આપણી આસપાસ જે પણ વસ્તુઓ જોઈએ છીએ તેની પાછળ કંઈક વિજ્ઞાન હોય છે. એ જ રીતે, જ્યારે પક્ષીઓ ટોળામાં ઉડે છે, ત્યારે તેઓ ફ આકાર કેમ બનાવે છે, તેની પાછળ પણ વિજ્ઞાન છે. સંશોધનમાં જાણવા મળ્યું છે કે પક્ષીઓ ફ આકારમાં ઉડવાના બે મુખ્ય કારણો છે. પહેલું એ છે કે ફ આકારમાં ઉડવાને કારણે તેમના માટે ઉડવું સરળ બને છે. આમ કરવાથી તેઓ એકબીજા સાથે ટકરાતા નથી.

મોટાભાગના વૈજ્ઞાનિકો આ વાત પર સહમત છે

બીજું કારણ એ છે કે પક્ષીઓના ટોળામાં એક પક્ષી નેતા હોય છે. તે ઉડતી વખતે બાકીના પક્ષીઓને માર્ગદર્શન આપે છે. જ્યારે પક્ષીઓ ટોળામાં ઉડે છે, ત્યારે તે સૌથી આગળ રહે છે. બીજા બધા તેની પાછળ ઉડતા રહે છે. ઘણા વૈજ્ઞાનિકો આ મત સાથે પણ સહમત છે.

સંશોધનમાં આ વાત સામે આવી છે

તે જ સમયે, લંડન યુનિવર્સિટીની રોયલ વેટરનરી કોલેજના સંશોધનમાં જાણવા મળ્યું છે કે જ્યારે પક્ષીઓ ટોળું બનાવીને 'દ્' આકારમાં ઉડે છે, ત્યારે આકાશમાં ઉડતી વખતે હવાને કાપવી સરળ બને છે. આમ કરવાથી તેમની ઘણી બધી ઉર્જા પણ બચી જાય છે. સંશોધકોએ એમ પણ કહ્યું કે પક્ષીઓમાં વી આકારમાં ઉડવાની કળા નાનામાંથી જ નથી હોતી તેઓ ટોળામાં રહીને આ શીખે છે.

### કેટલાકના નામ તો ચોંકાવી દેશે

# ઘણા પ્રાણીઓ ક્યારેય નથી ઊંઘતા, આખી જિંદગી ખુલ્લી રહે છે તેમની આંખો

નવી દિલ્હી, તા.૨

કીડીઓ ક્યારેય સૂતી નથી અને આખો દિવસ ફક્ત કામમાં જ વિતાવે છે. તમે તેમને ક્યારેય આરામ કરતા જોશો નહીં. તેઓ હંમેશા ચાલમાં હોય છે. તેણી એક યા બીજી વસ્તુ કરતી રહે છે. આ હોવા છતાં, તેઓ જંતુઓની દુનિયામાં સૌથી બુદ્ધિશાળી જીવો માનવામાં આવે છે. તેમના મગજમાં ૨.૫ લાખ કોષો છે, જેની મદદથી તેઓ દરેક સ્પંદન અનુભવે છે. બુલફ્રોગ એટલે એક પ્રકારનો દેડકા પણ ક્યારેય સૂતો નથી. તેના શરીરમાં એન્ટી ફ્રીઝ સિસ્ટમ છે. તેથી જ જો તેઓ બરફમાં સંપૂર્ણપણે થીજી જાય તો પણ તેઓ જીવંત રહે છે. તેઓ ફક્ત તેમની આંખો બંધ કરે છે અને બરફ પીગળતાની સાથે જ તેઓ તેમની આંખો ખોલે છે અને બહાર આવે છે. જો કે, તેની ઊંઘ અંગે હજુ કોઈ તબીબી પુષ્ટિ મળી નથી. શાર્કને ખૂબ ઓક્સિજનની જરૂર હોય છે, તેથી તેઓ સતત પાણીમાં તરી જાય છે. વૈજ્ઞાનિકોના મતે શાર્ક તેના મગજને થોડો સમય આરામ આપે છે પરંતુ તે ક્યારેય ઊંઘતી નથી. તે આ સમયે પણ સ્વિમિંગ કરે છે. એ જ રીતે, ડોલ્ફિન જન્મ પછી વર્ષો સુધી ઊંઘતી નથી. ગ્રેટ ફ્રિગેટબર્ડ્સ પણ ડોલ્ફિનની જેમ ઓછી ઊંઘે છે. તેની વિશેષતા એ છે કે તે ૨ મહિના સુધી સતત ઉડી શકે છે. વાસ્તવમાં તે સમુદ્ર ઉપર ઉડે છે અને ત્યાં ઉતરવાની કોઈ જગ્યા નથી. તેથી જ તેની આદત એવી બની ગઈ છે કે તે લાંબા અંતર સુધી ઉડતો રહે છે. પતંગિયા ક્યારેય ઊંઘતા નથી. તેઓ આરામ કરવા માટે ખાસ જગ્યાએ જાય છે અને આંખો બંધ કરતાની સાથે જ બેભાન થઈ જાય છે. વૈજ્ઞાનિકો તેને ઊંઘ માટે નહીં પરંતુ આરામ માટે માને છે. કારણ કે આ સમયે તેમના શરીરનું તાપમાન અને હૃદયના ધબકારા ઘટી જાય છે. તિલાપિયા માછલી તેમના જન્મ પછીના પ્રથમ ૨૨ અઠવાડિયા સુધી બિલકુલ ઊંઘતી નથી. તે સભાન રહે છે. જોકે, ઉંમર વધવાની સાથે વૈજ્ઞાનિકોએ કેટલીક માછલીઓમાં હલકી ઊંઘની વાત સ્વીકારી છે. તિલાપિયા માછલી પ્રોટીનનો સારો સ્ત્રોત છે અને તેમાં બહુ ઓછી ચરબી જોવા મળે છે. માદા ફ્રૂટ ફ્લાય દિવસમાં માત્ર ૭૨ મિનિટની ઊંઘ લે છે. કેટલાક માત્ર ૪ મિનિટ માટે સૂઈ જાય છે. તેમને ફળની માખીઓ પણ કહેવામાં આવે છે. તે કેરીને મહત્તમ નુકસાન પહોંચાડવા માટે જવાબદાર છે. તે પૂર્વીય યુપી, બિહારમાં ઘણું જોવા મળે છે. ૨૦૧૭માં પ્રકાશિત થયેલા એક સંશોધન મુજબ જેલીફિશ પણ ઊંઘતી નથી. માત્ર આરામ કરવા માટે, તે એવી સ્થિતિમાં જાય છે જ્યારે તેનું શરીર ઢીલું પડી જાય છે. તે પછી પણ તે સક્રિય રહે છે પરંતુ મોડેથી પ્રતિક્રિયા આપે છે. તેથી જ વૈજ્ઞાનિકો ઊંઘની સ્થિતિને સ્વીકારતા નથી.

# RTE હેઠળ વધુ 4966 બાળકોને પ્રવેશ અપાયો

(જી.એન.એસ)ગાંધીનગર,તા.૦૨

RTE એક્ટ-૨૦૦૯ હેઠળ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪માં પ્રવેશ મેળવવા માટેની ૮૨,૮૫૩ જગ્યાઓ સામે કુલ ૯૮,૬૫૦ અરજીઓ મળી હતી. જેમાંથી બીજા રાઉન્ડમાં વધુ કુલ ૪,૯૬૬ બાળકો પ્રવેશ મેળવ્યા છે.તો RTE હેઠળ કુલ ૧૨૯૧ જેટલા ખોટા પ્રવેશ રદ કરવામાં આવ્યા છે. આ અંગેની માહિતી ગુજરાત સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે આપી છે. આ વર્ષે RTE એક્ટ અંતર્ગત પ્રવેશ મેળવવાની ઓનલાઈન પ્રક્રિયામાં પાનકાર્ડ, આઈ.ટી. રીટર્ન અને એકરાર નામાની શરતોના પરિણામે મર્યાદીત સંખ્યામાં અને ખરા લાભાર્થીઓ જ પ્રવેશ માટે અરજી કરી શક્યા છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ માં ૨.૧૮ લાખ અરજીઓની સામે આ ઓનલાઈન પ્રક્રિયામાં પાનકાર્ડ સાથેના અન્ય ડોક્યુમેન્ટના વિકલ્પ ઉમેરાતા વર્ષ ૨૦૨૩-૨૪ માટે ૯૮,૬૫૦ અરજીઓ મળી હતી.વધુમાં RTE હેઠળ બોગસ ડોક્યુમેન્ટ રજૂ કરીને પ્રવેશ મેળવેલ ૧૨૯૧ જેટલા એડમીશન રદ કરવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે, RTE ACT-૨૦૦૯ની કલમ ૧૨.૧(ક) અન્વયે બિન-અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓમાં ૨૫ ટકા લેખે ધોરણ-૧માં નબળા અને વંચિત જૂથનાં બાળકોને પ્રવેશ આપવામાં આવે છે. જેમાં આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪માં ૯,૮૬૩ જેટલી બિન-અનુદાનિત પ્રાથમિક શાળાઓમાં જુદા-જુદા માધ્યમમાં ૨૫ ટકા મુજબ ૮૨,૮૫૩ જગ્યાઓ ઉપલબ્ધ હતી. જેની સામે કુલ ૯૮,૬૫૦ અરજીઓ મળી છે.વિધાર્થીઓની પસંદગી અને ૬ કિમીની ત્રિજયાના વિસ્તારમાં ઉપલબ્ધ શાળાઓમાં નિયમોને ધ્યાનમાં લઈ પ્રથમ રાઉન્ડમાં ૫૪,૯૦૩ જેટલા વિધાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવ્યો છે. જેમાંથી નિયત સમયમર્યાદામાં ૪૮,૮૯૦ જેટલા વિદ્યાર્થીઓએ જે-તે શાળામાં રૂબરૂ જઈ પ્રવેશ નિયત કરાવ્યો હતો.પ્રથમ રાઉન્ડમાં નિયત થયેલ પ્રવેશો પૈકી ૧૧૩૦ જેટલા બાળકો અગાઉના શૈક્ષણિક વર્ષમાં ધો-૧/ધો-૨માં અભ્યાસ કરેલા હોય તેમજ અન્ય કારણોસર નિયમાનુસાર જિલ્લા કક્ષાએથી ઈઈ હેઠળ પ્રવેશ રદ કરવામાં આવ્યાં છે. જ્યારે બીજો રાઉન્ડ ૨૯ મે ૨૦૨૩ સોમવારનાં રોજ જાહેર કરવામાં આવ્યો હતો. જેમાં વધુ ૪૯૬૬ જેટલા બાળકોને પ્રવેશ અપાયો છે. બીજા રાઉન્ડમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓએ ૫ જૂન ૨૦૨૩ સોમવાર સુધીમાં જે તે શાળામાં જરૂરી આધાર પુરાવા રજૂ કરી પ્રવેશ સુનિશ્ચિત કરાવવાનો રહેસે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ અંતર્ગત ૯૯૫૮ શાળાઓમાં ૨૫ ટકા લેખે ઉપલબ્ધ ૭૧૪૫૨ જગ્યાઓ પર ૨૧૮૨૨૮ અરજીઓ મળી હતી, તે પૈકી ૧૭૬૪૪૫ અરજીઓ જિલ્લા કક્ષાએ માન્ય થઈ હતી અને ૪૧૮૭૩ અરજીઓ અમાન્ય ઠરી હતી. પ્રવેશ પ્રક્રિયાના ૪ રાઉન્ડ બાદ એકંદરે ૬૪૩૯૫ વિદ્યાર્થીઓને પ્રવેશ અપાયો હતો. જે માટે વિદ્યાર્થી દીઠ રૂ. ૩ હજાર લેખે રૂ. ૧૪૦.૪૧ કરોડની સહાય રાજ્ય સરકાર દ્વારા ચુકવવામાં આવી છે. જ્યારે શાળાઓને રૂ. ૧૩૬૭૫ લેખેફી પરત ચુકવણી પેટે રૂ. ૫૨૧.૯૨ કરોડની ગ્રાન્ટ મંજૂર કરાઈ છે

# સર્કસ કલાકાર ગ્રેસ ગુડને આગ સાથે રમવાનો શોખ



નવી દિલ્હી, તા.૨

અમે વાત કરી રહ્યા છીએ એક સુંદર છોકરીની જે આગ સાથે રમવાની શોખીન છે. તેનું નામ ગ્રેસ ગુડ છે અને તે ડેરડેવિલ છે. તેની આવકનો એકમાત્ર સ્ત્રોત અગ્નિ ખાવો અને શ્વાસ લેવો છે. તે એક અઠવાડિયામાં આ રીતે ૧૫ શો કરે છે. તેણે પોતાના પ્રદર્શનથી માત્ર પૈસા જ નહીં પરંતુ નામ પણ મેળવ્યું છે. ડેઈલીસ્ટારના અહેવાલ મુજબ, સર્કસ કલાકાર ગ્રેસ ગુડની વિશેષતા એ છે કે તે તેના અભિનયમાં આગ અને એક્રોબેટીક્સનું મિશ્રણ કરીને પરફોર્મન્સ આપે છે. ગ્રેસ અમેરિકામાં ઘણા ટીવી શોમાં જોવા મળી છે અને તે કહે છે કે આ કામ તેના માટે માત્ર એક કરિયર છે, જેમાંથી તેને પૈસા મળે છે. સર્ક ડ્રીમ્સ સાથે કામ કરતી વખતે, તેણે આવા ઘણા કાર્યો કર્યા છે, જે મૃત્યુને હરાવી દે તેવા હતા. તેણી કહે છે કે તે બાળપણમાં ખૂબ જ શરમાળ હતી અને ૧૮ વર્ષની ઉંમરે તેણે પ્રથમ વખત હૂપ ઉપાડ્યો હતો. થોડા વર્ષો સુધી, તેણીએ ટેનેસીમાં પ્રદર્શન કરવાનું ચાલુ રાખ્યું. તેણી તેની ટ્રીકને બર્ન ઓફ ટ્રીક કહે છે, જે ખૂબ જ ખતરનાક છે. તે બરાબર આના જેવું લાગે છે, જાણે કોઈ ડ્રેગન આગ ફેલાવતો તેમની તરફ આવી રહ્યો છે. કેટલીકવાર તેઓ જ્વાળાઓમાં લપેટાયેલા પણ જોવા મળે છે. જો કે તે આ સમય દરમિયાન આગની મધ્યમાં હોય છે, પરંતુ જો પવન થોડો પલટાય છે, તો તે સીધા ચહેરા પર બળી શકે છે. ઘણા વર્ષો પછી, તેણે તેના અભિનયમાં અગ્નિનો પણ સમાવેશ કર્યો અને ફ્લેમિંગ રિંગ્સ સાથે તેનું એક્રોબેટિક પ્રદર્શન સોશિયલ મીડિયા પર ધૂમ મચાવ્યું. ગુડના એકલા ટિકટોક પર ૩ મિલિયનથી વધુ ફોલોઅર્સ છે. ગુડ કહે છે કે અગ્નિ ખાવી અને તેને શ્વાસમાં લેવી પણ ખૂબ જ જોખમી છે. જો ક્યાંક ભૂલ થઈ જાય તો તમને મરતા કોઈ બચાવી શકે નહીં. વર્ષ ૨૦૨૧માં તે અમેરિકન ટેલેન્ટ પ્રોગ્રામ ધ ગો બિગ શોમાં પણ જોવા મળી હતી.

# હાડ થીજવતી ઠંડી વચ્ચે કઈ રીતે મોજથી રહે છે પેંગ્વીન? જાણો કેમ કહેવાય છે હિમ સમ્રાટ





જ સુંદર પક્ષી એટલે પેંગ્વીન છે. જે દરિયા કિનારે વિહરીને પોતાના ભોજનની વ્યવસ્થા કરે છે. બરફમાં રહેવાની પેંગ્વીનને તો સજા મળી છે. પરંતુ તેના વધારે અઘરુ એ છે કે પેંગ્વીન હંમેશા શિયાળાની સિઝનમાં જ ઈંડા આપે છે.સાચી લડાઈ તો અહિથી જ શરૂ થાય છે. પોતાનું જીવન ટકાવવાનું અને ઈંડાની પણ સાર સંભાળ રાખવાની.

પેંગ્વીન શિયાળામાં જ કે આપે છે ઈંડા-

પેંગ્વીન ત્યારે ઈંડા આપે છે જયારે ઠંડી પોતાની ચરમ સીમાએ હોય છે. ઠંડી એ હદે હોય કે ઈંડા તો ઠીક પણ હાડ પણ થીજી જાય. આવી ઠંડીમાં જ ઈંડા આપવાની પેંગ્વીનની મજબૂરી છે. જયારે બચ્ચા ઈંડામાંથી

માત્રામાં ભોજનની જરૂર પડતી હોય છે. આટલી માત્રામાં ભોજન માત્ર વસંત ઋતુમાં જ મળે છે. ત્યારે દરિયાની આસપાસ જમા થયેલ બર્ફ ઓગળવા લાગે છે. જેથી વસંતમાં બચ્ચા ઈંડાથી બહાર આવે તેના માટે ભર શિયાળે પેંગ્વિન ઈંડા આપે છે.

કેમ જામી નથી જતા પેંગ્વીનના ઈંડા-

પેંગ્વિન હજારોની સંખ્યામાં ઈંડા આપે છે. એક માદા પેંગ્વીન એક ઈંડુ આપે છે. ત્યાર બાદ કેટલાક મહિના સુધી માદા પેંગ્વીન ભોજનની શોધમાં નીકળી જાયછે. જેથી નર પેંગ્વીન ઈંડાની સારસંભાળ રાખે છે. જેથી નર પેંગ્વીન ગરમીના સ્ત્રોતમાં પરિવર્તિત થઈ જાય છે. પેંગ્વીનના શરીરપર પીંછા હોય છે. પેંગ્વીનના શરીરનો એક ભાગ પીંછાથી ઢાંકેલો હોય છે. જેને શિશુ થેલી પણ કહેવાય છે. જેથી પેંગ્વીન ઈંડાને બંને પંજામાં રાખી આ શિશુ થેલીથી લગાવીને રાખેછે. અને પેટને પીંછાથી ઢાંકી લે છે. આવી રીતે કાતિલ ઠંડીથી રક્ષણ આપી પિતા ઈંડાનું રક્ષણ કરે છે.

શરીરની ગરમી બચાવવા પેંગ્વીનની ખાસ ટ્રીક-

નર પેંગ્વીન પોતાના શરીરની ગર્મી બચાવવા બર્ફથી બને તેટલો સંપર્ક ઓછો કરી નાખે છે. તેના માટે તે પોતાના પગના પંજા પર પેડીના સહારે ઉભા રહે છે. જેથી બર્ફ સાથેનો સંપર્ક ઓછો થઈ જાય છે. તો પેડી પર ઉભા રહેવા પૂંછડીથી સંતુલન જાળવે છે. એટલુંજ નહિ પણ નર પેંગ્વીન ઝૂંડ બનાવીને બેસે છે. જેથી વધુ ગરમી મળે છે. જ્યાં પેંગ્વીન ઝૂંડ બનાવી બેસે છે તે સ્થળનું આસપાસના વિસ્તાર કરતા અનેક ડિગ્રી વધી જાય છે. આવી અવનવી તરકીબ અપવાની પેંગ્વીન પોતાના ઈંડાને સુરક્ષીત રાખે છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

જડતા નિર્દયતાની જનની છે.

- રસ્કિન

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.દએ-૧૩૯૨, મુ. જીલ્કાદ-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૭૯, જયેષ્ઠ સુદ-૧૩, તા.૨ જૂન ૨૦૨૩, શુક્રવાર, પારસી તા.૨૧, મુસ્લિમ તા.૧૨, સ્વાતિ નક્ષત્ર, પરિઘ યોગ, ગર કરણ, સૂ.ઉ.૬:૦૬, સૂ.અ.૭:૩૨

આજનો દિવસ બપોરે ૧૨:૪૮ ક. સુધી શુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી તુલા (૨ ત), રાત્રે ૧૨:૪૭ ક. પછી જન્મેલા બાળકની રાશી વૃશ્ચિક (ન ય) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: ધાર્યા કાર્યમાં વિલંબ થાય. આર્થિક સમસ્યા હળવી બને.
વૃષભ: મનની ચંચળતા દૂર થાય. કર્મક્ષેત્રે સફળતા મળે.
મિથુન: કાર્યબોજમાં વધારો થાય. વ્યર્થ દોડાદોડી રહે.
કર્ક: માનસિક પ્રફુલિતતા રહે. આર્થિક ચિંતા દૂર થાય.
સિંહ: સાહસિક કાર્યમાં સફળતા મળે. આકસ્મીક ધન લાભ થાય.
કન્યા: ગૃહવિવાદ, પુરૂષાર્થનું શુભ ફળ મળે.
તુલા: પ્રવાસ ટાળવો હિતાવહ. આરોગ્ય બાબતે સંભાળવું.
વૃશ્ચિક: બગડેલા કાર્યો સુધરે. સંતાનથી લાભ થાય.
ધન: માનસિક ચિંતા દૂર થાય. આવકમાં વૃધ્ધિ થાય.
મકર: મહત્વની તક સાંપડે. સામાજિક પ્રતિષ્ઠામાં વધારો થાય.
કુંભ: વ્યર્થવાદ-વિવાદથી દૂર રહેવું. કર્મક્ષેત્રે પરિવર્તનનો માર્ગ ખુલે.

# RTI હેઠળ અરજદારના પુરાવા અને દલીલો માન્ય રાખી વિનામૂલ્યે માહિતી આપવા ગાંધીનગર સ્થિત આયોગનો મહત્ત્વપૂર્ણ હુકમ

નડિયાદ તા.૨

માહિતી અધિકારીના કાયદા અંગે ઘણા ઓછા અરજદારોને સંપૂર્ણ માહિતી છે જે લોકોને RTIના કાયદાની માહિતી નથી તેવા લોકોને અધિકારીઓ ધોઈને પી જાય છે નડિયાદ વન વિભાગના અધિકારીએ અરજદાર એ માંગેલી માહિતી વિસ્તૃત અને ત્રાહિત પક્ષકારની માહિતી હોય આપી શકાય તેમ નથી તેમ કહીને અરજી દફતરે કરતાં મામલો માહિતી આયોગ ગાંધીનગરમાં પહોંચ્યો હતો. માહિતી આયોગે અરજદારના પુરાવા તેમજ વિવિધ દલીલો ધ્યાનમાં રાખી નડિયાદ વન વિભાગને આ માહિતી જાહેર માહિતીમાં આવતી હોય વહેલી તકે વિનામૂલ્ય આપવા હુકમ કર્યો છે.

નડિયાદની સામાજિક વનીકરણ વિભાગની કચેરીમાં ડોક્ટર માઈકલ માર્ટીને તારીખ ૧૬/૫/૨૨ના રોજ સરકારે ફાળવેલ ભૌતિક અને નાણાકીય લક્ષ્યાંકો તથા તે લક્ષ્યાંકો પૂરા કરવા કરેલ ખર્ચની વિગતો, વાઉચર નંબર અને રકમ દર્શાવતું પત્રક ફોર્મ નંબર ૩૫ની સને ૨૦૧૯-૨૦, ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨ના માત્ર માર્ચ માસની નકલો માંગેલ હતી. જે વિસ્તૃત ન હોવા છતાં જાહેર માહિતી અધિકારી અને મદદની વન સંરક્ષક ડીએમ ડાભીએ માંગેલ માહિતી વિસ્તૃત હોય અને આપી શકાય તેમ ન હોવાનો પ્રત્યુતર પાઠવતા અરજદારે નાયબ વન સંરક્ષક, ટી.કરૂપાસામી, સામાજિક વનીકરણ વિભાગ, નડિયાદને પ્રથમ અપીલ કરી હતી. સુનવણીમાં મુદ્દાસર દલીલો કરતા તેઓએ ત્રાહિત પ્રકાર સિવાયની માહિતી પૂરી પાડવા હુકમ કર્યો હતો. અરજદાર જણાવી રહ્યા છે કે, હકીકતમાં ફોર્મ નંબર ૩૫માં કોઈ ત્રાહિત પક્ષકારની માહિતી હોતી જ નથી પરંતુ જો ફોર્મ નંબર ૩૫ની માહિતી બહાર જાય તો આ કચેરીનો કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર બહાર આવે તેમ હોય જાહેર માહિતી અધિકારી તથા અપીલ અધિકારી એ મીલી ભગત રીતે આ માહિતી છૂપાવી માંગ્યા મુજબની માહિતી પૂરી ન પાડી હોવાનો આક્ષેપ કર્યો છે. બીજી બાજુ અરજદારે માહિતી આયોગ ગાંધીનગરમાં તારીખ ૧૩/૯/૨૨ના રોજ બીજી અપીલ કરેલ હતી. જેની સુનાવણી તારીખ ૨૪/૩/૨૨ના રોજ થતા અરજદારે ફોર્મ નંબર ૩૫ વિશે આયોગને ગેરમાર્ગે ન દોરે તે માટે સાચી સમજ આપતી તથા માત્ર ત્રણ વર્ષના માર્ચ માસની જ માહિતી માગેલ હોવાનું અને તે વિસ્તૃત પ્રકારની ન હોવાની દલીલ કરી હતી અને એવો પુરાવો રજૂ કર્યો હતો કે અગાઉ આ જાહેર માહિતી અધિકારી આણંદમાં હતા ત્યારે અન્ય અરજદાર ભાનુબેન પરમારને ફોર્મ નંબર ૩૫ ની નકલો પૂરી પાડી હતી તો પછી નડિયાદમાં કેમ ના પૂરી પાડી શકે? માહિતી આયોગે જાહેર માહિતી અધિકારીને રેકોર્ડ નિરીક્ષણ કરાવી અરજદારને ૨૦૦ કોપી વિનામૂલ્યે પૂરી પાડવા હુકમ કર્યો હોવાનું જાણવા મળે છે. અરજદાર ડો. માયકલ માર્ટીન એવો આક્ષેપ કરે છે કે સામાજિક વનીકરણ વિભાગ નડિયાદના નાયબ વંન સંરક્ષક ટી. કરૂપાસામી આઈએફએસ નાઓએ કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર અને ઉચાપત કરેલી હોય માહિતી છુપાવવાના પ્રયત્ન કર્યો હતો પરંતુ આયોગે નિષ્ફળ બનાવેલ છે અને અરજદારને માહિતીનું નિરીક્ષણ કરાવી નકલો વિનામૂલ્યે પૂરી પાડવા હુકમ કરતા તંત્રમાં ખળભળાટ મચી ગયો છે.

### ફોર્મ નંબર ૩૫ શું છે ?

સરકાર દરેક જિલ્લામાં સામાજિક વનીકરણના કામો માટે ભૌતિક અને નાણાકીય લક્ષ્યાંકો ફાળવીને તે મુજબની ગ્રાન્ટ ફાળવે છે તે લક્ષ્યાંકો પૂરા કરવા મળેલ ગ્રાન્ટમાંથી ખર્ચ કરવાના હોય છે. દર મહિને થયેલા ખર્ચનું એક પત્રક તૈયાર થાય છે. જેમાં વાઉચર નંબર, ખર્ચની વિગતો અને રકમ દર્શાવેલ હોય છે. જેને સામાજિક વનીકરણ વિભાગનુ ફોર્મ નંબર ૩૫ કહે છે. આ પ્રકારની માહિતીમાં લાભાર્થીઓના તેમજ ચૂકવેલ પેમેન્ટની એજન્સીઓના નામ હોય છે. તેમાં કોઈના એકાઉન્ટ નંબર, પાન નંબર, આધાર કાર્ડ વગેરે ખાનગી બાબતો હોતી નથી. જે આરટીઆઈ એક્ટની કલમ ૪(ખ) (૧૧) અને (૧૨) મુજબ પ્રો-એક્ટિવ ડીસ્કલોઝરમાં આવતી હોય તે ત્રાહિત વ્યક્તિની માહિતી બનતી નથી. જે કોઈપણ નાગરિકને મળવા પાત્ર છે. એમ ડૉ.માયકલ માર્ટીન આર.ટી.આઈ. કાર્યકર નડિયાદએ જણાવ્યું હતું.

# IIT, NITમાં પ્રવેશ માટે ધોરણ-૧૨માં ૭૫ ટકાના માપદંડને પડકારતી અરજી સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી



નવી દિલ્હી, તા.૨

સુપ્રીમ કોર્ટે તાજેતરમાં સંયુક્ત પ્રવેશ પરીક્ષા (JEE) દ્વારા IITs, NITs અને અન્ય પ્રીમિયર સંસ્થાઓમાં પ્રવેશ માટે યોગ્યતાના માપદંડમાં છૂટછાટની માંગ કરતી અરજીને ફગાવી દીધી હતી. પાત્રતાના માપદંડો અનુસાર, બોર્ડની પરીક્ષાઓમાં ફક્ત તે જ વિદ્યાર્થીઓ જેમણે ન્યૂનતમ ૭૫% હાંસલ કર્યા છે અથવા ટોચના ૨૦ પર્સેન્ટાઈલ સ્કોરર્સમાં સ્થાન મેળવ્યું છે, તેઓ જ કાઉન્સેલિંગ માટે પાત્ર છે. આ બાબતો શિક્ષણના ક્ષેત્રમાં આવે છે તે હકીકત ઉપર ભાર મૂકતા ન્યાયાધીશ સુધાંશુ ધુલિયા અને કે.વી. વિશ્વનાથનની વેકેશન બેન્ચે આ અરજીને રદ કરતાં કહ્યું કે, આ એવી બાબત નથી જેમાં અમારે હસ્તક્ષેપ કરવો જોઈએ. આ શિક્ષણની બાબતો છે અને અમારે તેને નિષ્ણાંતો સુધી સીમિત રાખવું જોઈએ. આ અરજીમાં માંગવામાં આવેલી રાહતોને સ્વીકારવા માટે બેંચને સમજાવવાના પ્રયાસમાં વિદ્યાર્થીઓના વકીલે બેંચ સમક્ષ રજૂઆત કરી કે કોવિડ પછીના ધોરણોને હળવા કરવામાં નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA)ની નિષ્ફળતાએ વિદ્યાર્થીઓના મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન કર્યું છે. બોમ્બે હાઈકોર્ટે આ મહિનાની શરૂઆતમાં વિદ્યાર્થીઓ દ્વારા માપદંડમાં છૂટછાટની માંગ કરતી અરજીને ફગાવી દીધી હતી અને નોંધ્યું હતું કે, તેમાં પાત્રતાની સ્થિતિ કોઈપણ રીતે મનસ્વી નથી. કોર્ટે કહ્યું કે, કોવિડને કારણે પાછલા ત્રણ વર્ષમાં છૂટછાટ આપવામાં આવી હતી, તેથી વિદ્યાર્થીઓ આ છૂટછાટનો દાવો કરવા માટે હકદાર નથી.

એન્ટિલિયા બોમ્બ કેસ અને ઉદ્યોગપતિ મનસુખ હિરણની હત્યાના સંબંધમાં કસ્ટડીમાં રહેલા પૂર્વ પોલીસ અધિકારી પ્રદીપ શર્માએ માનવતાના આધારે વચગાળાના જામીનની માંગણી કરીને સુપ્રીમ કોર્ટનો સંપર્ક કર્યો છે. હિરનએ કાર સાથે જોડાયેલ ઓટોમોબાઈલ પાર્ટ્સ ડીલર છે જે મુકેશ અંબાણીના નિવાસસ્થાન (એન્ટીલિયા) બહાર વિસ્ફોટકો સાથે મળી આવી હતી. શર્મા પર ઉદ્યોગપતિ મનસુખ હિરનની હત્યા કરવામાં તેમના ભૂતપૂર્વ સાથીદાર સચિન વાઝેને મદદ કરવાનો આરોપ હતો, તેની ૨૦૨૧માં ધરપકડ કરવામાં આવી હતી. તેના ઉપર આ કેસમાં ગુનાહિત કાવતરૂં અને પુરાવાનો નાશ કરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. તેમને જામીન આપવા માટે SC બેન્ચને વિનંતી કરતાં વરિષ્ઠ વકીલ આબાદ પોંડાએ કોર્ટને જણાવ્યું કે, તેઓ માનવતાના આધારે જામીન માંગી રહ્યા છે. કારણ કે તેમની પત્નીની તબિયત સારી નથી.

# કેન્દ્ર સરકાર વર્ષ ૨૦૨૩-૨૪માં રવિ પાકોની ટેકાના ભાવે ખરીદી

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર ખાતે કૃષિ મંત્રી રાઘવજી પટેલના અધ્યક્ષસ્થાને રાજ્ય કૃષિ ભાવપંચની બેઠક મળી હતી. વર્ષ ૨૦૨૩-૨૪ માટે રવિ પાકોના ટેકાના ભાવોની ભલામણ કરવા મળેલી આ બેઠકમાં અન્ન અને નાગરીક પુરવઠા મંત્રી કુંવરજી બાવળીયા, સહકાર રાજય મંત્રી જગદીશ પંચાલ તેમજ કૃષિ રાજ્ય મંત્રી બચુ ખાબડ પણ ઉપસ્થિત રહ્યા હતા. કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, ખેડૂતોને તેમની ખેતપેદાશો અને ઉપજના પોષણક્ષમ ભાવ મળી રહે અને ખેડૂતો આર્થિક રીતે સદ્ધર થાય તેવા નેક હેતુસર ભારત સરકાર દ્વારા દર વર્ષે ટેકાના ભાવ જાહેર કરીને ખરીફ અને રવિ પાકોની ખરીદી કરવામાં આવે છે. ટેકાના ભાવની પોલિસી અંતર્ગત સમાવિષ્ટ રવિ પાકો પૈકી ગુજરાતના ઘઉં, ચણા, રાયડો અને શેરડી જેવા મુખ્ય રવિ પાકો માટે ભારત સરકાર દ્વારા આગામી વર્ષ માટે ટેકાના ભાવની દરખાસ્ત મંગાવવામાં આવી છે. તેમણે ઉમેર્યું હતું કે, દર વર્ષે ખેડૂતો વાવેતર કરે તે અગાઉ જ ભારત સરકાર દ્વારા ટેકાના ભાવ નક્કી કરી દેવામાં આવે છે, જેથી ખેડૂતો નિશ્ચિત થઈ વાવેતર કરી શકે. રાજ્ય કૃષિ ભાવપંચની બેઠકમાં પાકવાર ખેતી ખર્ચ, કૃષિ ઈનપુટના ભાવો બાબતે ખેડૂત પ્રતિનિધિઓ અને કૃષિ વિભાગના અધિકારીઓ સાથે વિસ્તૃત ચર્ચા કરી, પુખ્ત વિચારણાને અંતે વર્ષ ૨૦૨૩-૨૪ માટે ઘઉં, ચણા, રાયડો અને શેરડી રવિ પાકના રાજ્ય કૃષિ ભાવપંચ દ્વારા ભાલામણ કરવાના થતા ભાવ નક્કી કરવામાં આવ્યા છે, જે ભારત સરકારના કૃષિ ખર્ચ અને ભાવપંચને મોકલી આપવાનું પણ નક્કી કરવામાં આવ્યું છે.

# ભારત પાસે હવે વિશ્વમાં સૌથી ઝડપી 5G રોલ-આઉટ છે : સુનીલ



નવી દિલ્હી, તા.૨

સુનીલ મિત્તલ ભારતી એન્ટરપ્રાઈઝના સ્થાપક અને અધ્યક્ષ સુનિલ મિત્તલ ભારતમાં 5G લોન્ચની ગતિથી પ્રભાવિત છે. મિત્તલે કહ્યું કે, "ભારત હવે વિશ્વમાં સૌથી ઝડપી 5G રોલઆઉટ ધરાવે છે. માર્ચ ૨૦૨૪ સુધીમાં ભારતમાં સમગ્ર દેશમાં 5G કનેક્ટિવિટી હશે." તેઓ નરેન્દ્ર મોદી સરકારના ૯ વર્ષ પૂર્ણ થવા ઉપર એક કોન્કલેવમાં બોલી રહ્યા હતા. ભારતે સેવાની શરૂઆતના આઠ મહિનામાં 5G સેવાઓ માટે બે લાખ બેઝ સ્ટેશનો સ્થાપ્યા છે. મિત્તલે કહ્યું હતું કે, ટેલિકોમ ક્ષેત્રે ભારત વિશ્વનો સૌથી અદ્યતન દેશ છે. તેમના મતે, જ્યાં સુધી ટેલિકોમ ક્ષેત્ર સંબંધિત વાત છે, ભારત વિશ્વનો સૌથી અદ્યતન દેશ છે. "મારી પેઢી ટેલિકોમ અને કનેક્ટિવિટીની ખૂબ જ ઊંડી અને લાંબી અછતના યુગમાં મોટી થઈ છે જ્યાં આજે દેશનો સૌથી ઊંડો અને દૂરનો ભાગ સ્માર્ટફોનનો ઉપયોગ કરી રહ્યો છે." "અમે ટેક્નોલોજીના બદલાવમાંથી ખૂબ જ ઝડપથી આગળ વધ્યા," તેમણે ઉમેર્યું. મિત્તલે કહ્યું કે, દૂરના વિસ્તારોમાં પણ લોકો મોબાઈલ ફોન, રેડિયો કનેક્શન અને DTH ટેલિવિઝન કનેક્શન જુએ છે. તેમણે કહ્યું કે, ટેલિકોમ સેવાઓએ ઈ-કોમર્સ, ઓનલાઈન બેંકિંગ, ગ્રામીણ વિસ્તારોમાં ચુકવણીની પ્રેષિત રકમ, હેલ્થકેર સક્ષમ કર્યું છે અને હવે 5Gની મદદથી ડ્રોન મેનેજમેન્ટ અને અન્ય અદ્યતન તકનીકો જેવી ઘણી સેવાઓ લોન્ચ કરવામાં આવશે. "છેલ્લા પાંચ વર્ષમાં બદલાવનો અંગત રીતે અનુભવ કર્યો." સામાન્ય રીતે વ્યવસાયોને ખૂબ જ નિર્ણાયક નેતૃત્વની જરૂર હોય છે અને લાંબા સમય પછી ભારત પાસે માત્ર સંપૂર્ણ બહુમતી સાથેની સરકાર જ નહીં પરંતુ વૈશ્વિક નેતા તરીકે ઓળખાતા નેતા પણ છે. મિત્તલે કહ્યું કે, "આ દેશ સ્પષ્ટપણે વધારાના ૧.૪ ટ્રિલિયન US ડોલર તરફ આગળ વધીને અમને ૩.૫ ટ્રિલિયન US ડોલર ઉપર લઈ ગયો છે અને મને લાગે છે કે ૫ ટ્રિલિયન US ડોલરનું સાહસિક લક્ષ્ય, જે થોડા વર્ષો પહેલા પૂર્ણ કરવું મુશ્કેલ લાગતું હતું, તે હવે સ્પષ્ટપણે નજરમાં છે અને મને લાગે છે કે ૨૦૨૭ સુધીમાં આપણે તેને હાંસલ કરી શકીશું." તેમણે કહ્યું કે, છેલ્લા પાંચ વર્ષમાં તેમણે અંગત રીતે પરિવર્તનનો અનુભવ કર્યો છે. "મારા ધ્યાનમાં આ ટેક્નોલોજીની શક્તિ છે જેનો ઉપયોગ આ સરકારે જનતા માટે સુધારાઓ અને લાભો પહોંચાડવા માટે તેની સંપૂર્ણ શક્તિનો ઉપયોગ કર્યો છે. મને ખૂબ ગર્વ છે કે આપણે ઉદ્યોગનો ભાગ છીએ જે આર્થિક વિકાસ માટે એક મહાન સક્ષમકર્તા છે. આજે ટેલિકોમ સેવાઓ આ દેશને ૧-૧.૫ ટકા વધારાની GDP વૃદ્ધિ આપે છે," તેમ મિત્તલે જણાવ્યું હતું.

# મહિલાએ બિઝનેસમેનને હનીટ્રેપમાં ફસાવીને બે કરોડની છેતરપિંડી કરી

નવી દિલ્હી, તા.૨

ફરીદાબાદમાં એક બિઝનેસમેનને ફેસબુક દ્વારા એક મહિલા સાથે તેની ઓળખાણ કરવી મોંઘી પડી. મહિલાએ બિઝનેસમેનને હનીટ્રેપમાં ફસાવીને બે કરોડ રૂપિયાની છેતરપિંડી કરી હતી. વેપારી ઘણા સમયથી મહિલાને પૈસા આપતો હતો. આરોપીઓની માંગ વધતી રહી અને મામલો પાંચ કરોડ સુધી પહોંચ્યો. પૈસા ન ચૂકવવા ઉપર, આરોપીઓ શનિવારે સેક્ટર-૯માં પીડિતાની ફેક્ટરીમાં ઘૂસી ગયા અને પરિવાર ઉપર હુમલો કર્યો. જતી વખતે આરોપી દિલ્હીમાં બળાત્કારનો કેસ નોંધવાની ધમકી આપીને ભાગી ગયો હતો. પોલીસે આરોપી મહિલા અને તેના પતિની ધરપકડ કરી લીધી છે. પોલીસને આપેલી ફરિયાદમાં પીડિતે જણાવ્યું કે તે સેક્ટર-૧૪માં તેના પરિવાર સાથે રહે છે. તેમની સેક્ટર૯માં મેટલ વર્કનું કારખાનું છે. વર્ષ ૨૦૨૦માં, કોરાના સમયગાળા દરમ્યાન તેની ફેસબુક ઉપર ઈશા નામની એક મહિલા સાથે પરિચય થયો. વાતચીતમાં મહિલાએ જણાવ્યું કે તે પીડિતા સાથે સ્કૂલમાં અભ્યાસ કરતી હતી. શાળાના મિત્રોએ પણ જણાવ્યું કે મહિલા શાળામાં અભ્યાસ કરતી હતી. ઈશાએ કહ્યું કે લગ્ન બાદ તે નોઈડામાં પતિ રક્ષિત સાથે રહે છે. વર્ષ-૨૦૨૦માં એક દિવસ મહિલાએ તેને નોઈડા બોલાવ્યો અને બંને વચ્ચે શારીરિક સંબંધ બંધાયો. ધીમેધીમે મહિલાએ અલગ-અલગ કામ માટે પૈસાની માંગણી શરૂ કરી. પોતાનો બિઝનેસ શરૂ કરવાની વાત કરતા પહેલા ૨૦ લાખ રૂપિયા લીધા અને પછી માંગ વધવા લાગી. આ પછી મહિલાએ દિલ્હીમાં બળાત્કારનો કેસ દાખલ કરવાની ધમકી આપીને પૈસા પડાવવાનું શરૂ કર્યું. ઈશાના પતિ રક્ષિતે પણ તેને આ કામમાં સાથ આપ્યો અને ધીમે ધીમે તેની પાસેથી બે કરોડ રૂપિયા પડાવી લીધા. પીડિતાનું કહેવું છે કે મહિલા અને તેનો પતિ છેલ્લા ત્રણ વર્ષથી તેને હેરાન કરી રહ્યા છે. થોડા દિવસ પહેલા તેણે મામલો રફેદફે કરવાના બદલામાં ફોન ઉપર પાંચ કરોડ રૂપિયા માંગ્યા હતા. ના પાડતાં તેઓ શનિવારે સેક્ટર-૯માં આવેલી ફેક્ટરીમાં આવ્યા હતા અને તેમની અને તેમની પત્ની ઉપર હુમલો કર્યો હતો. પૂછપરછ દરમ્યાન એ વાત સામે આવી છે કે આરોપી વોટ્સએપ ઉપર જ પૈસાની માંગણી કરતો હતો. ત્રણ વર્ષથી પૈસા આપીને તે ખૂબ જ માનસિક તણાવમાં આવી ગયો હતો. પાંચ કરોડની માંગણી કર્યા બાદ પીડિતાએ પરિવારને મામલાની જાણકારી આપી. સમગ્ર મામલો સમજ્યા બાદ પોલીસે કેસ નોંધ્યો હતો. પોલીસે આરોપી મહિલા અને પતિની ધરપકડ કરી લીધી છે.

# મણિપુર સરકારે વંશીય અથડામણમાં માર્યા ગયેલા લોકોના પરિવારના સભ્યો માટે વળતર અને નોકરીની જાહેરાત કરી

(એજન્સી) તા.૨

કેન્દ્ર અને મણિપુર રાજ્ય સરકારે રાજયમાં તાજેતરના વંશીય અથડામણમાં જીવ ગુમાવનારાઓ માટે વળતર પેકેજની જાહેરાત કરી હતી. તેમના માટે ૧૦ લાખના વળતરની જાહેરાત કરવામાં આવી છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, મૃતકના પરિવારના એક સભ્યને નોકરી પણ આપવામાં આવશે અને વળતરની રકમમાં કેન્દ્ર અને રાજ્ય સમાન રીતે ભાગ લેશે. કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ અને મણિપુરના મુખ્ય પ્રધાન એન બિરેન સિંહ વચ્ચેની બેઠક દરમ્યાન વળતરની જાહેરાત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. અધિકારીઓએ જણાવ્યું હતું કે આ માટે ટેલિફોન લાઈન્સ સ્થાપિત કરવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો છે જેનો ઉપયોગ અફવાઓને દૂર કરવા માટે કરવામાં આવશે અને પરિસ્થિતિને શાંત કરવા અને આ મુશ્કેલીગ્રસ્ત રાજ્યમાં શાંતિ લાવવાની પ્રક્રિયા માટે કરવામાં આવશે. અમિત શાહની બેઠકમાં એ સુનિશ્ચિત કરવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો હતો કે પેટ્રોલ, એલપીજી ગેસ, ચોખા અને અન્ય ખાદ્યપદાર્થો જેવી આવશ્યક ચીજવસ્તુઓ કિંમતોને ઓછી કરવા માટે આ વસ્તુઓ મોટી માત્રામાં ઉપલબ્ધ કરાવવામાં આવશે. તાજેતરમાં ઈમ્ફાલ ગયેલા ગૃહમંત્રીની સાથે ગૃહ સચિવ અજય કુમાર ભલ્લા અને ઈન્ટેલિજન્સ બ્યુરોના ડિરેક્ટર તપન કુમાર ડેકા પણ હતા. દરમ્યાન ગૃહ પ્રધાન અમિત શાહ મણિપુરમાં મહિલા નેતાઓના જૂથને મળ્યા હતા. તેમને મળ્યા પછી, શાહે કહ્યું કે, અમે સાથે મળીને રાજ્યમાં શાંતિ અને સમૃદ્ધિ સુનિશ્ચિત કરવા માટે પ્રતિબદ્ધ છીએ. પ્રવક્તાએ જણાવ્યું હતું કે, અમિત શાહ મણિપુરમાં નાગરિક સમાજ સંગઠનોના પ્રતિનિધિ મંડળને પણ મળ્યા હતા. મંગળવારે ચીફ ઑફ ડિફેન્સ સ્ટાફ જનરલ અનિલ ચૌહાણે જણાવ્યું હતું કે મણિપુરમાં અનેક પડકારો છે, પરંતુ તેઓએ આશા વ્યક્ત કરી હતી કે આ પરિસ્થિતિ થોડા સમયમાં સ્થાયી થઈ જશે. મણિપુરમાં ૩ મેથી વંશીય રમખાણો શરૂ થયા બાદ અથડામણમાં મૃત્યુઆંક ૮૦ થઈ ગયો છે. મણિપુરમાં ૩ મેના રોજ પહાડી જિલ્લાઓમાં 'આદિવાસી એકતા માર્ચ'નું આયોજન કરવામાં આવ્યા બાદ આ વંશીય અથડામણો ફાટી નીકળી હતી. ત્યારથી અહી અશાંતિ છે અને આ અથડામણ સતત ચાલુ રહી છે. નવીનતમ અથડામણમાં ઓછામાં ઓછા ૫ લોકોના મોત થયા હતા. ભારતીય સેના અને આસામ રાઈફલ્સની લગભગ ૧૪૦ ટુકડીઓ અને અન્ય અર્ધલશ્કરી દળોના જવા જેમાં ૧૦,૦૦૦થી વધુ કર્મચારીઓનો સમાવેશ થાય છે, તેઓને આ ઉત્તરપૂર્વીય રાજ્યમાં સામાન્યસ્થિતિ અને શાંતિ સ્થાપિત કરવા માટે તૈનાત કરવામાં આવી હતી.

**મણિપુર હત્યાકાંડઃ હિંસામાં ૨૨૨ ચર્ચ અને ૧૧૫ આદિવાસી ગામોને સળગાવવામાં આવ્યા**

મણિપુરમાં વંશીય હત્યાઓ દિવસેને દિવસે વધી રહી છે. આદિવાસીઓ દવા, રોજિંદો પુરવઠો અને અન્ય આવશ્યક ચીજવસ્તુઓની ગંભીર અછતનો સામનો કરી રહ્યા છે. ઈન્ડીજીનિયસ ટ્રાઈબલ લીડર્સ ફોરમ (ITLF)એ દાવો કર્યો છે કે, સરકાર તરફથી કોઈએ તેમની સમસ્યાઓ પર ધ્યાન આપ્યું નથી. ધ સ્ટેટ્સમેન સાથે વાત કરતા ITLFના ગિન્ઝા વુલઝોંગે કહ્યું કે, આદિવાસીઓ સતત તણાવ, અછત અને સુરક્ષાના અભાવ સાથે જીવી રહ્યા છે. આ પ્રદેશમાં સતત હિંસા આચરવામાં આવી રહી છે, ત્યારે નિયમિત પુરવઠાની તીવ્ર અછતને કારણે અહીના રહેવાસીઓ મુશ્કેલ પરિસ્થિતિનો સામનો કરી રહ્યા છે. ઈમ્ફાલના ૧૦૦ કિલોમીટરની અંદર આવેલા ગામોમાં આ સંકટ વધુ ઘેરૂં બન્યું છે. કાયદો અને વ્યવસ્થા અંગેની ગંભીર ચિંતાઓ વચ્ચે કેન્દ્રીય ગૃહપ્રધાનની મણિપુરની મુલાકાતને લીધે હિંસા પછી વિવિધ સમુદાયોની આશાઓ વધી છે. ગિન્ઝાએ દાવો કર્યો હતો કે, મણિપુર રાજ્ય સરકાર મણિપુર રાજયના દળો સાથે મળીને ૩જી મે, ૨૦૨૩થી વિવિધ આદિવાસી ગામોમાં આદિવાસી લોકો વિરૂધ્ધ સતત વંશીય હિંસા કરી રહી છે જેમાં અનેક આદિવાસી ગામોનધ્ બાળી નાખવામાં આવ્યા હતા અને ઘણા નિર્દોષ આદિવાસીઓની હત્યા કરવામાં આવી હતી. ૬૮ આદિવાસી લોકોનાં મોતની પુષ્ટિ કરવામાં આવી છે. ITLF માને છે કે, મણિપુર પોલીસના વેશમાં આવેલા ખીણના કાર્યકરો એ આદિવાસીઓ વિરુદ્ધ ભયાનક અપરાધને અંજામ આપનારા ગુનેગારો હતા. ITLFના અનુસાર, ૬૮ આદિવાસી લોકોના મૃત્યુની પુષ્ટિ કરવામાં આવી છે અને ૫૦ કે તેથી વધુ લોકો હજુ પણ ગુમ છે. બળી ગયેલા ચર્ચની સંખ્યા ૨૨૨ છે અને નષ્ટ પામેલી વહીવટી ઈમારતો/ક્વાર્ટર્સની સંખ્યા ૭૩ છે. ઉપરાંત, બળી ગયેલા ગામોની સંખ્યા ૧૧૫ (એકસો પંદર) છે અને બળી ગયેલા ઘરોની સંખ્યા ૪૦૦૦ કરતાં વધુ છે. ઘાયલ આદિવાસી લોકોની સંખ્યા ચિંતાજનક છે. ITLFએ દાવો કર્યો છે કે, દરેક નાગરિક અસંતુષ્ટ છે અને આ વંશીય હત્યા સાથે સુરક્ષા દળોએ હાલમાં આદિવાસી ગામોમાં કોમ્બિંગ ઓપરેશન શરૂ કર્યું છે.

# UKના નવા ઈમિગ્રેશન નિયમો વધુ કડક બની રહ્યા છે : ભારતીય વિદ્યાર્થીઓ હવે US, ફ્રાન્સ જેવા દેશોમાં જવાનું પસંદ કરી રહ્યા છે

(એજન્સી) તા.૨

હોમ સેક્રેટરી સુએલા બ્રેવરમેનની આગેવાની હેઠળ હોમ ઓફિસ દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદન અનુસાર, ભારત સહિત વિદેશના બિન-સંશોધન પોસ્ટ-ગ્રેજયુએશન વિદ્યાર્થીઓને હવે તેમના પરિવારના સભ્યો અથવા આશ્રિતોને તેમની સાથે યુકેમાં જવાની પરવાનગી આપવામાં આવશે નહીં. હોમ ઓફિસે કહ્યું કે આ નિયમો જાન્યુઆરી ૨૦૨૪થી લાગુ કરવામાં આવશે. બ્રેવરમેને જણાવ્યું હતું કે, ડિસેમ્બર ૨૦૨૨માં પૂરા થયેલા વર્ષમાં પ્રાયોજિત વિદ્યાર્થીઓના લગભગ ૧,૩૬,૦૦૦ આશ્રિતોને વિઝા આપવામાં આવ્યા હતા, જે ૨૦૧૯માં ૧૬,૦૦૦ કરતા આઠ ગણા વધારે છે. યુકે હોમ ઓફિસે એક નવું ઈમિગ્રેશન નિયમન રજૂ કર્યું છે, જે જાન્યુઆરી ૨૦૨૪થી લાગુ કરવામાં આવશે, જેમાં સિવાયના તમામ ઉપર વિદ્યાર્થી વિઝા ઉપર તેમના પરિવારના સભ્યોને આ દેશમાં લાવવા ઉપર પ્રતિબંધ મૂકવામાં આવશે. વર્તમાન સ્નાતક વિઝા નિયમો અનુસ્નાતક વિદ્યાર્થીઓને તેમના આશ્રિતો સાથે યુકેમાં રહેવાની, તેમનો અભ્યાસક્રમ પૂર્ણ કર્યા પછી વધુ બે વર્ષ રહેવા અને પોસ્ટ-સ્ટડી ગ્રેજયુએટ વિઝા માટે ચૂકવણી કરવાની મંજૂરી આપે છે. આ સમાચારે યુકેમાં તેમનો અભ્યાસ આગળ વધારવાની યોજના બનાવી રહેલા અને તેમના જીવનસાથી, બાળકો અથવા માતા-પિતાને સાથે લાવવાની આશા રાખતા સંભવિત ભારતીય વિદ્યાર્થીઓમાં ભય અને ચિંતાની લાગણી જન્માવી છે. યુકે તેના સમાન શિક્ષણ માળખા સાથે દક્ષિણ એશિયાના વિદ્યાર્થીઓ માટે મુખ્ય આકર્ષણ બની રહ્યું છે અને નવા નિયમો અત્યંત પ્રભાવશાળી હોઈ શકે છે. યુકેમાં યુનિવર્સિટીઓ વિદ્યાર્થીઓની સાથે પરિવારો રાખવા માટે સહાયક છે. આ નવો નિયમ વિદ્યાર્થીઓને યુનિવર્સિટી અને ઘર વચ્ચે તેમના સમયને વિભાજિત કરવાની ફરજ પાડશે. ઘણા લોકો તેમના પરિવારોને અહીં લાવે છે, જે તેમને સર્વગ્રાહી રીતે મદદ કરે છે. આ નિયમો યુકેમાં આવતા વિદ્યાર્થીઓ માટે હાનિકારક બની શકે છે. તે ઘણા લોકો માટે અનુકૂળ સ્થાન તરીકે યુકેની પ્રતિષ્ઠાને પણ અસર કરી શકે છે. યુનિવર્સિટી અને કોલેજ યુનિયનના જનરલ સેક્રેટરી જો ગ્રેડીએ બ્રેવરમેનની આ દરખાસ્તને શરમજનક ગણાવી છે અને તેને પ્રતિશોધાત્મક ચાલ કહ્યું છે અને કહ્યું કે, યુકેમાં આવનારી આંતરરાષ્ટ્રીય પ્રતિભાઓ માટે આ પગલાંનું પેકેજ નુકસાનકારક હોઈ શકે છે. નમિત જૈન કહે છે કે, અમે ગયા વર્ષે લગ્ન કર્યા હતા અને અમને બંનેને લાગ્યું કે મારા માટે ૨૦૨૪-૨૫ની બેચ દ્વારા યુકે આવવાની તક છે. પરંતુ નવો નિયમ મને મારા નિર્ણય ઉપર પુર્નઃ વિચાર કરવા મજબૂર કરી રહ્યો છે. જો મારી પત્ની મારી સાથે ન હોઈ શકે, તો મારે તેને મળવા માટે ભારત પાછા ફરવું પડશે, જે મારા માટે આર્થિક રીતે શક્ય નથી. જૈન હવે યુએસએ જવાનું વિચારી રહ્યા છે અને તેઓ માને છે કે ઘણા લોકો આવા વિકલ્પો શોધશે. દિલ્હી સ્થિત આંતરરાષ્ટ્રીય અભ્યાસ કાઉન્સેલર અને સલાહકાર, આલોક બંસલ પણ આવી સમાન વાત કરે છે અને દાવો કરે છે કે નવા નિયમનથી સંભવિત વિદ્યાર્થીઓ પહેલેથી જ નિરાશ થઈ ગયા છે. તેમાંના ઘણા લોકો યુરોપમાં આર્થિક પરિસ્થિતિથી પહેલેથી જ અસ્વસ્થ હતા. આ નિયમન સાથે, તેઓ યુકેમાં અભ્યાસ કરવા અંગે અનિશ્ચિતતા અનુભવે છે અને યુએસએ, ફ્રાન્સ અને આયર્લેન્ડ જેવા દેશોને વૈકલ્પિક સ્થળો તરીકે પસંદ કરી રહ્યા છે. યુકેની ઓફિસ ફોર નેશનલ સ્ટેટિસ્ટિક્સ (ONS) દ્વારા, માર્ચ ૨૦૨૧માં ઈંગ્લેન્ડ અને વેલ્સ માટે હાથ ધરવામાં આવેલી તેની ઓનલાઈન વસ્તી ગણતરીમાં જાણવા મળ્યું કે ૪૩,૧૭૫ નોંધણી સાથે નોન-યુકે વિદ્યાર્થીઓની વસ્તીમાં ભારતીયો સૌથી વધુ છે, ત્યારબાદ ચીનની સંખ્યા ૪૧,૮૧૦ છે. નવા નિયમને જોતાં, આ સંખ્યા ઘટશે અને તેની અસર આવતા વર્ષે જોવામાં આવશે કારણ કે યુકેના વિદ્યાર્થી વિઝા ઉપર આશ્રિતોને લાવવા માટે પ્રતિબંધિત વિદ્યાર્થીઓની પ્રથમ બેચ ૨૦૨૪-૨૫ પ્રવેશ માટે લાગુ થાય છે.

# ગુજરાતને કુપોષણમુક્ત બનાવવા રાજ્ય સરકારનો માસ્ટર પ્લાન તૈયાર : આરોગ્ય મંત્રી ઋષિકેશભાઇ પટેલ

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૨



ગાંધીનગર ખાતે આરોગ્ય મંત્રી ઋષિકેશભાઈ પટેલના અધ્યક્ષસ્થાને સંસદસભ્યઓ તેમજ ધારાસભ્યઓની સ્થાયી પરામર્શસમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં મંત્રીના હસ્તકના આરોગ્ય અને પરિવાર કલ્યાણ, ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ તેમજ કાયદા વિભાગ દ્વારા થયેલી વિશેષ કામગીરી, યોજનાના અમલીકરણ, બેસ્ટ પ્રેક્ટીસીસ, વિવિધ ઉપલબ્ધિઓ અંગે સભ્યઓને વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. ત્યારબાદ વિભાગ સંબંધિત બંને પક્ષના પ્રશ્નો અંગે હકારાત્મક અને વિસ્તૃત ચર્ચા-વિચારણા પણ કરવામાં આવી હતી. આ બેઠકમાં રાજ્ય શિક્ષણ મંત્રી પ્રફુલ્લભાઈ પાનસેરિયા પણ ઉપસ્થિત રહ્યા હતા. આરોગ્ય મંત્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતને કુપોષણમુક્ત બનાવવા રાજ્ય સરકારે માસ્ટર પ્લાન તૈયારન કર્યો છે. કુપોષણને જળ-મૂળથી નાબૂદ કરવા "મારૂ ગામ, કુપોષણ મુક્ત ગામ" અભિયાનની રૂપરેખા તૈયાર કરવામાં આવી રહી છે. આગામી સમયમાં આ જન અંદોલન રાજ્યમાં કુપોષણનો દર ઘટાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. આવા વિવિધ જન અંદોલન અને રાજયની અદ્યતન આરોગ્ય સુવિધાઓના પરિણામે જ ગુજરાત આજે આરોગ્યક્ષેત્રે દેશમાં અગ્રેસર છે. ગુજરાતના નાગરિકોને વધુમાં વધુ સરળતાથી અને ગુણવત્તાસભર આરોગ્ય સુવિધાઓ તેમની આસપાસના વિસ્તારોમાં જ મળી રહે તે માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. મંત્રી પટેલે ઉમેર્યું હતું કે, ગુજરાતના આર્થીક રીતે નબળા પરંતુ તેજસ્વી અને પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ પણ ઉચ્ચ અભ્યાસ પ્રાપ્ત કરીને પોતાનું ભવિષ્ય સુધારી શકે તે માટે રાજ્ય સરકાર અનેક યોજનાઓ થકી આવા વિદ્યાર્થીઓને આર્થિક સહાય પૂરી પાડી રહી છે. આવી જ રીતે રાજયના ઉદ્યમી યુવાઓને પણ તેમના ઈનોવેશન કેઆઈડિયા માટે પૂરતું પ્રોત્સાહન આપવા સ્ટુડન્ટ સ્ટાર્ટ-અપ એન્ડ ઈનોવેશન ૨.૦ જેવી યોજના અમલી બનાવવામાં આવી છે. આવી વિવિધ કલ્યાણકારી યોજનાઓના પરિણામે આજે રાજ્યના અનેક બાળકો ઉચ્ચ શિક્ષણ સાથે રોજગારી પણ મેળવી છે. પરામર્શ સમિતિના સભ્ય તરીકે સાંસદ ડો. અમીબેન યાજ્ઞિક, ધારાસભ્ય ડો. દર્શીતાબેન શાહ, ડો. દર્શાનાબેન દેશમુખ અને વિનેન્દ્રસિંહ ઝાલા દ્વારા સંબંધિત વિભાગવાર જુદી-જુદી રજૂઆતો કરવામાં આવી હતી. જેમાં પ્રાઈવેટ કોલેજો અને યુનીવર્સીટીઓમાં ફી નિયમન કરવા, સરકારી કોલજોમાં લેબ ટેકનીક્સિયનનો કોર્ષ શરૂ કરવા, રાજયમાં કુપોષણ ઘટાડવા, મધ્યાહનર ભોજનમાં પોષણયુક્ત ખોરાકમાં વધારો કરવા, PMJAY-MA કાર્ડમાં ઈમરજન્સી કેસોને પ્રાધાન્ય આપવા, કોકલીયર ઈમ્પ્લાન્ટ બાદ સ્પીચ થેરાપી અને મશીન મેઈન્ટેનેન્સ કરવા, કેમ્પસ પ્લેસમેન્ટ, કોર્ષ અને કન્ટેન્ટ નિયમન કરવા તેમજ એન્જીનીયરીંગ અભ્યાસક્રમની બેઠકો જેવા વિષયો ઉપર ચર્ચા-વિમર્શ કરવામાં આવી હતી. આ બેઠકની શરૂઆતમાં આરોગ્ય વિભાગના આરોગ્યલક્ષી કાર્યક્રમ, યોજનાઓ, બાળકથી લઈ વૃદ્ધને સાંકળી લેતી મહત્વની સેવાઓ, ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ વિભાગ હેઠળની મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના, સ્ટુડન્ટ સ્ટાર્ટ-અપ એન્ડ ઈનોવેશન ૨.૦ જેવી યોજના અને વિભાગની કામગીરી તેમજ કાયદા વિભાગની કામગીરી અંગે વિસ્તૃત પ્રેઝન્ટેશન આપવામાં આવ્યું હતું. આ બેઠક બાદ ઉપસ્થિત સભ્યઓએ રાજ્ય સરકારના આ મહત્વના વિભાગોની કામગીરી અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો.

# રાજ્ય માર્ગ સલામતી સત્તામંડળની ઉત્કૃષ્ટ કામગીરીના પરિણામે માર્ગ અકસ્માતોનું પ્રમાણ ઘટ્યું : વાહનવ્યવહાર મંત્રી હર્ષ સંઘવી

**અકસ્માત સ્થળથી હોસ્પિટલની સારવાર સુધીના સમયમાં ઘટાડાના પરિણામે રાજ્યમાં છેલ્લા ૧૦ વર્ષમાં માર્ગ અકસ્માતમાં ૪૪ ટકાનો ઘટાડો નોંધાયો : વાહન વ્યવહાર રાજ્યમંત્રી હર્ષ સંઘવીના અધ્યક્ષ સ્થાને રાજ્ય માર્ગ સલામતી પરિષદની બેઠક યોજાઈ : 'રોડ સેફટી અવેરનેસ' તથા 'ગુડ સમારિટન'ને પ્રોત્સાહિત કરવાની કામગીરીને રેગ્યુલર પ્રેક્ટિસ બનાવવા મંત્રીનું સૂચન**

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૨






વાહન વ્યવહાર રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, રાજ્ય માર્ગ સલામતી સત્તામંડળની ઉત્કૃષ્ટ કામગીરીના પરિણામે માર્ગ અકસ્માતોનું પ્રમાણ ઘટ્યું છે. અકસ્માતના સ્થળથી હોસ્પિટલ પહોંચી સારવાર મેળવવાના સમયમાં ઘટાડાના પરિણામે રાજ્યમાં માર્ગ અકસ્માતમાં છેલ્લા ૧૦ વર્ષમાં ૪૪ટકાનો ઘટાડો નોંધાયો છે, જે રાજય સરકારની હકારાત્મક કામગીરીમાં પ્રતિબદ્ધતાનો નિર્દેશ કરે છે. ગાંધીનગર ખાતે રાજ્ય માર્ગ સલામતી પરિષદની બેઠક મંત્રી સંઘવીના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. જેમાં તેમણે કહ્યું હતું કે, વર્ષ ૨૦૧૨ને પાયાના વર્ષ તરીકે ગણીએ તો તેની સરખામણીએ વર્ષ ૨૦૨૨માં રાજ્યમાં વાહનોની સંખ્યામાં વધારો થયો હોવા છતાં ૪૪ ટકાનો ઘટાડો થયો છે. રાજ્યમાં ૫ઈ -એન્જીનીયરીંગ, એન્ફોર્સમેન્ટ, ઈમરજન્સી, એજ્યુકેશન એન્ડ અવેરનેસ તથા ઈફેક્ટિવ કો-ઓર્ડીનેશન થકી રાજ્યમાં માર્ગ સલામતી મુદ્દે ઉત્કૃષ્ટ કામગીરી થઈ રહી હોવાનું મંત્રીએ જણાવ્યું હતું. મંત્રીએ વધુમાં કહ્યું હતું કે, ભવિષ્યમાં BISAGના માધ્યમથી શાળાઓમાં અભ્યાસ કરતાં બાળકોને માર્ગ સલામતી બાબતે જાગૃત કરવામાં આવશે. આગામી વર્ષથી રાજ્ય સરકાર દ્વારા ધોરણ ૬થી ૧૨માં ક્રમશઃ માર્ગ સલામતી અંગે પ્રકરણ દાખલ કરવામાં આવશે. ગુજરાત રોડ સેફટી ઓથોરીટી તથા સ્ટેક-હોલ્ડર વિભાગો દ્વારા રાજયમાં કેન્દ્રીય ધોરીમાર્ગ સત્તામંડળ(NHAI), માર્ગ અને મકાન વિભાગ તથા શહેરી વિકાસ વિભાગના દ્વારા રાજયમાં વારંવાર અકસ્માત થતા હોય તેવા હાઈવે ઉપરના બ્લેક સ્પોટ ઘટાડવામાં ઉત્કૃષ્ટ કામગીરી કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૨ના કુલ અકસ્માતો પૈકી ૫૬ ટકા અકસ્માતોમાં વાહનને પાછળથી ટક્કર વાગવી, હિટ એન્ડ રન તથા સાઈડથી ટક્કર વાગવાનું પ્રમાણ વધારે છે. જયારે હેલ્મેટ ન પહેરવાના કારણે વર્ષ ૨૦૨૨માં અકસ્માતનું પ્રમાણ ૩૨.૪૨ ટકા હતું. જ્યારે સીટ બેલ્ટ ન બાંધવાને કારણે અકસ્માતના કિસ્સાઓમાં વધારો જોવા મળ્યો છે. આ ઉપરાંત કુલ અકસ્માતો પૈકી ૧૮ ટકા અકસ્માતો વિવિધ જંક્શન ઉપર નોંધાયા છે. કુલ અકસ્માતોના બનાવો પૈકી ૭૩ ટકાથી વધુ મોતનો ભોગ બનનારની વય ૧૮થી ૪૫ વર્ષની નોંધાઈ છે. જયારે મૃતકોની સંખ્યામાં ૬૭ ટકા જેટલા વ્યક્તિઓમાં મોટરબાઈકચાલકો, સાઈકલ સવાર તથા પદયાત્રીઓનો સમાવેશ થાય છે. મંત્રી સંઘવીએ જણાવ્યું હતુ કે આગામી દિવસોમાં નાગરિકોમાં હેલ્મેટ પહેરવા અંગે જાગૃતિ લાવવા માટેના રાજયવ્યાપી પ્રયત્નો હાથ ધરવામાં આવશે, જેથી અમૂલ્ય માનવ જીવન બચાવી શકાય. બાળકોના માતા-પિતા હેલ્મેટ પહેરવા બાબતે જાગૃત થાય તથા પોતાના બાળકોને હેલ્મેટ પહેરવાનો આગ્રહ રાખે તે માટેની જાગૃતિ લાવવાના પ્રયાસો હાથ ધરવા જણાવ્યું હતુ. રોગ સાઈડ વાહન હંકારતા ચાલકો સામે કડક કાર્યવાહી કરવા તથા રોડ એન્જીનીયરીંગ બાબતે રોડ સાઈનેજીસ, ટ્રાફીક કામીંગ મેઝર્સ સહિતના તમામ જરૂરી પગલા લેવા જણાવ્યુ હતું. મંત્રીએ રાજયના સરખેજ-ગાંધીનગર હાઈવે, ભરૂચ-સુરત હાઈવે તથા અમદાવાદ-રાજકોટ હાઈવે ઉપર તમામ પ્રકારના પગલા લઈ માર્ગ સલામતીની દ્રષ્ટિએ મોડલ રોડ તરીકે વિકસાવવા સૂચના આપી હતી. તેમજ આવી જ રીતે રાજયના અન્ય તમામ માર્ગો ઉપર માર્ગ સલામતીને લગતા જરૂરી પગલા લેવા ઉપર ખાસ ભાર મૂક્યો હતો. અકસ્માત પછીના તુરંત એક કલાક(ગોલ્ડન અવર)માં ઈજાગ્રસ્તને તબીબી સારવાર મળી રહે તો તેનો જીવ બચવાની શક્યતાઓ ખૂબ જ વધી જાય છે તેના ઉપર ભાર મૂકતા મંત્રીએ ઈજાગ્રસ્તને તાત્કાલિક સારવાર મળી રહે તે માટે જરૂરી કાર્યવાહી કરવા મંત્રીએ સૂચના આપી હતી. આ બેઠકમાં સ્ટેટ રોડ સેફટી કાઉન્સિલની ગત બેઠકની કાર્યનોંધને બહાલી તથા રાજ્યમાં તાજેતરમાં થયેલ ગંભીર માર્ગ અકસ્માતો અને તેના તપાસણી અહેવાલ મુદ્દે ચર્ચા થઈ હતી. ઉપરાંત વર્ષ ૨૦૨૨ દરમ્યાન થયેલા માર્ગ અકસ્માતોના આંકડાઓનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત અમદાવાદથી રાજકોટ હાઈવે(NH-૪૭) ઉપર માર્ગ સલામતી સુનિશ્ચિત કરવા લીધેલ પગલાંઓ બાબતે માર્ગ અને મકાન વિભાગનું પ્રેઝન્ટેશન તથા ભરૂચ-સુરત NH-૮ના સ્ટ્રેચને 'ઝીરો ફેટાલિટી કોરિડોર(ZFC)' તરીકે વિકસાવવા બાબતે NHAIએ કરેલ કામગીરી અને આયોજનની સમીક્ષા બાબતે પ્રેઝન્ટેશન કરવામાં આવ્યાં હતાં. તેમજ નામ. સુપ્રિમ કોર્ટ કમિટી ઓન રોડ સેફટીને સબમિટ કરેલ ઈલેક્ટ્રોનિક મોનિટરીંગ ઓફ એન્ફોર્સમેન્ટ બાબતના એક્શન પ્લાનની ટૂંકી વિગતો રજૂ કરવામાં આવી હતી. આ બેઠકમાં બંદર અને વાહન વ્યવહાર વિભાગના અધિક મુખ્ય સચિવ, માર્ગ અને મકાન વિભાગના સચિવ, ટ્રાફિક પોલીસ મહાનિરીક્ષક, ગુજરાત રોડ સેફટી ઓથોરીટીના રોડ સેફટી કમિશનર, વાહનવ્યવહાર કમિશનર, GSRTCના ઉપાધ્યક્ષ અને મેનેજિંગ ડાયરેકટર, NHAIના ચીફ જનરલ મેનેજર, આરોગ્ય અને પરિવાર કલ્યાણ તથા શિક્ષણ વિભાગના અધિકારીઓ તેમજ અન્ય ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિતિ રહ્યાં હતાં.

"મંઝિલે પૈરોં સે નહિ, હોસલોસે તય કી જાતી હૈ"

# જુડો રમતવીર ક્રિષ્ના ઉપર અચાનક આવી પડેલી આપદાને શ્રદ્ધા ગુમાવ્યા વગર પરિશ્રમ કરવાનો સંકલ્પ કર્યો, પગ ગુમાવ્યા, પણ હિંમત નહીં : રાજ્ય સરકારના સાથ થકી ધો. ૧૨માં ૯૯.૭૭ પી.આર. સાથે મેળવી જવલંત સફળતા



ગુજરાતમાં ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ જાહેર થયું છે ત્યારે રાજકોટની ડીસ્ટ્રીકટ લેવલ સ્પોર્ટસ સ્કૂલની વિદ્યાર્થીનિ ક્રિષ્ના બારડે જવલંત સફળતાનું ઉત્તમ ઉદાહરણ પૂરૂ પાડ્યું છે. મૂળ અમરેલીની અને સાત વર્ષથી જુડો રમતી ક્રિષ્નાએ ૨૦૧૬માં રાજકોટની ડિસ્ટ્રીકટ લેવલ સ્પોર્ટસ સ્કૂલમાં જુડો રમતવીર તરીકે જોડાઈ રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે નામના મેળવી છે અને નવ મેડલ હાંસલ કર્યા છે. જેમાં ત્રણ ગોલ્ડ, ત્રણ સિલ્વર અને ત્રણ બ્રોન્ઝ મેડલનો સમાવેશ થાય છે. નિયતિએ ક્રિશ્રા માટે કંઈ અલગ જ નિર્માણ કર્યું હતું, ૨૯-૧૨-૨૦૨૧ના રોજ વાપીથી રાજ્ય સ્તરની જુડો સ્પર્ધા રમી રાજકોટ પરત આવતી ક્રિશ્રા તથા અન્ય રમતવીરોની તુફાન ગાડીનો બગોદરા પાસે ટ્રક સાથે અકસ્માત થયો. કરોડરજ્જુમાં ઈજા થવાને કારણે ક્રિષ્નાના બંને પગ પેરેલાઈઝડ થઈ ગયા અને એક જ ક્ષણમાં તેનું નસીબ પલટાઈ ગયું. અચાનક આવી પડેલી વિપદાની ક્ષણમાં પણ ક્રિષ્નાએ હિંમત ન હારતા રાજ્ય સરકારના દરેક પ્રકારના સહયોગ સાથે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં કરોડરજ્જુનું ઓપરેશન કરાવ્યું. આ એ જ વર્ષ હતું જ્યારે ક્રિષ્ના ધોરણ ૧૨માં પરીક્ષામાં બેસવાની હતી પરંતુ અકસ્માત થતાં તે પરીક્ષા આપી શકી નહીં. કમરથી ઊભું પણ ના થઈ શકવાને કારણે એક વર્ષનો તેણે ડ્રોપ લેવો પડ્યો. પરંતુ ક્રિષ્નાએ પોતાના ઉપરની શ્રદ્ધા ગુમાવ્યા વગર પરિશ્રમ કરવાનો સંકલ્પ કર્યો. અકસ્માત થવાને કારણે ક્રિષ્ના ધોરણ ૧૨ની પરીક્ષા આપી શકી નહોતી તેથી રાજ્ય સરકાર અને ડી.એલ.એસ.એસ. તરફથી શાળામાં ફરી પ્રવેશ આપવાની સાથે રહેવા, જમવા, ઓપરેશન અને દવાઓનો ખર્ચ સહિતની સુવિધાઓ પુરી પાડવામાં આવી હતી. ક્રિષ્નાએ આરોગ્યમંત્રી, શિક્ષણમંત્રી અને રમત-ગમત વિભાગ મંત્રી તરફથી મળેલ મદદને સફળ કરતાં ધો.૧૨ની પરીક્ષામાં ૯૯.૭૭ પી.આર મેળવી સમગ્ર ગુજરાતમાં ડી.એલ.એસ.એસ.માં પ્રથમ ક્રમે ઉતીર્ણ થઈ છે. ક્રિષ્ના બારડ કહે છે કે, રમતગમતમાં આગળ વધવાની મારી ખૂબ ઈચ્છા હતી, જ્યારે અકસ્માત બાદ મારા પગ કામ કરતા બંધ થયા એ મારા માટે ખૂબ મોટો આઘાત હતો. પરંતુ મારા શિક્ષકો, કોચ, ટ્રસ્ટી, સ્ટાફ દરેક પાસેથી મને પ્રેરણા મળી અને મેં હિંમત રાખી જીવનમાં આગળ વધવાનો નિર્ણય લીધો. સરકાર, શિક્ષકો, પરિવાર સૌના સાથ થકી આજે હું આ સફળતા મેળવી શકી છું. ભવિષ્યમાં ક્લાસ વન અધિકારી બનવાની મારી ઈચ્છા છે તે માટે મેં અત્યારથી જ વાંચન શરૂ કરી દીધું છે. વધુમાં ડી.એલ.એસ.એસ. શાળાના ટ્રસ્ટી જીતુભાઈ ધોળકિયાએ જણાવ્યું હતું કે, દરેક બાળકના જીવનમાં આવતા ઉતાર-ચડાવમાંથી તે શીખતું હોય છે. અકસ્માતની દુઃખદ ઘટના સમયે અમે દીકરીને હિંમત આપતા કહ્યું કે તારૂ માત્ર એક વર્ષ બગડ્યું છે, જિંદગી નહીં અને તું ધારે તે કરી શકીશ. આ શીખ ગાંઠે બાંધીને તેણે આજે સિદ્ધ કરી બતાવ્યું છે. ગુજરાત સરકાર, રમત ગમત વિભાગ અને અધિકારીઓ તરફથી ક્રિષ્નાને આ બીજી તક આપી તેની ક્ષમતાને ખીલવવામાં ખૂબ સહકાર મળ્યો છે. આ કપરી ક્ષણે જિલ્લા રમત વિકાસ અધિકારી રમા મદ્રાએ ક્રિષ્નાને દરેક ક્ષણે સાથ આપ્યો. રમા મદ્રાએ કહ્યું કે, અકસ્માત સમયે આ દીકરી પાસે પહોંચનાર પ્રથમ હું હતી. તકલીફના અને અત્યંત વિકટ પરિસ્થિતિમાં પણ જો આપણે હિંમત ન હારીએ તો મંઝિલ સુધી સરળતાથી પહોંચી શકીએ છીએ એ ઉદાહરણ આ દીકરીએ સમાજને પૂરૂ પાડ્યું છે. ક્રિષ્નાના પિતા કલ્યાણજીભાઈ બારડ અમરેલીના મોટા સમઢીયાળા ખાતે ખેતી કરે છે, દીકરીની આવી હાલત જોઈ ક્રિષ્નાના માતાએ તો જાણે ક્રિષ્ના આગળ ભણી જ નહીં શકે તેમ માની લીધું હતું. પણ અડગ મનના માનવીને હિમાલય પણ નડતો નથી તેમ ક્રિષ્નાએ પુરવાર કરી દીધું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ડી.એલ.એસ.એસ એટલે કે ડીસ્ટ્રીકટ લેવલ સ્પોર્ટસ સ્કૂલ એ રાજ્ય સરકારની પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ યોજના છે, જે અંતર્ગત જોડાયેલ નિર્ધારિત શાળા બાળકોને શિક્ષણ પ્રદાન કરે છે, અને સરકાર દ્વારા તેમને રમતગમતનું કોચિંગ, કીટ, રહેવા, જમવાની સુવિધા તેમજ તેનો રમતગમત ક્ષેત્રે સર્વાંગી વિકાસ થાય તે માટે તમામ સુવિધા આપવામાં આવે છે.

# ફાઈનલ માટે ૧૨ કરોડથી વધુ વ્યૂઅર્સના ટ્યૂન ઈન કરવાની સાથે ટાટા આઈપીએલ ૨૦૨૩માં જિયોસિનેમાના ડિજિટલ પાવરપ્લેમાં એક નવા યુગની શરૂઆત થઈ

**ટીવીની તુલનામાં ડિજિટલ ઉપર એડ રેવન્યૂ ઘણો વધુ, જિયોસિનેમા ઉપર એડવર્ટાઈઝર્સની સંખ્યા ટીવીની તુલનામાં ૧૩ ગણી કરતા વધારે : ટાટા આઈપીએલ ૨૦૨૩ દરમ્યાન કનેકટેડ ટીવીની પહોંચ એચડી ટીવીની તુલનામાં ૨ ગણી વધારે**

(પ્રતિનિધિ દ્વારા)

મુંબઈ તા.૨

ટાટા આઈપીએલ ૨૦૨૩માં જિયોસિનેમાના ડિજિટલ પાવરપ્લેએ આ રમતને નિહાળવાની આખી પ્રણાલિમાં એક નવા યુગની શરૂઆત કરતા વિશ્વવિક્રમને તોડી નાંખ્યો. ટાટા આઈપીએલ ૨૦૨૩ વિશ્વસ્તરે સૌથી વધુ સંખ્યામાં જોવાનારી ડિજિટલ ઈવેન્ટ બની ચૂકી છે. આ જ કારણ છે કે જિયોસિનેમાએ એક પછી એક લાગલગાટ ગ્લોબલ બેન્ચમાર્ક સ્થાપિત કર્યા છે. તેનું સૌથી મોટું અને લેટેસ્ટ દ્રષ્ટાંત એ છે કે અત્યાર સુધીની સૌથી રોમાંચક ટાટા આઈપીએલ ફાઈનલને જોવા માટે ૧૨ કરોડથી વધુ યુનિક દર્શકોએ ટ્યૂનિંગ-ઈન કર્યું. જિયોસિનેમાના રેકોર્ડતોડ કન્ઝ્યૂમર એંગેજમેન્ટની પાછળનું મુખ્ય કારણ એ હતું કે ટાટા આઈપીએલના આ સત્તાવાર ડિજિટલ સ્ટ્રીમિંગ પાર્ટનરે ૨૦૨૩ સિઝનને ૧૨ ભાષાઓમાં ફેન્સની સામે પ્રસ્તુત કરી હતી, જેમાં 4K સહિત ૧૭ ફીડ્સ હતા. આ પ્રસારણ દર્શકોને એઆર-વીઆર અને ૩૬૦ ડિગ્રી વ્યૂઈંગની સાથે મેચને દરેક ખૂણેથી જોવાની સ્વતંત્રતા આપતું હતું. આ કારણે આઈપીએલ જોવાની ફેન્સની અનુભૂતિ પહેલા કરતા વધુ રોમાંચક અને એકશનથી ભરપૂર બની ગઈ હતી. આ કારણે દર મેચ દીઠ દર્શકો દ્વારા આ પ્લેટફોર્મ ઉપર સરેરાશ ૬૦ મિનિટ પસાર કરવામાં આવી હતી. જિયોસિનેમા ૨.૫ કરોડથી વધુ ડાઉનલોડ રજિસ્ટર કરી ચૂક્યું છે. આ એક જ દિવસમાં સૌથી વધુ ઈન્સ્ટોલ કરવામાં આવેલી કોઈ પણ એપની વિક્રમજનક સંખ્યા છે.

પહેલા ચાર સપ્તાહ દરમ્યાન તેને અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો અને ત્યારબાદ, જિયોસિનેમાએ ફેન્સને રાજી-રાજી કરી દેતા ૩૬૦-ડિગ્રી વ્યૂઈંગ ફીચર જારી કર્યું, જે ડિજિટલ ઉપર ઈમર્સિવ ફેન એંગેજમેન્ટની તાકાતને દર્શાવે છે. જિયોસિનેમાએ-જીતો ધન ધના ધન-ની શરૂઆત કરીને તેમજ ૩૦થી વધુ શહેરોમાં ફેન્સને ટાટા આઈપીએલ ફેન પાર્કમાં આમંત્રિત કરવાની પોતાની ડિજિટલ-ફર્સ્ટ ઓફરિંગનો વિસ્તાર કર્યો. વાયકોમ ૧૮ સ્પોર્ટ્સના સીઈઓ અનિલ જયરાજે આ પ્રસંગે જણાવ્યું હતું કે, "જિયોસિનેમાએ ટાટા આઈપીએલ દરમ્યાન પોતાના સ્પોન્સર્સ તથા એડવર્ટાઈઝર્સને ઘણી ઓફર પ્રસ્તુત કરી હતી. આમાં ટાર્ગેટિંગ, ફ્લેક્સિબિલિટી ઓફ કાસ્ટ, મેઝરમેન્ટ, ઈન્ટરેક્ટિવિટી, રીચ એન્ડ ઈન્ટિગ્રેશન સામેલ છે. ડિજિટલ ઉપર ઉલ્લેખનીય એંગેજમેન્ટ અને પાર્ટિસિપેશન આ ઉદ્યોગમાં એક મહત્ત્વપૂર્ણ વળાંક છે જ્યાં દર્શકો તથા એડવર્ટાઈઝર્સ બંનેએ પોતાની પસંદ અને પ્રાથમિકતા સ્પષ્ટ કરી દીધી છે.

આનાથી દર્શકોની સંખ્યાની સાથે-સાથે એડ એકસને પણ આગળ વધવા માટે મહત્ત્વપૂર્ણ રાહ મળી ચૂકી છે." ટાટા આઈપીએલ ૨૦૨૩ને લઈને દર્શકોનો ઉત્સાહ ફાઈલ દરમ્યાન તો ચરમસીમાએ પહોંચી ગયો હતો કારણ કે જિયોસિનેમાએ આ મેચની સાથે ૩.૨૧ કરોડની પીક કક્રન્સીના સ્વરૂપમાં નવો વિશ્વવિક્રમ સ્થાપ્યો હતો. ટાટા આઈપીએલના સત્તાવાર ડિજિટલ સ્ટ્રીમિંગ પાર્ટનરે ૧૬મી આવૃત્તિ દરમ્યાન ૧૭૦૦ કરોડથી વધુ વિડિયો વ્યૂ રજિસ્ટર કર્યા છે. જિયોસિનેમાના બેજોડ કન્ઝ્યુમર એંગેજમેન્ટને ૨૬ સ્પોન્સર્સ તથા ૮૦૦થી વધુ એડવર્ટીઝર્સનો સાથ મળ્યો. આ પ્લેટફોર્મે ટાટા આઈપીએલ ઉપર એડવર્ટાઈઝર્સની સૌથી વધુ સંખ્યા પણ રજિસ્ટર કરાવી હતી. જિયોસિનેમાએ બ્રોડકાસ્ટ ટીવીની તુલનામાં ૧૩ ગણા વધુ એડવર્ટાઈઝર્સ પ્રાપ્ત કર્યા છે. એડવર્ટાઈઝર્સના વિશ્વાસ અને ભરોસાએ એ સુનિશ્ચિત કર્યું છે કે, બ્રોડકાસ્ટ ટીવીની તુલનામાં ડિજિટલ રેવન્યુ પણ ઘણી વધુ રહી હતી. ટાટા આઈપીએલ ૨૦૨૩ની પોતાની ડિજિટલ સ્ટ્રીમિંગ માટે ટોચની ૨૬ બ્રાન્ડે જિયોસિનેમા સાથે પાર્ટનરશીપ કરી, જેમાં (કો-પ્રેઝન્ટિંગ સ્પોન્સર ડ્રીમ૧૧, (કો-પાવર્ડ) જિયોમાર્ટ, ફોનપે, ટિયાગો ઈવી, જિયો (એસોસિયેટ સ્પોન્સર) એપી ફીઝ, ઈટીમની, કેસ્ટ્રોલ, ટીવીએસ, ઓરિયો, બિંગો, સ્ટિંગ, આજિયો, હાયર, રૂપે, લુઈ ફિલિપ જીન્સ, એમેઝોન, રેપિડો, અલ્ટ્રાટેક સિમેન્ટ, પ્યૂમા, કમલા પસંદ, કિંગફિશર પાવર સોડા, જિન્દાલ પેન્થર ટીએમટી રેબાર, સાઉદી ટૂરિઝમ, સ્પોટિફાય તથા એએમએફઆઈ સામેલ છે. કનેક્ટેડ ટીવી શહેરી પ્રિમિયમ પરિવારો માટે પસંદગીનું માધ્યમ બની ગયું છે. ટાટા આઈપીએલ દરમ્યાન તેનો વ્યાપ સિઝનના પહેલા પાંચ સપ્તાહની અંદર જ એચડી ટીવીની તુલનામાં બેગણો થઈ ગયો. જિયોસિનેમાના સીટીવી ઉપર વિશેષ રીતે ૪૦થી વધુ એડવર્ટાઈઝર્સ હતા, જેમાં ઘણી ઈન્ટરનેશનલ બ્રાન્ડ્સ, ફાઈનાન્સિયલ સર્વિસીઝ, ઈ-કોમર્સ, ઓટો, બીરસી, બીરબી બ્રાન્ડ્સ સામેલ હતી.

# ટોલ ટેક્સની રસીદના શા અનેક ફાયદા

શું તમે જાણો છો કે જો તમે ટોલની રસીદ ફેંકી દેવાને બદલે તમારી પાસે રાખો તો તેના કેટલા ફાયદા છે ? ટોલ ફી રસીદનું મૂલ્ય સમજો અને તેનો ઉપયોગ કરો ટોલ બૂથ ઉપર મળેલી આ રસીદમાં શું છુપાયેલું છે ? અને શા માટે તેને સુરક્ષિત રાખો, તેના વધારાના ફાયદા શું છે ?" ચાલો આજે જાણીએ. જો તમારી કાર ટોલ રોડ ઉપર મુસાફરી કરતી વખતે તૂટી જાય છે, તો ટોલ કંપની તમારી કારને ટોઈંગ કરવા માટે જવાબદાર છે. જો એક્સપ્રેસ હાઈવે ઉપર તમારી કારનું પેટ્રોલ અથવા બેટરી સમાપ્ત થઈ જાય, તો ટોલ કલેક્શન કંપની તમારી કારને બદલવા અને પેટ્રોલ અને બાહ્ય ચાર્જિંગ પ્રદાન કરવા માટે જવાબદાર છે. તમારે ફોન કરવો પડશે અને તમને દસ મિનિટમાં મદદ મળશે અને તમને ૫ થી ૧૦ લિટર પેટ્રોલ મફતમાં મળશે. જો કારમાં પંચર પડે તો પણ તમે આ નંબર ઉપર સંપર્ક કરી મદદ મેળવી શકો છો. જો તમારી કાર અકસ્માતમાં સંડોવાયેલી હોય, તો પણ તમારે અથવા તમારી સાથે આવનાર કોઈપણ વ્યક્તિએ પહેલા ટોલ રસીદ ઉપર આપેલા ફોન નંબર ઉપર સંપર્ક કરવો જોઈએ. જો તમે કારમાં મુસાફરી કરી રહ્યા હોવ ત્યારે જો કોઈ વ્યક્તિ અચાનક બીમાર થઈ જાય, તો તે વ્યક્તિને તાત્કાલિક હોસ્પિટલમાં લઈ જવાની જરૂર પડી શકે છે. આવા સમયે તમને એમ્બ્યુલન્સ આપવાની જવાબદારી ટોલ કંપનીઓની છે. જેથી લોકોએ ટોલટેકસની રસીદ સાચવવી જરૂરી છે અને તેના મળતા ફાયદા પણ લોકો મેળવી શકે તે માટે આ જાણકારી આપવામાં આવી છે.

# ચોમાસાની દસ્તક : બે દિવસમાં સૌરાષ્ટ્રના દરિયાના હવામાનમાં ફેરફાર સાથે વાવાઝોડું ફુંકાવાની આગાહી

## સૌરાષ્ટ્રના વિવિધ વિસ્તારોમાં દરિયો નહી ખેડવા માછીમારોને ચેતવણી : તંત્ર સાબદુ





(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨

ચોમાસું દરવાજે ટકોરા દઈ રહ્યું છે અને ચોમાસાની દસ્તકના પગલે હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી રહી છે અને જૂનાગઢ સહિત રાજયભરમાં ચોમાસાને લઈને ભારે વંટોળ, વાવાઝોડાને પગલે સાવચેતીના પગલા અંગે એલર્ટ જારી કરવામાં આવેલ છે. એક તરફ નૈઋત્ય ચોમાસું બે દિવસથી ગતીશીલ બન્યું છે અને કેરળ તરફ આગળ વધ્યું છે. બીજી તરફ વેસ્ટન ડીસ્ટર્બન્સની સાથે દક્ષીણ-પશ્ચિમ રાજસ્થાન પર સાયકલોનીક સકર્યુલેશનથી હવામાનમાં મોટા ફેરફાર તોળાઈ રહ્યા છે. આજથી તા.૫ જુન સુધી રાજયમાં ૪૦થી ૫૦ કિલોમીટરની ઝડપે વંટોળીયો ફુંકાવાની તેમજ કેટલાક વિસ્તારોમાં ગાજવીજ સાથે વરસાદની ચેતવણી આપવામાં આવી છે. અરબી સમુદ્રમાં વાવાઝોડુ સર્જાવવાની શયકતા જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના સુત્રોએ દર્શાવી છે. સૌરાષ્ટ્રમાં નવલખી, જામનગર, ઓખા, પોરબંદર, સલાયા ઉપરાંત કચ્છના માંડવી, જખો, ન્યુ કંડલા સહિતના બંદરોએ દરિયો નહી ખેડવા માછીમારોને ચેતવણી અપાઈ છે. એકંદરે સૌરાષ્ટ્રના દરિયાના હવામાનમાં બે દિવસમાં પલ્ટો આવવાની શકયતા છે ત્યારે ચેતવણીની આલબેલ પોકારવામાં આવી છે.

## જૂનાગઢના નરસિંહ મહેતા સરોવર બ્યુટિફિકેશન મામલે મહનગરપાલિકાએ કેવિયેટ દાખલ કરી




(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨

જૂનાગઢ શહેરની મધ્યમાં આવેલા નરસિંહ મહેતા સરોવરના બ્યુટીફિકેશનની કામગીરી દરમ્યાન અનેક પ્રકારના અંતરાયો આવી રહ્યા છે. આ દરમ્યાન કોર્ટ કાર્યવાહી પહેલા કેવિયેટ નોટીસ મનપા દ્વારા જારી કરવામાં આવી છે. જે અંગેની મળતી વિગત અનુસાર, જૂનાગઢ મહાનગર પાલિકા દ્વારા નરસિંહ મહેતા સરોવર બ્યુટીફીકેશન કામગીરી ચાલી રહી છે. તેની સામે અનેક સવાલ ઉઠતા વિવાદ પણ થયો હતો. હવે જૂનાગઢ મહાનગર પાલિકાએ આ મુદ્દે ભારતનો કોઈપણ નાગરિક કોર્ટ કાર્યવાહી કરે તેવી દહેશત હોવાથી જાહેર કેવિયેટ નોટિસ અખબારમાં પ્રસિદ્ધ થઈ છે. આ નોટિસમાં જણાવ્યું છે કે તા ૨૯-૨૦-૨૦૨૨ના રોજ ટેન્ડર મુજબ મેસર્સ દેવર્ધ કન્ટ્રકશન કંપનીને ગાંધીનગર દ્વારા કામ શરૂ કરવામાં આવ્યું છે. જેના માટે રાજ્ય સરકારે ફંડ પણ ફાળવ્યું છે. આ કામગીરી અટકાવવા આને કામગીરીમાં વિઘ્ન ઉભું કરવા કોઈપણ નાગરિક કોર્ટમાં દાવાઓ કરી મનાઈ હુકમ મેળવવા પ્રયાસ કરે તેવી સંભાવના છે. જાહેરહિતનું કામ અટકાવી શકાય નહીં કે માની હુકમ આપી શકાય નહીં. કેવિયેટરને વ્યાજબી દહેશત છે કે આવી રીતે ભારતનો કોઈપણ નાગરિક આ કામને અટકાવવા પ્રયત્ન કરશે અથવા દાવો દાખલ કરશે.

આથી આ જાહેર કેવિયેટ નોટિસ આપવામાં આવે છે કે કોઈપણ નાગરિક દ્વારા દાવો દાખલ કરવામાં આવે તો એક તરફી હુકમ કરતા પહેલા કેવિયેટરને સાંભળવાની તક આપવામાં આવે. આ નોટિસ મહાનગરપાલિકાના એડવોકેટ ભુવનેશ કક્કડ દ્વારા મહાનગર પાલિકા વતી પ્રસિદ્ધ કરવામાં આવી છે.

## જૂનાગઢ સિવીલ હોસ્પિટલમાંથી ડ્રગ્સના આરોપીને ટોળાએ ભગાડી મુકતા ચકચાર : ફરજમાં રૂકાવટની ફરિયાદ



(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૨

જૂનાગઢ સિવીલ હોસ્પિટલમાં ગઈકાલે બપોરના સમયે પેરોલ ફર્લો સ્કવોર્ડના જાપ્તામાંથી એક આરોપી પોલીસની નજકસામે ભાગી જતા પોલીસ બેડામાં દોડધામ મચી હતી. આરોપીને સારવાર માટે હોસ્પિટલ લાવવામાં આવેલો ત્યારે ઘટના બનતા તેની શોધખોળ કરવામાં આવી રહી છે. આ બનાવના અનુસંધાને ફરજમાં રૂકાવટ સહિતની ફરિયાદ નોંધાવમાં આવી છે અને પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર, જૂનાગઢ જીલ્લા જેલમાં રહેલો સાગર પ્રવીણ રાઠોડ (રહે.ધરાનાગર) નામનો કેદી પેરોલ રજા ઉપર ગયો હતો અને ૭ દિવસથી તે ફરાર થઈને ફરી જેલમાં હાજર ન થતા તે તેના સંબંધી કાજલ રાઠોડની વાડીએ મકાનમાં છુપાયો હોવાની હકિકત મળતા તેનો પકડવા જૂનાગઢ પેરોલ ફર્લો સ્કવોર્ડના પીએસઆઈ વી.કે. ઉંઝીયા સહિત સ્ટાફ સ્થળ ઉપર ગયેલ ત્યારે સાગર દોડવા જતા પડી જતા તેને ઈજાઓ થતા તેને સારવાર માટે ખાનગી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા બાદ સિવીલ હોસ્પિટલ લાવવામાં આવ્યો હતો. ત્યારે અગાઉથી આરોપી સાગરના સગા-સંબંધીઓ જેમાં સાગર વિરજી સોંદરવા, કાજલ મગન રાઠોડ, સાગરના પિતા પ્રવિણ રાઠોડ, સાગરના માતા, સાગરની દાદી, આકાશ પ્રવિણ રાઠોડ અને પાંચથી છ વ્યકિતઓના ટોળાએ સિવીલમાં હંગામો કર્યો હતો. તેવામાં આરોપીના ભાઈએ સિવીલમાં પેટ્રોલની નાની બોટલ કાઢીને પોલીસને રોક્વા જતા તે અરસામાં સાગર રાઠોડ દોડીને બર્ગમેન મોટરસાયકલમાં ભાગી ગયો હતો. જે અંગે મોડી રાત્રે પેરોલ ફર્લો સ્કવોર્ડ દ્વારા એ ડીવીઝનમાં ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદમાં જણાવ્યા અનુસાર આરોપી એનડીપીએસનો આરોપી હોવાનું સામે આવ્યું છે. દરમ્યાન પેરોલ ફર્લો સ્કવોર્ડના પોલીસ હેડ કોન્સ્ટેબલ સંજયભાઈ કાંતીલાલએ સાગર ઉર્ફે સાગરો પ્રવિણભાઈ, સાગર વિરજીભાઈ, કાજલબેન મગનભાઈ, સાગર ઉર્ફે સાગરાના પિતા પ્રવિણભાઈ, સાગર ઉર્ફે સાગરાની માતા, દાદી તથા ભાઈ આકાશ તેમજ પાંચથી છ અજાણ્યા શખ્સો વિરૂધ્ધ પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવતા એ ડીવીઝન પોલીસે આરોપીઓ વિરૂધ્ધ ગેરકાયદેસર મંડળી રચી અને ફરજમાં રૂકાવટ સહિતની વિવિધ કલમ અંતર્ગત ગુનો દાખલ કરેલ છે. આ બનાવની વધુ તપાસ એ ડીવીઝન પોલીસ ચલાવી રહી છે.

## ચોકલી, માણાવદર, શીલ, ભેંસાણ અને વિસાવદરમાંથી ૫૬ જુગારી ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા. ૨

જૂનાગઢ તાલુકા પોલીસે તાલુકાનાં ચોકલી ગામે જાનુબેન વાઘેલાનાં મકાન પાસે જાહેરમાં જુગાર રમતા અજય મકવાણા, જમાલભાઈ હોથી, સુનીલભાઈ ઉર્ફે શકુ મકવાણા, દર્શિતભાઈ નંદા, મુસ્તાકભાઈ ગંભીરને રોકડ રૂા. ૧૨૨૫૦નાં મુદ્દામાલ સાથે ઝડપી લઈ જુગારધારા અંતર્ગત ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

માણાવદર

માણાવદર પોલીસે તાલુકાનાં નાકરા ગામે જુગાર અંગે રેડ કરતાં પાંચ શખ્સોને રોકડ રૂા. ૧૯૬૦૦, મોટરસાયકલ-૨, મોબાઈલ-૩ મળી કુલ રૂા. ૬૨,૬૦૦નાં મુદ્દામાલ સાથે ઝડપી લઈ જુગારધારા અંતર્ગત ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

શીલ

શીલ પોલીસે સામરડા ગામે દરજી ફળીયામાં જાહેરમાં જુગાર રમતા ૬ શખ્સોને રોકડ રૂા. ૨૩૨૮૦નાં મુદ્દામાલ સાથે ઝડપી લીધેલ છે.

ભેંસાણ

ભેંસાણ પોલીસે તાલુકાનાં ખંભાળીયા ગામે સીમ વિસ્તારમાં જાહેરમાં જુગાર રમતા ૯ શખ્સોને રોકડ રૂા. ૫૫૧૭૦ સાથે ઝડપી લીધેલ છે. જયારે ભેંસાણ પોલીસનાં જુગાર અંગેનાં બીજા દરોડામાં ખજુરી હડમતીયા ગામે જાહેરમાં જુગાર રમતા ૧૫ શખ્સોને રોકડ રૂા. ૧૭૪૫૦ સાથે ઝડપી લઈ જુગારધારા અંતર્ગત ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

વિસાવદર

વિસાવદર પોલીસે તાલુકાનાં ખંભાળીયા ગામે જાહેરમાં જુગાર રમતા ૯ શખ્સોને રોકડ રૂા. ૨૧૪૭૦નાં મુદ્દામાલ સાથે ઝડપી લીધેલ છે. જયારે ખંભાળીયામાં જ જુગાર અંગેની બીજી રેડમાં ૭ શખ્સોને રોકડ રૂા. ૧૮૬૩૦ સાથે ઝડપી લઈ જુગારધારા અંતર્ગત ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## જૂનાગઢના ખામધ્રોળ વિસ્તારમાં તલવાર વડે હુમલો : ચાર સામે ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૨

જૂનાગઢના ખામધ્રોળ રોડ ખાતે રહેતા ભાવેશભાઈ વેલજીભાઈ બહેસા (ઉ.વ. ૩૫) એ બાલુભાઈ ખીમજીભાઈ નારીગરા, પ્રતિકભાઈ, ભદ્રેશભાઈ મનસુખભાઈ, મનસુખભાઈ ખીમજીભાઈ વિગેરે સામે નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, આ કામના ફરિયાદી આરોપીની દુકાન પાસેથી નીકળતા આરોપી-૧ નાએ બોલાવેલ અને ફરિયાદી પાસે પાન-માવાના બાકી રૂપીયા માંગેલ જેથી ફરિયાદીએ થોડા દિવસ બાદ રૂપીયા દેવાનું જણાવતા આરોપી નં-૧,૨ નાઓએ ઉશ્કેરાઈ જઈ ફરિયાદીને ભુંડીગાળો કાઢી લોખંડના પાઈપથી ફરિયાદીને શરીરે માર મારવા લાગેલ એવામાં આરોપી નં-૩ પ્લાસ્ટીકના પાઈપ લઈ આવી ફરિયાદીને માર મારવા લાગેલ અને આરોપી નં-૪ તલવાર લઈ આવતા ફરિયાદીને માથામાં એક ઘા મારી ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવવામાં આવતા તાલુકા પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

ૐ નેચર કયોર સેન્ટર
ડો. સી.ડી. ઓઝા (N.D.)

તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુ:ખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યક્તિ માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુ:ખાવા
- કટિબસ્તિ : કમરમાં દુ:ખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)

ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

## જૂનાગઢ શહેરમાં મુસ્લિમ એક્તા મંચ દ્વારા સમૂહ લગ્નનું ભવ્ય આયોજન : તડામાર તૈયારી

**પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સહિત હિંદુ-મુસ્લિમ સમાજના અનેક મહાનુભાવોની ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાશે**

**મુસ્લિમ એકતા મંચના ૨૦૦ હોદેદારો સહિત ૧૦૦૦ કાર્યકર્તાઓની ફોજ વ્યવસ્થામાં ખડે પગે રહેશે : પદ્મશ્રી હીરબાઈબેન લોબીનું વિશેષ સન્માન કરાશે**

જૂનાગઢ, તા.૨

પર્વતમાન સમયમાં જયારે મોંઘવારીએ માઝા મૂકી છે અને ગરીબ તેમજ મધ્યમ વર્ગના પરિવારો માટે લગ્ન પ્રસંગ અતી ખર્ચાળ બની રહ્યા છે ત્યારે મુસ્લિમ સમાજની એકતા માટે પ્રયાસો કરી રહેલી સંસ્થા મુસ્લિમ એકતા મંચની દ્વારા આગામી ૪ જૂનના રોજ જૂનાગઢ ખાતે સમૂહ શાદીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે જે અંતર્ગત મુસ્લિમ સમાજના યુગલો પરિણય ના તાતણે બંધાશે આ જશ્ને સમૂહ શાદી ના મુખ્ય આયોજક અને મુસ્લિમ એકતા મંચના પ્રણેતા એવા યુવા આગેવાન ઈમ્તિયાઝ પઠાણે આ સમૂહ લગ્નની આયોજન બાબતે માહિતી આપતા જણાવ્યું હતું કે, અગામી ૪ જૂનના રોજ નરશીહ મહેતા સ્કૂલ ગ્રાઉન્ડ જૂનાગઢ ખાતે આ અનોખા સમૂહ લગ્નની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. મુસ્લિમ એકતા મંચના ૨૦૦થી વધુ હોદ્દેદારો છેલ્લા એક મહિનાથી આ સમૂહ લગ્નના આયોજનને સફળ બનાવવા માટે રાત દિવસ જહેમત ઉઠાવી રહ્યા છે. મુસ્લિમ સમાજમાં જ્ઞાતિવાઈઝ અનેક સમૂહ લગ્ન થાય છે પરંતુ આ સમૂહ લગ્નમાં એવી ઘણી બાબતોને સમાવેશ કરવામાં આવ્યો છે જેના કારણે આ આયોજનના ભૂતો ના ભવિષ્ય પ્રકારે ભવ્યાતી ભવ્ય હશે. મુસ્લિમ સમાજના નવદંપતી આ સમૂહ લગ્નના અવસરે દાંપત્ય જીવનમાં પ્રવેશ કરશે અને તેઓએ તેમના જીવન નિર્વાહ દરમ્યાન જરૂરિયાત રહે તે તમામ પ્રકારનો કરયાવાર મુસ્લિમ એકતા મંચ અને આયોજકો તેમજ સમાજના મોભીઓ દ્વારા આપવામાં આવશે. આ સમૂહ શાદીમાં નીકાહ પઢનારા તમામ યુગલોને તમામ માનવંતા પીરે તરીકતો, મોલવીઓ, તેમજ હિંદુ-મુસ્લિમ સમાજના સમગ્ર રાજયના રાજકીય, સામાજિક આગેવાનો અને સરકારી અધિકારીઓને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે અને મોટી સંખ્યામાં મહાનુભાવો આ સમૂહ શાદીના કાર્યક્રમમાં હાજરી આપશે. સમગ્ર મુસ્લિમ સમાજમાં તમામ મોટા ગજાના આગેવાનો આ સમૂહ શાદીના મંચ ઉપર એક સાથે જોવા મળશે આગામી ૪ જૂનનો દિવસ અનેક પ્રકારે મુસ્લિમ સમાજ માટે ઐતિહાસિક બની રહેવાનો હોય ઉપસ્થિત રહેનાર હજારોની જનમેદની વ્યવસ્થા માટે તથા હાજર રહેનાર પરિવાર અને મહેમાનોને કોઈ તકલીફ ન પડે તે માટે નિકાહના દિવસે ૧૦૦૦ થી વધુ સ્વયંસેવકો વ્યવસ્થાની જાળવણી માટે ખડે પગે ઉભા રહેશે, મુસ્લિમ સમાજનાં મહિલા અગ્રણી પદ્મશ્રી હીરબાઈબેન લોબીનું આ તકે વિશેષ સન્માન કરવામાં આવશે. આ સમૂહ લગ્નમાં મુખ્ય મહેમાન તરીકે પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી ઉપસ્થિત રહેવાના હોય તંત્ર દ્વારા પણ પ્રોટોકોલ મુજબની તૈયારી શરૂ કરી દેવામાં આવી છે. આ તકે મુસ્લિમ એકતા મંચના પ્રણેતા ઈમ્તિયાઝભાઈ પઠાણે જણાવ્યું હતું કે, મુસ્લિમ સમાજના ગરીબ અને મધ્યમ વર્ગના પરિવાર ખોટા ખર્ચથી બચી રહે અને તેઓ પણ અન્ય પરિવારો જેમ નિકાહનો અવસર માણી શકે તે માટે આ સમૂહ શાદીનું આયોજન કરવામાં આવ્યું છે. આ તકે તેમનો મુખ્ય પ્રયાસ આવનારા સમયમાં સતત આ પ્રકારના આયોજનોને દ્વારા તેઓ સમાજને એક બનાવવાના તેમના લક્ષ્યમાં આગળ વધતા રહેશે.

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એક્સચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
MI-GL
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૯૫૦૦ થી શરૂ
Kelvinator
બીના ઈલેક્ટ્રોનિક્સ
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.પી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માપસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

શ્રી પ્રેમાનંદ સ્કૂલ
Standard-11th
SCIENCE | COMMERCE | ARTS
ગુજરાતી માધ્યમ 94296 75222
English Medium 94288 87746

| સાયન્સ વિભાગ | | કોમર્સ વિભાગ | |
|---|---|---|---|
| ૯૦%+..... | 100% સ્કોલરશીપ | ૮૫%+..... | 100% સ્કોલરશીપ |
| ૮૦%+..... | ૫૦% સ્કોલરશીપ | ૮૩%+..... | ૫૦% સ્કોલરશીપ |
| ૭૫%+..... | ૨૫% સ્કોલરશીપ | ૮૦%+..... | ૧૦% સ્કોલરશીપ |

ધોરણ-૧૧ આર્ટસમાં પ્રવેશ મેળવનાર તમામ વિદ્યાર્થીઓને ૧૦% સ્કોલરશીપ આપવામાં આવશે.
ગર્લ્સ તથા બોયઝ માટે અલગ-અલગ હોસ્ટેલ સુવિધા ઉપલબ્ધ છે.
બિલનાથ મંદિર પાસે, વંથલી રોડ, જૂનાગઢ. મો. 94296 77700-76000 83939